પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૭–૯–૨૦૨૪, મંગળવાર
વર્ષઃ ૧૩, અંક : ૧૬૦

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

આપતાં આવડે તેને જ મળે... એ પછી સુખ હોય કે સમય.. પ્રેમ હોય કે માન.. હૂંફ હોય કે સાથ...

**રાજકોટ સહિત ૭ શહેરોમાં ક્લાઈમેટ રેસિલિયન્ટ સિટી એક્શન પ્લાનનું લોન્ચીંગ**
(વાંચો અંદરના પાને)

### દિલ્હી બેઠા બેઠા પણ વડાપ્રધાનની નજર સતત ગુજરાત ઉપર

# રાજ્યમાં સરકાર અને સંગઠનની તૃટીઓ બદલ મોદીએ નેતા- અધિકારીઓના લીધા કલાસ

## રાજભવનમાં વડાપ્રધાન મોદીની સિનિયર મંત્રીઓ, પાર્ટીના પ્રદેશ નેતાઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકઃ અતિવૃષ્ટિ પછીની સ્થિતિ અંગેનો રિપોર્ટ પણ માંગ્યો

### ભ્રષ્ટાચારની ફરિયાદોમાં તત્કાલ કડક પગલાં લેવા તાકીદ

સૂત્રો પાસેથી એવું જાણવા મળ્યું હતું કે રાજ્યમાં ભ્રષ્ટાચારની ફરિયાદોમાં તત્કાલ કડક પગલાં લેવા વડાપ્રધાન મોદીએ તાકીદ કરી છે. પૂર અસરગ્રસ્તોને સમયસર રાહત સહાય મળે અને સ્થિતિ ઝડપથી પૂર્વવત્ થાય તેવી તાકીદ અધિકારીઓને કરી છે. ગુજરાતમાં આવનારા દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે. ત્યારે વડાપ્રધાન મોદીએ સરકાર અને સંગઠન વચ્ચે સંકલનમાં રહીને કામ કરવાની તાકીદ કરી છે.

### ટૂંક સમયમાં કેબિનેટનું વિસ્તરણ થવાના એંધાણ

વડાપ્રધાને કેબિનેટના વિસ્તરણ અને નવા પ્રદેશ પ્રમુખની વરણી અંગે મુખ્યમંત્રી અને કાર્યકારી પ્રદેશ પ્રમુખ સાથે પરામર્શ કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. એવી હૈયાધારણ આપી હોવાનું કહેવાય છે કે તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે મંત્રણા કરીને બને તેટલી ઝડપથી નવા પ્રદેશ પ્રમુખની વરણી અંગે વિચારણા કરાશે.

**અબતક, ગાંધીનગર**

દિલ્હી બેઠા બેઠા પણ વડાપ્રધાનની નજર સતત ગુજરાત ઉપર હોય તેમ રાજ્યમાં સરકાર અને સંગઠનની તૃટીઓ ગણાવીને મોદીએ નેતા- અધિકારીઓના કલાસ લીધા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.ઉપરાંત (અનુ. આઠમા પાને)

### નવા પ્રદેશ પ્રમુખની વરણીને લઈને પણ વડાપ્રધાને કરી ચર્ચા

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ ગુજરાત ભાજપનો હવાલો પણ સંભાળી રહ્યાં છે ત્યારે પાર્ટીમાં એક વ્યક્તિ એક હોદ્દાનો અમલ કરવા ગણગણાટ વધી રહ્યો છે. તે જોતાં હાઇકમાન્ડ ગુજરાતનો મામલો હાથ પર લઈ શકે છે. કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓમાં રાજ્યના વહીવટી તંત્રને મોદીએ સ્પષ્ટ કેટલાક નિર્દેશો આપ્યા છે.

# નમો @74



(વિશેષ અહેવાલ વાંચો પાનાનં. ૧૦)

### ચા વાળાથી લઈ વૈશ્વિક નેતા સુધીની સફર ઉપરાંત તેઓની આ ઉંમરે પણ કામ પ્રત્યેની ધગસ અને ફિટનેસ દેશવાસીઓ માટે પ્રેરણારૂપ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આજે એટલે કે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ૭૪મો જન્મદિવસ છે. પીએમ મોદીના જન્મદિવસને ખાસ બનાવવા માટે દેશભરમાં અનેક સંસ્થાઓ દ્વારા મોટા પાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘથી લઈને ભાજપ સુધી ગુજરાતના મુખ્યમંત્રી કેવી રીતે બન્યા અને પછી ૨૦૧૪માં પ્રધાનમંત્રીની ખુરશી સુધી પહોંચ્યા, આ એક લાંબી યાત્રા છે. તેઓની રાજકીય યાત્રા (અનુ. આઠમા પાને)

# ન્યુયોર્કમાં સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ દીવાલોમાં મોદી વિરોધી લખાણ લખાયા

## ૨૨ સપ્ટેમ્બરે યોજાનાર મોદીના કાર્યક્રમથી માત્ર ૨૮ કિમિ જ દૂર બની ઘટનાઃ ભારતીય કોન્સ્યુલેટે ગુનેગારો સામે કાર્યવાહી માટે અમેરિકન સત્તાવાળાઓ સમક્ષ મામલો ઉઠાવ્યો

**અબતક, નવી દિલ્હી**

અમેરિકામાં હિંદુ મંદિર પર હુમલાની નવી ઘટના સામે આવી છે. જેમાં ન્યૂયોર્કના સ્વામિનારાયણ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. મેલવિલેમાં આવેલા આ મંદિરમાં તોડફોડ ઉપરાંત દીવાલો ઉપર અપશબ્દો અને મોદી વિરોધી લખાણ લખવામાં આવ્યું છે.

ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે મંદિરની તોડફોડની આકરી નિંદા કરી છે અને તેને ઘૃણાસ્પદ કૃત્ય ગણાવ્યું છે. આ સાથે ગુનેગારો સામે કાર્યવાહી માટે અમેરિકન સત્તાવાળાઓ સમક્ષ મામલો ઉઠાવવામાં આવ્યો છે. ભારતીય કોન્સ્યુલેટે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, ‘‘મેલવિલે, ન્યૂયોર્કમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં (અનુ. આઠમા પાને)



### તોડફોડ પાછળ ખાલીસ્તાનીઓનો હાથ હોવાની શંકા

હિંદુ અમેરિકન ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુગહ શુક્લાએ ટ્વિટર પર લખ્યું, ‘‘જે લોકો ચૂંટાયેલા નેતા પ્રત્યે તેમની નફરત વ્યક્ત કરવા માટે હિંદુ મંદિર પર હુમલો કરશે તેમની સંપૂર્ણ કાયરતા સમજવી મુશ્કેલ છે.‘‘ આ હુમલાને હિંદુ અને ભારતીય સંસ્થાઓ સામે તાજેતરની ધમકીઓના સંદર્ભમાં જોવું જોઈએ. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ તાજેતરમાં હિન્દુ અને ભારતીય સંસ્થાઓને ધમકી આપતો વીડિયો શેર કર્યો હતો. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને ન્યૂયોર્કમાં તોડફોડની ઘટના અને કેલિફોર્નિયા અને કેનેડામાં મંદિરો પરના હુમલા વચ્ચે સમાનતા દર્શાવી છે.

# કેજરીવાલનું રાજીનામુંઃ હવે દિલ્હીના મુખ્યમંત્રી બનશે આતિશી માર્લેના

## અંતે સસ્પેન્સ ઉપરથી પડદો હટ્યો, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દળની બેઠકમાં નવા સીએમના નામની જાહેરાત

**અબતક, નવી દિલ્હી**



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સાંજે રાજીનામુ ધરી દીધું છે તો બીજી તરફ દિલ્હીના નવા મુખ્યમંત્રી કોણ હશે તેના ઉપરથી પણ પક્ષે પડદો હટાવી લીધો છે. આતિશી માર્લેનાને દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યા છે. અરવિંદ કેજરીવાલે આજે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આતિશીના નામની જાહેરાત કરતા દિલ્હીના પરિવહન મંત્રી ગોપાલ રાયે કહ્યું- અમે મુશ્કેલ સંજોગોમાં આ નિર્ણય લીધો છે. કેજરીવાલની ઈમાનદારી પર કાદવ ઉછાળવામાં આવ્યો. જ્યાં સુધી જનતા તેમને પસંદ નહીં કરે ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે નહીં.

૧૩ સપ્ટેમ્બરે દારૂ નીતિ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ કેજરીવાલે ૧૫ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પદ છોડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ’હવે જનતાએ નક્કી કરવું જોઈએ કે હું ઈમાનદાર છું કે બેઈમાન. જો જનતા એ ડાઘ ધોઈ નાખશે અને વિધાનસભાની ચૂંટણી જીતશે તો હું ફરીથી ખુરશી પર બેસીશ.

### સાચા સીએમ કેજરીવાલ જ, તેમને ફરીથી ખુરશી ઉપર બેસાડવાનો મારો ધ્યેયઃ પટનામીત સીએમ આતિશી

આતિશીએ કહ્યું- ’હું મારા ગુરુ અરવિંદ કેજરીવાલ જીનો આભાર માનું છું, જેમણે મને આટલી મોટી જવાબદારી આપી. મને અભિનંદન ન આપો, મને હાર પહેરાવશો નહીં, મારા અને દિલ્હીના લોકો માટે આ દુઃખદ ક્ષણ છે કે મારા પ્રિય મુખ્યમંત્રી રાજીનામું આપશે. કેજરીવાલ જ સાચા મુખ્યમંત્રી છે. તેઓને ફરીથી મુખ્યમંત્રીની ખુરશી ઉપર બેસાડવાનો જ મારો ધ્યેય છે.

### ૨૬ અને ૨૭મીએ વિધાનસભાનું સત્ર બોલાવાયું

આતિશી સીએમ બન્યા બાદ કેજરીવાલે સાંજે સાડા ચાર વાગ્યે લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) વિનય સક્સેનાને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. નવી સરકાર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. દિલ્હી સરકારે ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે બે દિવસનું વિધાનસભા સત્ર બોલાવ્યું છે.

### ૯ વર્ષ પૂર્વે આપમાં થયેલા વીદ્રોહ વખતે આતિશીએ કેજરીવાલનો સાથ આપ્યો હતો

આતિશી પ્રથમ વખત જ ચાલુ ટર્મમાં ધારાસભ્ય બન્યા છે અને ૨૦૨૩માં મંત્રી બન્યા હતા. એક સમયે તેઓ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણના નજીક હતા, તેમણે ૨૦૧૫ના આમ આદમી પાર્ટીના સૌથી મોટા વિદ્રોહમાં ’યુ-ટર્ન’ લઈને કેજરીવાલનો વિશ્વાસ જીતી લીધો હતો. ૨૦૧૨માં બનેલી પાર્ટીને માત્ર ત્રણ વર્ષ બાદ જ મોટા ભૂકંપનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટીના બે દિગ્ગજ નેતાઓ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણની પાર્ટી સુપ્રીમો અરવિંદ કેજરીવાલ સાથે ઘર્ષણ થયું હતું. પાર્ટીના આ બળવા દરમિયાન આતિષીને પાર્ટીના પ્રવક્તા પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. તેનું કારણ એ હતું કે તેઓ યોગેન્દ્ર યાદવના નજીકના ગણાતા હતા. એવું કહેવાય છે કે યાદવ જ તેમને આમ આદમી પાર્ટીમાં લઈ આવ્યા હતા તે સમયે આતિશીએ એક નિર્ણાયક નિર્ણય લીધો હતો જે ૯ વર્ષ પછી તેમના માટે માસ્ટરસ્ટ્રોક સાબિત થયો હતો. આતિશીએ પત્ર લખીને યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણથી પોતાને દૂર કરી હતી. ત્યારબાદ તેણીએ કેજરીવાલના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને પક્ષ માટે કામ કરવાનું ચાલુ રાખ્યું. ધીમે ધીમે તેણે કેજરીવાલનો વિશ્વાસ જીતી લીધો. ૨૦૨૦માં તેમને કાલકા જી સીટ પરથી પહેલીવાર વિધાનસભાની ટિકિટ આપવામાં આવી હતી. ચૂંટણી જીતીને તે વિધાનસભા પહોંચી હતી. મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈને જેલમાંથી રાજીનામું આપ્યા બાદ આતિશીને કેજરીવાલની કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા હતા. કેજરીવાલે તેમને શિક્ષણ અને વીજળી સહિત ૧૮ વિભાગોની જવાબદારી સોંપી.






# સર્જનાત્મક ચિંતન દ્વારા જ બાળક આત્મનિર્ભરતા અનુભવે

## સર્જનાત્મક ચિંતન એ એક પ્રક્રિયા છે, જેનો ઉપયોગ આપણે નવા વિચારોનું નિર્માણ કરવા માટે કરીએ છીએ : દરેક બાળકોમાં છૂપી કલાઓ પડી જ હોય છે, તેને ઉજાગર એક શિક્ષક જ કરી શકે છે

### નાનું કે મોટું બાળક સર્જનાત્મક ચિંતન કરતું જ હોય છેઃ દરેક બાળકને કંઈક નોખું અને અનોખું કરવું જ હોય છે, આપણે તેને પ્રેરણા આપવાની જરૂર છે

કંઈક નવું કરવું એટલે સર્જન કરવું, શિક્ષણની અંદર સર્જનાત્મક ચિંતન ખૂબ જ જરૂરી છે. શિક્ષણની સાથે સાથે બાળકમાં લાઈફ સ્કિલનો વિકાસ થાય તેવું આયોજન શાળા કક્ષાએ સંચાલકોએ અને શિક્ષકોએ કરવું જોઈએ. દરેક બાળકમાં કંઈકને કંઈક સુષુપ્ત કલાઓ પડી જ હોય છે, આપણે તેને ઉજાગર કરવાની હોય છે. બાળકના પૂર્ણ વિકાસ માટે પણ સર્જનાત્મક ચિંતન ખૂબ જ જરૂરી છે. સર્જનાત્મકતાની પ્રક્રિયા એ ધ્યાનપૂર્વકની કે સતત ચાલતી પ્રક્રિયા છે. આ સ્કિલથી બાળક જાતે નવી વસ્તુ નિર્માણ કરે છે


આપણું મગજ એક સ્વયંસંચાલિત વ્યવસ્થા છે, તેમાં નવા વિચારોનો ઉદ્ભવ અચાનક, ધ્યાનપૂર્વક કરાતી ગોઠવણી દ્વારા કે સતત ચાલતી ચિંતન પ્રક્રિયા દ્વારા થાય છે. બાળકોના સર્વાંગી વિકાસમાં જીવન કૌશલ્યોનો વિશેષ ફાળો છે. સર્જનાત્મક ચિંતન કે ક્રિએટીવ થીંકીંગ તેના જીવનમાં ડેવલપમેન્ટ માટે મહત્વનો રોલ અદા કરે છે. બાળકો ઘર-પરિવાર શાળા સંકુલ કે સમોવડીયા સાથે આખો દિવસ રહે છે, વાતચિત કરે છે તે જોવે છે જેના આધારે તે સતત ચિંતન કરે છે આમ કેમ? આમ કેમ નહીં? દરેક બાળકમાં સર્જનાત્મક શકિત પડેલી જ હોય છે. આપણે કે તેના શિક્ષકોએ માર્ગદર્શન આપીને ઉજાગર કરવાની હોય છે.

નાનુ કે મોટું બાળક સર્જનાત્મક ચિંતન કરતું જ હોય છે. તેને કંઈક નવું ને કંઈક અનોખુ કરવું છે. આ માટે વિવિધ દ્રષ્ટિકોણથી વિચારતો થાય છે અને પછી તે નિર્માણ કરવા પ્રેરાય છે. પછી ભલે કાગળમાંથી નાની હોડી જ બનાવે પણ નવું કરે છે. ઘણીવાર તેમને અચાનક જ વિચાર આવે ને તે સર્જન કરે છે. ઘણીવાર વાંચનને કારણે વિચારોમાં બદલાવ આવવાથી પણ તેના સર્જનાત્મક વિચારો વેગ પકડે છે. બાળકોનું મગજ સતત ચાલતુ જ હોય છે ને તેનામાં જિજ્ઞાસા વૃત્તિ પણ પ્રબળ હોય છે તેથી કદાચ તે નવા નવા વિચારો થકી નવું નવું કરવા પ્રેરાય છે.

બાળકોમાં વિવિધ છૂપી કલાઓ પડી જ હોય છે તેને ઉજાગર શિક્ષક કરી શકે છે. સંગીત, ચિત્ર, ગાયન વિગેરે જેવી તેમનામાં પડેલી કલા સર્જનાત્મક ચિંતનને કારણે તે એ તરફ રસ રૂચીને વલણોથી જોડાયા છે.

બાળકના પૂર્ણ વિકાસ માટે પણ આ સર્જનાત્મક ચિંતનનો વિકાસ કરવો જરૂરી છે. ઘણીવાર આ કૌશલ્યના વિકાસ સાથે બીજા કૌશલ્યોનો વિકાસ આપમેળે થવા લાગે છે. આ બધાને કારણે બાળક આત્મ નિર્ભરતા અનુભવે છે. ઘણા બાળકોની કલ્પનાશકિત સાથે મૌખિક અભિવ્યકિત ખુબ જ સારી હોવાથી તે કોઈપણ વસ્તુને સારી રીતે સમજાવી શકે છે. જીવન કૌશલ્યનો વિકાસ જ તેમને સારા નરસાની પરિભાષા સમજાવે છે. શિક્ષકે વર્ગખંડમાં જ એવું વાતાવરણ નિર્માણ કરવું કે બાળકો મુકતપણે તેના વિચારો રજુ કરી શકે.

જો કોઈ વ્યકિતમાં સર્જનાત્મકતા ન હોય તો તે કૌશલ્યને પ્રક્રિયા કે ચિંતન દ્વારા વિકાસાવી શકાય છે. સર્જનાત્મકતા ત્યારે જોવા મળે છે જયારે કોઈ વ્યકિત કોઈ વસ્તુનુ નિર્માણ શોધ કરે, જે પહેલા અસ્તિત્વમાં ન હોય, તેની જાણ બહાર બીજી કોઈ જગ્યાએ અસ્તિત્વ ધરાવતી હોય, કોઈ વસ્તુના ઉત્પાદન માટે નવી પદ્ધતિનું નિર્માણ કરે કે તે પદ્ધતિને નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરે, બીજી કોઈ વ્યકિતના કોઈ ચોકકસ વસ્તુને જોવાના દ્રષ્ટિકોણ કરતાં અલગ પ્રકારે તે વસ્તુને તે જુએ, સર્જનાત્મકતા એ વિશ્વમાં કોઈ નવી વસ્તુનું નિર્માણ, શોધ કરવું તે નથી, પરંતુ, તે આપણે અંદર (મગજમાં) કોઈ નવીન વસ્તુનુ નિર્માણ કરવું તે છે.



સર્જનાત્મક ચિંતન એ એક પ્રક્રિયા છે, જેનો ઉપયોગ આપણે નવા વિચારોનું નિર્માણ કરવા માટે કરીએ છીએ. મગજમાં હયાત વિચારોના ઉપયોગ દ્વારા નવા વિચારનું નિર્માણ થાય છે. આ પ્રક્રિયામાં બે કે તેથી વધુ વિચારોને સાંકળીને નવા વિચારનું નિર્માણ કરવામાં આવે છે. આપણું મગજ એક સ્વસંચાલિત વ્યવસ્થા છે. તેમાં નવ વિચારોનો ઉદ્ભવ અચાનક, ધ્યાનપૂર્વક કરાતી ગોઠવણી દ્વારા કે સતત ચાલતી ચિંતન પ્રક્રિયા દ્વારા થાય છે. આમ, સર્જનાત્મકતાની પ્રક્રિયા એ ધ્યાનપૂર્વકની કે સતત ચાલત કે અચાનક સર્જાતી પ્રક્રિયા છે. જેમાં ધ્યાનપૂર્વક વિચારોને સાંકળવામાં આવે છે જે સામાન્ય રીતે કયારેય પહેલા વિચારેલ ન હોય, દા.ત.બાળકો પોતાના સર્જનાત્મક ચિંતન દ્વારા સામાન્ય કાગળમાથી વિવિધ પ્રકારનાં સર્જનો કરતાં હોય છે. જેમ કે, કાગળની હોડી, પક્ષી, ટોપી વગેરે સર્જનાત્મક ચિંતન વ્યકિતને સામાજીક, પ્રેમાળ અને પ્રમાણિક બનાવવામાં મદદ કરે છે. કારણ કે સર્જનાત્મક ચિંતન એ ઉમદા પ્રકારની સર્જનાત્મક શકિત ઉપજાવે છે.

સર્જનાત્મક ચિંતન પ્રક્રિયામાં રમૂજ અને રમતગમત દ્વારા બાળક અવનવું શીખે છે, તેઓમાં જડતાનો અભાવ હોયે અને તેઓ પાસે ઘણું સારું સર્જન કરવાની આવડત હોય છે. સર્જનાત્મક ચિંતનના લક્ષણ વગર બાળક એકલતા અનુભવે છે. તે ઓછું રમતિયાળ, વધુ તનાવગ્રસ્ત અને નિરાશા અનુભવતું બને છે. જયારે સર્જનાત્મક ચિંતન કરનાર બાળકો વધુ અસરકારક બુધ્ધિનો આનંદ અનુભવે છે અને અનુભવો સાથે મોકળા મનથી વર્તે છે. આ કૌશલ્ય બાળકોને વિકાસશીલ વ્યકિતઓ બનાવવા માટે જરૂરી છે. તે માત્ર કળાના ક્ષેત્રની જ જરૂરીયાત નથી પરંતુ દરેક ક્ષેત્રમાં વ્યકિતના પૂર્ણ વિકાસ અને વિકાસની પ્રક્રિયાને સતત કાર્યશીલ રાખવા માટે જરૂરી છે. તે વ્યકિતને મુકત રીતે વિચારતા કરે છે અને તેનામાં સારી ટેવો વિકસાવે છે. માટે જ દરેક માતા-પિતાની અને શિક્ષકની જવાબદારી છે, કે તે બાળકમાં આ કૌશલ્યના વિકાસ માટે તેમને મદદ કરે,

### વિદ્યાર્થી વર્ગખંડમાં મુકતપણે વિચારો રજુ કરી શકે એવું વાતાવરણ નિર્માણ કરો

શિક્ષકે વર્ગખંડમાં એવું વાતાવરણ નિર્માણ કરવું જોઈએ જેથી, વિદ્યાર્થીઓ તેમના વિચારો વર્ગખંડમાં મુક્તપણે દર્શાવી શકે. બાળકના રસ, રૂચી અને વલણ પ્રમાણે જો તેને વિકાસ કાર્યમાં જોડી શકાય તો સૌથી શ્રેષ્ઠ બાબત ગણી શકાય. અભ્યાસમાં નબળો બાળક ઘણીવાર ઘણા બધા કૌશલ્યમાં ખૂબ જ નિપુણ હોય છે, આવા બાળકોને શિક્ષકે વિશેષ કાળજી લઈને તેનો સર્વાંગી વિકાસ કરવો જોઈએ.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

શિક્ષકે વર્ગમાં એવું વાતારણ ઊભુ કરવું જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ તેમના વિચારો વર્ગમાં મુકતપણે દર્શાવી વર્ણવી શકે, વિદ્યાર્થીઓને સર્જનાત્મક કાર્ય કરવા માટે પ્રોત્સાહન પુરૂ પાડવું જોઈએ, જેથી તેઓ પોતાની મુકત વિચારધારા પ્રાપ્ત કરે, કોઈપણ પરિસ્થિતિ કે સમસ્યાના ઉકેલ બાળકો પાસેથી મેળવવા, જેમાં તેમને તેના ઉકેલ માટેના જુદા જુદા વિકલ્પો વિશે વિચારવા પ્રોત્સાહિત કરવા જોઈએ, ઉપરાંત તેમને વકતત્વ સ્પર્ધામાં ચર્ચામાં ભાગ લેવા પ્રોત્સાહન આપવું, જેથી તેઓમાં જુદા જુદા દ્રષ્ટિકોણનો વિકાસ થાય.આમ, બાળકના પૂર્ણ વિકાસ માટે સર્જનાત્મક ચિંતન કૌશલ્યનો વિકાસ કરવો જરૂરી છે. આ કૌશલ્યના વિકાસની સાથે સાથે બીજા જીવન કૌશલ્યો જેવા કે વિવેચનાત્મક ચિંતન, સમસ્યાનો ઉકેલ, નિર્ણય શકિત જેવા કૌશલ્યોનો વિકાસ પણ શકય બને છે. જેના દ્વારા બાળક આત્મનિર્ભરતા અનુભવે છે.

---


# સિલ્વર ઓક યુનિ. દ્વારા યોજાયો સુપરકમ્પ્યુટિંગ વર્કશોપ

## વર્કશોપમાં વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાને ટેકનોલોજી સાથે સંકલીત કરવા માર્ગદર્શન અપાયું

**અબતક, રાજકોટ**

સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જીન્યરીંગ એન્ડ ટેક્નોલોજી ના કોમ્પ્યુટર એન્જીન્યરીંગ વિભાગે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન સાથે સંલગ્ન થઈ વાણી ઈનિશિયેટીવ અંતર્ગત , ગુજરાતીમાં સુપરકમ્પ્યુટિંગઃ ભાષા અને ટેકનોલોજીનું સશક્તિકરણ વિષય પર બે દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું જેમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ઈન્ડસ્ટ્રી પ્રોફેશનલ્સ જોડાયા હતા. ભારતની પ્રાદેશિક ભાષાઓ અને ટેકનોલોજીના સમન્વયને સાર્થક કરતા આ દ્રષ્ટિકોણને સાકાર કરવાની દિશામાં એક ઉમદા પહેલ છે .આ વર્કશોપ નો મુખ્ય હેતુ ગુજરાતી ભાષાને ટેકનોલોજી સાથે સંકલિત કરવા અને સુપરકમ્પ્યુટિંગના ક્ષેત્રમાં ગુજરાતી ભાષાના વિકાસમાં તેની ભૂમિકાને મજબૂત બનાવવાનો હતો.

કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી જેમાં સિલ્વર ઓક યુનિવર્સિટીના મેનેજમેન્ટ ગણની પ્રેરક હાજરી હતી. સિલ્વર ઓક યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર, ડો. પિના ભટ્ટે, વિદ્યાર્થીઓને માતૃભાષાના મહત્વ સમજાવતા કહ્યું હતું કે ગુજરાતી આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે અને તેને પ્રોત્સાહન આપવા આ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.



બે દિવસીય વર્કશોપમાં એક્સપર્ટસ તરીકે ડો. અમિત ઠક્કર,ડો.ઉત્તમ ચૌહાણ ,ડો.હરિકૃષ્ણ જેઠવાની પ્રેરક હાજરી રહી હતી. સુપરકમ્પ્યુટિંગ આર્કિટેક્ચર્સ અને પ્રોગ્રામિંગ મોડલ્સ, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, આર્ટિફિશ્યલ ઈમોશનલ ઈન્ટેલિજન્સ જેવા વિષયો પર પ્રકાશ પાડી અને તેના વિષે વિસ્તૃત માહિતી આપી હતી.ઈલેક્ટ્રોમેક ક્લાઉડટેક પ્રાઈવેટ લિમિટેડ અને ક્લાઉડકિડા પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને કમ્યુનિટી હીરો એવા નિલેશ વાઘેલા ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ તરીકે હાજર રહ્યા હતા અને સૌને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ વિશે માહિતગાર કર્યા હતા.આ બે દિવસના વર્કશોપમાં વિદ્યાર્થીઓને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ જોબ શેડ્યુલિંગ સિસ્ટમ્સ, પ્રોગ્રામિંગ ફોર , ગુજરાતી ભાષા પ્રોસેસિંગ અને ટેકનોલોજી, કેસ સ્ટડીઝ અને અન્ય સંબંધિત ક્ષેત્રોમાં જ્ઞાન પીરસવામાં આવ્યું હતું.

---

## અબતક પંચાગ

### તા.૧૮-૯-૨૦૨૪ બુધવાર

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | ભાદરવા શુદ્ધ પુનમ એકમનો ક્ષય એકમનું શ્રાધ્ધ |
| **નક્ષત્ર** | પૂર્વાભાદ્રા |
| **યોગ** | ગંડ **કરણઃ** બાલવ |
| **સુર્યોદય** | ૬.૩૬ **સુર્યાસ્તઃ** ૬.૪૭ |
| **ચંદ્ર રાશી** | મીન |
| **રાશિ અક્ષર** | દ.ચ.ઝ.થ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૬ થી ૧.૦૪ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૫૫ | ૧૪૦૦ | ૨૨૫૦ |
| બટેટા | ૨૭૬૦ | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૮૩૫ | ૩૫૦ | ૯૯૫ |
| ટમેટા | ૭૨૬ | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૫૦ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| કોથમરી | ૧૪૩ | ૨૨૦૦ | ૩૦૦૦ |
| મુળા | ૧૭ | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૪૫ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૩૭૫ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૪૮૦ | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૭૫ | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૩૮૯ | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૭૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૧૩ | ૮૦૦ | ૧૪૦૦ |
| ટીંડોળા | ૮૦ | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૪૩૮ | ૧૨૦ | ૨૫૦ |
| કારેલા | ૧૭૦ | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૩ | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૩૩૦ | ૩૫૦ | ૫૫૦ |
| પરવર | ૪૫ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૨૮૫ | ૩૩૦ | ૫૨૦ |
| ગાજર | ૧૯૦ | ૩૦૦ | ૫૬૦ |
| કંટોળા | ૧૧ | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૩૫ | ૨૫૦ | ૪૫૦ |
| બીટ | ૪૧ | ૩૫૦ | ૫૦૦ |
| મેથી | ૩૨ | ૩૦૦૦ | ૫૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૦ | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૧૦ | ૯૦૦ | ૧૪૫૦ |
| મરચા લીલા | ૩૮૫ | ૫૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૧૦ | ૪૦૦ | ૭૦૦ |
| મકાઈ લીલી | ૨૬૦ | ૧૫૦ | ૩૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૯૦૦ | ૧૫૦૦ | ૧૭૦૫ |
| ઘઉં લોકવન | ૮૦ | ૫૪૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૧૦૦૦ | ૫૪૫ | ૬૨૪ |
| જુવાર સફેદ | ૫૦ | ૭૨૧ | ૮૦૫ |
| બાજરી | ૪૫ | ૪૩૦ | ૪૭૦ |
| તુવેર | ૫૦ | ૧૩૯૧ | ૨૦૯૦ |
| ચણા પીળા | ૬૮૦ | ૧૨૬૦ | ૧૪૩૫ |
| ચણા સફેદ | ૧૭૦ | ૨૪૬૦ | ૨૯૦૦ |
| અડદ | ૭૦ | ૧૩૫૦ | ૧૮૩૨ |
| મગ | ૨૦૦ | ૧૫૨૮ | ૧૭૩૬ |
| વાલ દેશી | ૪૦ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| ચોળી | ૨૦ | ૨૦૦૦ | ૩૧૦૦ |
| સીંગદાણા | ૩૦ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૦ | ૧૧૫૪ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૦૫૦ | ૧૩૪૪ |
| તલી | ૮૮૦ | ૨૦૪૦ | ૨૬૨૨ |
| સુરજમુખી | ૨ | ૭૦૨ | ૭૦૨ |
| એરંડા | ૩૦૦ | ૧૧૦૦ | ૧૨૧૯ |
| સુવા | ૭૫ | ૧૦૩૦ | ૧૫૧૫ |
| સોયાબીન | ૩૫૦ | ૮૪૨ | ૯૬૧ |
| સીંગફાડા | ૨૦૦ | ૯૫૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૧૨૫ | ૩૧૮૦ | ૩૬૮૯ |
| લસણ | ૪૫૦ | ૩૪૦૧ | ૫૫૧૫ |
| ધાણા | ૪૧૦ | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ધાણી | ૩૦૦ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| વરીયાળી | ૪૬૦ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૭૯૦ | ૪૩૮૦ | ૪૭૧૨ |
| રાય | ૨૫૦ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૩૦૦ | ૧૦૪૦ | ૧૪૦૧ |
| ઈસબગુલ | ૧૫ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| કલોંજી | ૧૦ | ૩૦૦૦ | ૩૫૬૧ |
| રાયડો | ૨૦૦ | ૧૦૨૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૧૬ | ૪૧૦૦ | ૫૧૪૫ |
| ગુવારનું બી | ૮૦ | ૧૦૧૦ | ૧૦૨૫ |

---

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૧૭-૦૯-૨૦૨૪ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગોળ કેરી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાઘી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોટેટો ટોનેડો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ વાસ્તુ જ્યોતિ
૦૪:૩૦ થી ૦૪:૪૦ દાંડિયા ધમાલ
૦૪:૪૦ થી ૦૫:૦૦ મનુ મોજીલો
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સામી સાંજ
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૯-૨૦૨૪ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## સૂડોકુ -૧૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | | ૧ |
| ૩ | | ૨ | | ૯ | ૮ | | | |
| | ૯ | | | ૬ | | | ૮ | ૭ |
| ૨ | | ૫ | ૭ | | ૪ | ૧ | ૬ | ૯ |
| | ૬ | | | | | ૫ | ૭ | |
| | | | | ૫ | | ૪ | ૩ | ૨ |
| | | | | | ૧ | | | |
| | ૨ | | | ૪ | ૫ | ૯ | | |
| ૧ | | | ૬ | | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૮ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ |

---

## આજનું રાશિફળ

### તા.૧૭.૯.૨૦૨૪ મંગળવાર, સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ ચતુર્દશી, શતતારા નક્ષત્ર, ધ્રુતિ યોગ, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે

**મેષ (અ,લ,ઈ)** : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ)** : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ)** : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારૂ રહે, ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ)** : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારૂ રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત)** : સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય)** : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : આધ્યાત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : વિલંબથી પણ તમને કાર્યમાં સફળતા મળે, અંતરાય દૂર થાય, જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ)** : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

## આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે કહેવાય નહિ!!

અગાઉ અત્રે લખ્યા મુજબ ગ્રહણની અસર વિશ્વ પર દેખાઈ રહી છે અને દિલ્હીથી લઈને કલકત્તા સુધી આંદોલન ને રાજકીય અધ્યાયો લખવાના શરુ થઈ ચુક્યા છે. શનિ કેતુ ષડાષ્ટક યોગ અદાલતી ચુકાદાઓને વિશેષ બનાવી રહ્યા છે અને એ મુજબ પરિસ્થિતિઓ આકાર લઈ રહી છે તો અકસ્માતોથી સાવધ રહેવા જેવો સમય પણ ગણી શકાય. ગ્રહોના રાજા સૂર્ય મહારાજ કન્યા રાશિમાં પ્રવેશી ચુક્યા છે જે રોગ સામે પ્રતિકારની શકિત આપે છે અને મેડિકલ સંશોધનને વેગ આપશે તો શત્રુ સામે સજ્જ થવાનો સમય પણ બતાવી રહ્યા છે!! જ્યોતિષની વાત કરીએ તો જન્મકુંડળી માટે સ્થળ વિશેષ મહત્વ ધરાવે છે અને તમારા નક્ષત્ર મુજબ જન્મસ્થળ કરવાના પ્રયોગ પણ ખુબ અસરકારક બને છે વળી તમે જે શહેરમાં જન્મ્યા છો ત્યાંની ઉર્જા પણ તમારી પર વિશેષ અસર કરનાર બને છે. ધ્યાનથી જોઈએ તો વ્યક્તિ જે શહેરમાં હોય છે તે મુજબ બનાવો પણ તેના જીવનમાં બનતા હોય છે અને શહેરની ઉર્જા તેને અમુક રીતે જીવવા માટે પ્રેરિત કરતી હોય છે જેમકે અમદાવાદ માં રહેતી વ્યક્તિ અને દિલ્હીમાં રહેતી વ્યક્તિ ના જીવન વચ્ચે ખાસ્સો ફેરફાર જોવા મળે છે જેમાં શહેરની ઉર્જા વિશેષ કામ કરતી હોય છે વિશ્વના કોઈ પણ શહેરને તેની પોતાની ઉર્જા હોય છે જો તે જે તે ઉર્જા વ્યક્તિની ઉર્જા સાથે મેચ થાય તો તે શહેર માં વ્યક્તિ ઉદય પામે છે અને એ ઉર્જા સાથે મેચ ના હોય તો ક્યારેક પ્રગતિ અટકતી જોવા મળે છે.!! (શીર્ષક પંક્તિ શ્રી રમેશ પારેખ)



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# મોદીનો ૭૪મો જન્મદિવસઃ સૌરાષ્ટ્રના અપાર પ્રેમે એક 'વૈશ્વિક નેતા'નો ઉદય કરાવ્યો

## એક સમયે મુરઝાઈ ગયેલા કમળને મોદીએ ગુજરાતની ધરા સંભાળ્યા બાદ સોળે કળાએ ખીલવી નાખ્યું



અબતક, રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૪મો જન્મદિવસ છે. સૌરાષ્ટ્રના મોદી પ્રત્યેના અપાર પ્રેમે વૈશ્વિક નેતા ઉદય કરાવ્યો છે. એક સમયે મુરઝાઈ ગયેલા કમળને મોદીએ ગુજરાતની ધરા સંભાળ્યા બાદ સોળે કળાએ ખીલવી નાખ્યું હતું. રાજકોટની બેઠક ઉપરથી જીત્યા બાદ મોદીએ ક્યારેય પાછું વળીને જોયું નથી.

રાજકોટ ધારાસભાની બેઠક ૨ હવે પશ્ચિમની બેઠકથી ઓળખાય છે. આ બેઠક ભાજપનો ગઢ ગણવામાં આવે છે. અહીંથી કોઇ પણ ઉમેદવાર ઉભો રહે એટલે કેસરીયો લહેરાય તે નક્કી જ હોય છે. નરેન્દ્ર મોદી પહેલી ચૂંટણી રાજકોટની આ બેઠક પર લડ્યા હતા અને જીત હાંસલ કરી હતી. બાદમાં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને હાલ વડાપ્રધાન છે. રાજકોટની આ સીટ લક્કી માનવામાં આવે છે.

આ બેઠક પર કર્ણાટકના ગર્વનર વજુભાઇ વાળા આ સીટ પરથી સતત જીતતા આવ્યાં હતા. આ બેઠક પરથી લડવા ભાજપના મોટાગજાના નેતા તલપાપડ હોય છે, આ બેઠક લક્કી માનવામાં આવે છે. અહીંથી જે ઉમેદવાર ઉભો રહે તો સીએમ સુધી પહોંચી શકે તેવી માન્યતાઓ છે અને એ સાચી પણ પડે છે. ૨૦૦૨ની સાલમાં મોદીનો જાદુ ગુજરાત પર છવાયો હતો. જેમાં મોદી મેજીક છવાયો હતો. સવાલ એ હતો કે તે મુખ્યમંત્રીના પ્રબળ દાવેદાર હતા. પરંતુ એક પણ વખત ધારાસભા લડ્યા નહોતા, મોદીને પણ ગુજરાતભરમાં રાજકોટની ૨ નંબરની બેઠક જ સેઈફ લાગી અને અહીંથી ચૂંટણી લડ્યા અને જંગી બહુમતીથી જીત્યા હતા અને સીધા મુખ્યમંત્રી બની ગયા હતા.

### મોદી ૧૪ હજારથી વધુ મતે વિજેતા બન્યા હતા

નરેન્દ્ર મોદી વર્ષો સુધી સંઘના પ્રચારક રહ્યા હતા. ૧૯૯૦ના દાયકામાં ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી હતા. ઓકટોબર ૨૦૦૧માં તેમને મુખ્યમંત્રી પદની જવાબદારી સોંપવામાં આવેલ. તે વખતે તેઓ વિધાનસભાના સભ્ય ન હતા. મુખ્યમંત્રી તરીકે ટકી રહેવા ૬ મહિનામાં વિધાનસભામાં ચૂંટાવુ અનિવાર્ય હતું. તે વખતે વજુભાઈ વાળાએ તેમના માટે રાજકોટ-૨ની બેઠક ખાલી કરતા પેટા ચૂંટણી આવી હતી. જેમાં મોદીએ ઉમેદવારી કરી હતી. ફેબ્રુઆરી ૨૦૦૨માં મુખ્યમંત્રી તરીકે તેઓ રાજકોટથી પેટાચૂંટણી લડી અને જીત હાંસલ કરી હતી. ઘણાને ચૂંટણી જીતાડવાનો તેમને અનુભવ હતો પરંતુ જિંદગીની પહેલી ચૂંટણી તેઓ રાજકોટમાં લડેલા અને ૧૪ હજારથી વધુ મતથી વિજેતા બન્યા હતા.

### મોદી એકમાત્ર બિન કોંગ્રેસી નેતા જેઓ સતત ત્રણ ટર્મ વડાપ્રધાન બન્યા

નરેન્દ્ર મોદી આઝાદી બાદ પહેલા એવા બિન કોંગ્રેસી નેતા છે જે સતત ત્રણ વખત વડાપ્રધાન બન્યા છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જ્યારે ભાજપે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદનો ચહેરો બનાવ્યો હતો ત્યારે મોદીએ દેશભરમાં પાર્ટી અને એનડીએ માટે વ્યાપક પ્રચાર કર્યો હતો. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે મોદી અને પાર્ટી સંગઠનની મહેનતનું જ પરિણામ હતું કે ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ૧૧૬ બેઠકો જીતનાર ભાજપ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૨૮૨ બેઠકોના આંકડા સુધી પહોંચી ગયું હતું. આ પછી ભાજપ પણ વિશ્વની સૌથી મોટી પાર્ટી બની ગઈ હતી.

## રાજકોટની બેઠક ઉપરથી જીત્યા બાદ મોદીએ ક્યારેય પાછું વળીને જોયું નથી

### મોદીની દીર્ઘદ્રષ્ટિથી ઘણા રાજ્યોમાં ભાજપની સરકાર બની

નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ભાજપે તમામ રાજ્યોમાં ખૂબ જ આક્રમક રીતે લડત આપી અને એક પછી એક અનેક ચૂંટણીઓ જીતી. પાર્ટીએ હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને ડાબેરી બહુમતીવાળા ત્રિપુરામાં પણ સરકાર બનાવી હતી. પૂર્વોત્તરમાં પણ ભાજપનો કાફલો સતત વધી રહ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે નરેન્દ્ર મોદીને પોતાનો ચહેરો બનાવ્યો હતો અને પાર્ટીએ ૩૦૩ બેઠકો જીતી હતી. ત્યારે ભાજપના આ પ્રદર્શને રાજકીય વિશ્લેષકોને પણ ચોંકાવી દીધા હતા. નરેન્દ્ર મોદીના કરિશ્માઈ નેતૃત્વને આની પાછળનું કારણ માનવામાં આવતું હતું.

### સર્જિકલ સ્ટ્રાઈકથી લઈને ૩૭૦ના અંત સુધી અનેક મોટા નિર્ણય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને છેલ્લા ૧૦ વર્ષમાં નોટબંધીથી લઇને બાલાકોટ એર સ્ટ્રાઇકથી લઇને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ખતમ કરવા સુધીના મોટા નિર્ણયો માટે યાદ કરવામાં આવે છે. મોદી સરકારે ત્રણ તલાકની પ્રથાને નાબૂદ કરવા માટે કાયદો બનાવ્યો. લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો અમલ પણ મોદી સરકારનો મોટો નિર્ણય માનવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકાર દ્વારા પીએમ જનધન યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, ઉજ્જવલા યોજના, પીએમ કિસાન સન્માન નિધિ, આયુષ્માન ભારત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી મુદ્રા લોન યોજના જેવી અનેક મોટી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. સરકારનો દાવો છે કે આ યોજનાઓથી દેશની જનતાને ઘણો ફાયદો થયો છે.

### ૨૦૦૧થી ૨૦૧૪ સુધી મોદી ગુજરાતના સીએમ રહ્યા

૨૦૦૧માં ભાજપે નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રી પદ સંભાળવા માટે કહ્યું હતું. મોદી ૨૦૧૪ સુધી આ પદ પર રહ્યા. નરેન્દ્ર મોદીએ ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી રહીને ભાજપને જીત અપાવી હતી. તેઓ આજે પણ ગુજરાતમાં ભાજપનો સૌથી મોટો ચહેરો છે, જેમના નામે પાર્ટીને ત્યાં વોટ મળે છે.

# દેશ માટે જીવીશ, ઝઝૂમીશ અને દેશ માટે ખપી જઈશઃ વડાપ્રધાન

## સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછીની ગુજરાતની પહેલી જ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની રાજ્યને ભેટ

### અમદાવાદ, ગાંધીનગર તથા ગિફ્ટ સિટી હવે મેટ્રોથી જોડાતાં રાજ્યના વિકાસને વધુ વેગ મળશે : મુખ્યમંત્રી



**અબતક રાજકોટ**

સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળ્યા પછી પહેલી વાર ગુજરાતના ત્રિ-દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

જનસભાને સંબોધતા પહેલાં વડાપ્રધાન લોકોની વચ્ચેથી પસાર થતાં જનમેદનીમાં હર્ષોલ્લાસ છવાયો હતો. વડાપ્રધાનએ હજારો લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.

'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભમાં વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, આજે દેશમાં ચારે તરફ ઉત્સવની ધૂમ છે. ઉત્સવના આ દિવસોમાં ભારતમાં વિકાસનું પર્વ પણ નિરંતર ઊજવાઈ રહ્યું છે. આજે ગુજરાતમાં રૂ. ૮૦૦૦ કરોડના પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું છે, જેમાં રોડ, રેલ, મેટ્રો જેવા અનેક પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ત્રીજીવાર વડાપ્રધાનના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે જીવનની દરેક શીખ મને આપી છે અને ગુજરાતનાં દરેક નાગરિકોએ હંમેશાં મારા પર પ્રેમ વરસાવ્યો છે. ગુજરાતમાં આવીને હર હંમેશની જેમ નવી ઊર્જા મળી છે, અને મારા જોમ તથા જુસ્સો પણ વધ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ૬૦ વર્ષ પછી દેશની જનતાએ નવો ઈતિહાસ રચ્યો છે. આ સરકારને સતત ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર આપ્યો છે. આ સરકારે દેશવાસીઓને ગેરંટી આપી હતી કે, ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં કેન્દ્ર સરકારે રાત-દિવસ જોયા વગર દેશના નાગરિકોની સેવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં રૂ. ૧૫ લાખ કરોડથી વધુની યોજનાઓ પર કામ શરૂ થયું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આજે નવા સંકલ્પ સાથે કામ કરતા નવા ભારતની વિદેશોમાં વાહવાહી થઈ રહી છે. આજે દુનિયા ભારત સાથે જોડાવા ઉત્સુક છે. દુનિયા ભારત અને ભારતીયોનું ખુલ્લા મનથી સ્વાગત કરે છે. ઘણી સમસ્યાઓના સમાધાન માટે આજે ભારતને યાદ કરવામાં આવે છે. ભારત તેજ ગતિથી વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. કલ્ચરથી લઈને એગ્રીકલ્ચર સુધી આજે ભારત દુનિયામાં ધૂમ મચાવી રહ્યું છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વડાપ્રધાનએ કહ્યું કે, ચૂંટણી દરમિયાન ત્રણ કરોડ નવા ઘરો બનાવવાની ગેરેંટી આપી હતી, તેના પર કામ થઈ રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે. ગામ અને શહેરની સુવિધાઓના વિકાસ પર કામ થઈ રહ્યું છે. ફેક્ટરીમાં કામ કરનાર લોકો માટે વિશેષ આવાસ તૈયાર કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, વર્કિંગ વિમેન માટે નવી હોસ્ટેલ પણ તૈયાર કરવામાં આવી રહી છે.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, થોડાક દિવસો પહેલા જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સ્વાસ્થ્યને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ૭૦ કે તેથી વધુની ઉંમરના તમામ લોકોને પાંચ લાખ સુધીની નિશુલ્ક સારવાર આપવાની ગેરંટી પૂરી કરવામાં આવી છે. છેલ્લા ૧૦૦ દિવસમાં યુવાનો માટે નોકરી, સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. યુવાનો માટે રૂ. ૨ લાખ કરોડનું પીએમ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનો ફાયદો ચાર કરોડથી વધુ યુવાનોને થવાનો છે.

દેશના ખેડૂતોના વિકાસ માટે સરકાર સતત પ્રયાસરત છે એમ જણાવતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તેલીબિયાં પકવનારા ખેડૂતોને એમએસપીથી પણ વધુ ભાવ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ, સરકારે વિદેશી તેલની આયાત પર ડ્યુટી વધારી છે. સોયાબીન અને સૂર્યમુખીની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે.

પાછલા ૧૦૦ દિવસમાં દેશમાં વંદે ભારત ટ્રેનોના વિકાસ વિશે વાત કરતા વડાપ્રધાન એ જણાવ્યું કે, દેશમાં વંદે ભારત ટ્રેનના નેટવર્કને ઝડપથી વિકસાવવામાં પાછલા ૧૦૦ દિવસમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. દેશમાં ૧૫થી વધુ રૂટ ઉપર નવી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે. ગત ૧૫ સપ્તાહમાં દરેક સપ્તાહમાં એક વંદે ભારત ટ્રેન દેશમાં શરૂ કરવામાં આવી છે. ૧૨૫થી વધુ વંદે ભારત ટ્રેન દેશમાં હજારો લોકોને બહેતર સફરનો અનુભવ કરાવશે, એમ તેમણે

(અનુ. આઠમા પાને)

**'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી. આર. પાટીલની પ્રોત્સાહક ઉપસ્થિતિ**

**અગલે બરસ તું જલ્દી આના... ના ભાવ સાથે સૌરાષ્ટ્ર ભરમાં**

# વાજતે - ગાજતે પાર્વતી પુત્રને જળ સમર્પિત કરી આપી "વિદાય"

**ગણેશ ચોથ થી જ ગણપતિ પંડાલોમાં સવાર સાંજની આરતી, સુંદરકાંડના પાઠ, સત્યનારાયણની કથા, રાસ ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક ડાયરા બટુક ભોજન અને ભોજન પ્રસાદ સહિત વિવિધ સ્પર્ધાઓ ના અનેકવિધ કાર્યક્રમો સાથે ઉજવાયેલા ગણેશ મહોત્સવના સમાપન વેળાએ ભાવિકોની આંખો ભીની થઇ**









**અબતક રાજકોટ**

વિઘ્નહર્તા દુંદાળા દેવ પાર્વતી પુત્ર ગણપતિ મહારાજ ને ભાવભર વિદાય આપવાની વેળાએ ભાવિકોની આખો ભીની ભીની થઈ જવા પામી છે ગણેશ ચોથ થી શરૂ થયેલા ગણેશ મહોત્સવ ના અંતિમ ચરણમાં દાદા ને વિદાય આપવામાં આવી રહી છે ઠેર ઠેર દિવસો સુધી બિરાજમાન ગણપતિ દાદા ના સાનિધ્યમાં ગણેશ મહોત્સવના પંડાલોમાં દરરોજ સવાર સાંજની આરતી, સુંદરકાંડના પાઠ ,સત્યનારાયણની કથા ,રાસ ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો ,ક્યાંક ક્યાંક લોકડાયરા ની રમઝટ ,બટુક ભોજન, મહાપ્રસાદ, અન્નકૂટ દર્શન ,વિવિધ પ્રકારની સ્પર્ધાઓ ના અનેકવિધ કાર્યક્રમ સાથે ઉજવાયેલા ગણેશ મહોત્સવ ના સમાપન તબક્કામાં દાદા ને જળ સમર્પિત કરવા માટે વિસર્જન યાત્રાઓ થી વાતાવરણ ધર્મમય બની રહ્યું છે રાજકોટ શહેરમાં આ વર્ષે ૨૦૦થી વધુ મોટા પંડાલ અને

હજાર એક નાના મોટા આયોજનોમાં દાદાની સ્થાપનાથી લઈને વિસર્જન યાત્રામાં હજારોની મેદની એ ભાવભર દાદાની આરાધના ઉપાસના કરી હતી.

જાહેર સલામતી અને વિસર્જન વેળાએ કોઈ અનિચ્છિય ઘટના બનાવ ન બને તે માટે વિસર્જન માટે ગાઈડ લાઈન અને તકેદારી સાથે વિસર્જનની વ્યવસ્થા ગોઠવવાનો તંત્રનો અભિગમ સરાહનીય અને સલામતી ભર્યું બન્યું છે

શહેરમાં આજીડેમ, ન્યારી ડેમ ,સહિતના આઠ જગ્યાએ વિસર્જન વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, ગણેશ મહોત્સવ ધાર્મિક આસ્થા સાથે સામાજિક સેવાનો પર્યાય બની રહ્યો હોય તેમ અનેક જગ્યાએ બ્લડ ડોનેશન કેમ્પ, વિના મૂલ્ય રોગ નિદાન કેમ્પ, બટુક ભોજન ગરીબ જરૂરિયાત મંદોને સાધન સહાય, સત્યનારાયણની કથા, જેવા કાર્યક્રમો સાથે દાદા ની આરાધના કરવામાં આવી હતી ,અગલે બરસ તું જલ્દી આના ના ભાવ સાથે શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પાર્વતી પુત્રને જળ સમર્પિત કરીને વિદાય અપાય રહી છે

# કલબ યુવીમાં પારિવારિક માહોલમાં ખેલૈયાઓ ગરબાની ધુમ મચાવશે

## સંસ્કારી, સુરક્ષીત અને ભકિતસભર નવરાત્રિ મહોત્સવના નવા રંગ રૂપ સાથે તડામાર તૈયારીઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં કલબ યુવી નવરાત્રી મહોત્સવનું અલગ અંદાઝથી ભવ્યાતિભવ્ય, અદભુત આયોજન કરવામાં આવે છે, ૧૫ વર્ષની સફળતા બાદ ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ ની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ૧૬ માં વર્ષો ખેલૈયાઓ ટ્રેડીશ્નલ ડ્રેસમાં નવરાત્રી મહોત્સવ માણે તે માટેનું સૌરાષ્ટ્રનું સૌથી મોટું આયોજન થયું છે. રાજકોટ શહેરમાં ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ પર શિલ્પન સાગાની બાજુમાં, કોકોનેટ પાર્ટી પ્લોટની સામે વિશાળ મેદાનમાં સમગ્ર નવરાત્રી મહોત્સવ યોજાશે

રાજકોટની ઉત્સવપ્રિય જનતામાં નવરાત્રીનું પારીવારીક આયોજન કરતી સંસ્થા કલબ યુવી મોખરાનું સ્થાન ધરાવે છે, રાજકોટના ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ પર કોકોનેટ પાર્ટી પ્લોટ સામે કલબ યુવી દ્વારા તા. ૩-૧૦-૨૪ થી ૧૧-૧૦-૨૪ દરમ્યાન રાજકોટના આંગણે પારીવારીક માહોલમાં યોજાનારા નવરાત્રી મહોત્સવની સમ્રગ પાટીદાર સમાજ દ્વારા એક પર્વ તરીકે ઉજવણી થશે. જગત જનનીની ઉપાસના માટે પ્રાચીન સંસ્કૃતીને ધબકતી રાખવા માટે કલબ યુવી દ્વારા સતત ૧૬ માં વર્ષો અનેરૂ આયોજન થઈ રહયુ છે.

અર્વાચીન રાસોત્સવ ક્ષેત્રે સૌરાષ્ટભરમાં આગવું નામ ધરાવતી ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવ નવા રંગ રૂપ સાથે કલબ યુવી નવરાત્રી મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે એડવાઈઝરી ડાયરેકટર્સ મૌલેશભાઈ ઉકાણી, સ્મિતભાઈ કનેરીયા, એમ.એમ.પટેલ, કાંતીભાઈ ઘેટીયા, બોર્ડ ઓફ ડાયરેકટરો બીપીનભાઈ બેરા, પ્રફુલભાઈ કાથરોટીયા, સુરેશભાઈ ઓગણ, સંદીપભાઈ માકડીયા, નરેન્દ્રભાઈ ઘેટીયા, ડો. કપેશભાઈ ઉકાણી, જીજ્ઞેશભાઈ આદ્રોજા, વિજયભાઈ ડઢાણીયાની ટીમ સાથે ૧૫ સભ્યોની કોર કમિટીમાં દિનેશભાઈ ચાપાણી ઉપરાંત ૯૧ સભ્યની કમિટિ સાથે મળીને તૈયારીઓનો શુભારંભ કર્યો છે.




દોઢ દાયકા પૂર્વે અર્વાચીન રાસોત્સવને પારિવારીક માહોલમાં નવરાત્રીનું સ્વરૂપ આપનાર કલબ યુવી એ મા ઉમિયાની ભકિતની સાથોસાથ સંગઠનની શકિતનો સરવાળો કરી એક નવી જ કેડી કંડારી છે. સંસ્કારી સુરક્ષીત અને ભકિતસભર નવરાત્રી મહોત્સવની ભેટ આપનાર કલબ યુવી ૨૦૨૪ ના વર્ષમાં નવા કલેવર, નવી ઉર્જા, નવી સજાવટ અને નવી ટીમ સાથે નવા મુકામ સર કરવા કાર્યરત થઈ છે. અર્વાચીન રાસોત્સવમાં નવી પરંપરાની પહેલ કરનાર કલબ યુવી સતત ૧૬ માં વર્ષે સૌરાષ્ટ્રનું સૌથી મોટા નવરાત્રી મહોત્સવના આયોજન માટે આધુનીક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે સંપૂર્ણ સલામતી સાથે કોઈપણ સમાજની બહેન- દિકરી કલબ યુવીમાં ગરબા રમવા આવે ત્યારે માતા-પિતાને તેની ચિંતા રહેતી નથી આધુનીક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ખેલૈયાઓ માટે બારકોડ એન્ટ્રી પાસ બનાવાયા છે. જેના થકી ખેલૈયાઓ ગ્રાઉન્ડમાં એન્ટ્રી લેતા સમયે તથા ગ્રાઉન્ડની બહાર એકઝિટ થતા સમયે વાલીઓને મેસેજ દ્વારા જાણ થશે નવરાત્રી મહોત્સવમાં સૌરાષ્ટ્રનું સૌથી મોટુ ગ્રાઉન્ડ ૧,૦૬,૪૦૦ સ્કેવર ફટ મેદાનમાં ૧૨,૦૦૦ ખૈલૈયાઓ રમી શકે અને ૩૦,૦૦૦ દર્શકો વિવિધ કેટેગરીમાં બેસીને નવરાત્રીનો આનંદ માણી શકે તે માટે સમથળ મેદાનમાં ટુ લેયર કારપેટ, મહેમાનો, આમંત્રીતો માટે ખાસ ગેલેરી, સ્પોન્સરશીપ કંપની માટે ૨૫ થી વધુ પેવોલીયન તથા દર્શકો માટે બેઠક વ્યવસ્થા, આક્ષક લાઈટીંગ ટાવર તથા ગ્રાઉન્ડની મદયમાં ૫૦ ફુટની એલ.ઈ.ડી. થી સજજ મિકસર સ્પેસ તેમજ મેઈન

(અનુ. આઠમા પાને)

# અંગદાન અને પ્રત્યાર્પણ અંગે બી.ટી. સવાણી હોસ્પિટલમાં યોજાયો ‘પરિસંવાદ’

## ૧૦૦ વધુ તબીબીએ અંગદાન સાથે સંકળાયેલા વિવિધ પાસાઓની કરી ચર્ચા

**અબતક, રાજકોટ**

બી.ટી. સવાણી કિડની હોસ્પિટલમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, રાજકોટ બ્રાન્ચના સહયોગથી અંગદાન અને મલ્ટી-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ પરસેમિનારની આયોજન કરવામાં આવેલ. આ સેમિનાર યોજવાનો ઉદેશ્ય ડોકટરોને મલ્ટી - ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટમાં નવીનીકરણ વિષે જાગૃત કરવાનો હતો. આ સેમિનારમા વિખ્યાત નિષ્ણાતોએ અંગદાન અને મલ્ટી-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી અને એમના અનુભવો જણાવ્યા હતા.



જેમાં. ડો. પ્રાંજલમોદી મલ્ટી - ઓર્ગનટ્રાન્સ પ્લાન્ટ સર્જન, ડો. દિવ્યેશવરોજા નેફ્રોલોજીસ્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ ફીઝીશીયન, ડો. પંકજ ઢોલરીયા યુરોલોજીસ્ટ અને ટ્રાન્સ પ્લાન્ટ સર્જન, ડો. ધીરેનશાહ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન, ડો. ધર્મેશ શાહ આંખના સર્જન અને રેટીના ટ્રાન્સપ્લાન્ટ સર્જન અને ડો. મોનાલી માકડીયા :સિવિલ સુપરીન્ટેન્ડન્ટ અને ઈન્ચાર્જ, સ્કીનબેંક (પ્લાસ્ટિક સર્જન) જેમાં અંગદાનના મહત્વ વિષેની જાણકારી બી.ટી. સવાણી કિડની હોસ્પીટલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક જોષી, આઇ.એમ.એ.,ગુજરાત બ્રાંચના પ્રેસિડેન્ટ ડો. ભરત કાકડિયા, આઇ.એમ.એ.,રાજકોટ બ્રાંચના પ્રેસિડેન્ટ ડો. કાંત જોગાણી, આઇ.એમ.એ.,રાજકોટ બ્રાંચના સેક્રેટરી ડો. અભિષ મહેતાએ અંગદાનને પ્રોત્સાહન આપવા જનજાગૃતિ લાવવા અપીલ કરી હતી.આ સેમિનારમાં ૧૦૦ કરતા વધુ ડોકટરોએ અંગદાન અને મલ્ટી-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી તેમજ અંગદાન અને મલ્ટી-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટને

(અનુ. આઠમા પાને)

# મારવાડી યુનિ. ઈન્ડિયા વુમન્સ વેઈટ લિફ્ટિંગ લીગમાં ચમકી

## વિદ્યા શર્માએ બે ગોલ્ડ મેડલ, આયુષી ગજ્જરે સિલ્વર જીતી વગાડયો ડંકો

**અબતક, રાજકોટ**

રાજકોટની મારવાડી યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓએ રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કૌશલ્યો રજૂ કરતાં અસ્મિતા ખેલો ઈન્ડિયા વુમન્સ વેઈટલિફ્ટિંગમાં ઉમદા પ્રદર્શન આપ્યા છે. ઉત્તર પ્રદેશના મોદીનગરમાં ૯થી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આયોજિત આ લીગમાં વિદ્યા શર્મા અને આયુષી ગજ્જરના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મારવાડી યુનિવર્સિટીના મેનેજમેન્ટ, ફેકલ્ટી સભ્યો, વિદ્યાર્થીઓ અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.




લીગની ૫૫ કિગ્રા કેટેગરીમાં વિદ્યા શર્માએ બંને જુનિયર અને સિનિયર કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે, વિદ્યાએ અથાગ જુસ્સા, હિંમત અને દયાન સાથે ૭૬ કિગ્રાનું સ્નેચ અને ૯૪ કિગ્રાનો જર્ક સાથે કુલ ૧૭૦ કિગ્રા વજન ઉપાડી વેઈટ કલાસમાં ટોચની સ્પર્ધક બની હતી.બીજી બાજુ, ૮૭ કિગ્રા+ સિનિયર

(અનુ. આઠમા પાને)

# રોટરી કલબ પ્રાઈમ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોની સેવાની સરાહના

## નેશન બિલ્ડર્સ એવોર્ડ સમારોહમાં વિશાલ સરવૈયા સહિતનો સ્ટાફ રહ્યો ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

રોટરી કલબ રાજકોટ પ્રાઈમ દ્વારા ગર્વપૂર્વક નેશન બિલ્ડર્સ એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું જેમાં રાષ્ટ્રના ભાવિ નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપનારા શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રતિષ્ઠિત પુરસ્કારએ શિક્ષણ ક્ષેત્રે આપતી સેવાઓ માટે શિક્ષકોની નોંધપાત્ર પ્રતિબદ્ધતા ને બિરદાવે છે અને તેમને શિક્ષણના ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.કાર્યક્રમની શરૂઆત રોટરીની પ્રાર્થના તથા ૪ વે ટેસ્ટ દ્વારા કરાયેલા મહેમાનોની ઉપસ્થિતિએ સમગ્ર પ્રસંગને ગૌરવભર્યું બનાવ્યું.કુલ ૧૧ ઉર્જાવાન શિક્ષકો અને આચાર્યોને તેમજ જુદી જુદી ફેકલ્ટીના ડીનને ઉત્તમ શૈક્ષણિક યોગદાન માટે એવોર્ડથી નવાજવામાં આવ્યા. ડો.અમિત લાઠીગરા, ભાવનાબેન જોષી, ડો. દિપેશ કામદાર, ડો. નિકેશ શાહ, સી. એચ. જાની, ડો. સુનિલ જાખોરિયા, દિપ્તી સિંઘલા, ડો. વિકાસ અરોરા, વૈદર્ભી મહેતા, સુદીપ મહેતા ડો અને વિશાલ ખાસગીવાલાને એનાયત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ રોટરી કલબના આઇપીપી વિશાલભાઈ સરવૈયા કે જેમણે કાર્યક્રમમાં ઉલેખનીય સહકાર આપ્યો, એવોર્ડ વિજેતાઓના સમર્પણને સરાહતના કરી અને કાર્યક્રમના મહત્વ પર ભાર મૂક્યો. રોટરી પ્રમુખ કમલેશ કાનાબારે પણ આ અવસરે વિશેષ ભાર મૂકી, શિક્ષકોના નોંધપાત્ર યોગદાનને બિરદાવ્યું. સમારંભના ચેરમેન વિશાલભાઈ સરવૈયા યે સમગ્ર કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. તેમનું નેતૃત્વ અને વ્યાપક આયોજન પ્રતિબદ્ધતા સમગ્ર ઈવેન્ટને અદ્ભુત બનાવેલ.

# ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા હિન્દી દિવસની ઉજવણી



**અબતક,રાજકોટ**

## ચીફ જનરલ મેનેજર વેંકટરામન સહિતના કર્મચારીઓ રહ્યા હાજરઃ કાવ્ય પરિસંવાદનના વિજેતાને ઈનામ વિતરણ

દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરે હિન્દી દિવસની ઉજવણી કરવામાંઆવે છે. ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ રોજ ભારતમાં હિન્દીને સતાવાર ભાષા તરીકે સ્વીકારવામાં આવી હતી. ભારતના વિવિધ હિન્દી ભાષા રાજયોમાં સતાવાર ભાષામાંની એક તરીકે દેવનગરી લિપિમાં હિન્દીને અપનાવવાની યાદમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ દર વર્ષે હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, રાજકોટ ખાતે ‘‘હિન્દી દિવસ‘‘ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વેંકટરામનન, ચીફ જનરલ મેનેજર અને રીજીયોનલ હેડની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સુજીત કુમાર, ચીફ જનરલ મેનેજર, જનરલ મેનેજર, વરિષ્ઠ અધિકારીઓ અને પરિવારના સભ્યો પણ હાજર હતા. આ તકે વેંકટરામને કર્મચારીઓ અને પરિવારના સભ્યોને ‘‘હિન્દી દિવસ‘‘ની પ્રતિજ્ઞા લેવડાવી હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. કર્મચારીઓને સંબોધતાં વેંકટરામને કહ્યું હતું કે, માં ભારતીની બિંદીની જેમ હિન્દી પણ આપણા ભારતીયો માટે ગૌરવનો રાજયાભિષેક છે.આ પ્રસંગે કાવ્ય પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યો સહિત કુલ ૧૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ઇનામ વિતરણ અને આભારવિધિ તથા વૃક્ષારોપણ કરાયું હતું.

# કેન્સર કેર ફાઉન્ડેશન થકી હજારો કેન્સર વોરિયર્સ ગરબાની રમઝટ બોલાવશે

## મહિલાઓને એચ.પી.વી. વેક્સિનેશન અને મેમોગ્રાફી ટેસ્ટ ગિફ્ટ વાઉચરનું વિતરણ કરાશે : ૧૦૮ બહેનો દેવી કવચના પાઠ કરશે

**અબતક ,રાજકોટ**

રાજકોટ રંગીલું શહેર હોવાની ઓળખ ધરાવતું હોવાની સાથે સ્વાસ્થ્ય સંબંધિત તમામ પડકારોની સ્થિતિમાં પણ મોજ કરવા અને આફતને અવસરમાં પલટાવી નાખવાની પણ આગવી ઓળખ ધરાવતું શહેર છે.

દેશભરમાં કેન્સરગ્રસ્ત લોકોને પીડામુકત કરાવવા સંભવિત તમામ પ્રયાસો કરનાર રાજકોટની કેન્સર કેર ફાઉન્ડેશન-કેન્સર કલબ દ્વારા ગુજરાતભરના કેન્સરગ્રસ્ત દર્દીઓ-વોરિયર્સ માટે પ્રતિષ્ઠિત સંસ્થા કલબ યુવીના સૌજન્યથી નવરાત્રીના અવસરે ૨, ઓકટોબર ૨૦૨૪ના રાજકોટના આંગણે નવતર ગરબા મહોત્સવ સહિતના મેગા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

રાજકોટમાં સ્પિડવેલ પાર્ટી પ્લોટ, ૧૫૦ ફ્ટ રીંગ રોડ ખાતે ૨, ઓકટોબર ૨૦૨૪ના સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી યોજાનારા આ એક દિવસીય નવરાત્રિ મહોત્સવમાં ગુજરાતના કેન્સરગ્રસ્ત વોરિયર બહેનો, ભાઈઓ અને બાળકો માટે મયુર બુધ્ધદેવ અને એમના સાથી નામી કલાકારોના સંગાથે ગીત-સંગીત ગરબાની રમઝટ બોલાવશે. આ ૩૦૦૦ જેટલા કેન્સરગ્રસ્ત દર્દીઓ-વોરિયર માટે નવરાત્રી-ગરબા મહોત્સવ સાથે ૧૦૮ બહેનો દ્વારા દેવી કવચના પાઠનું પણ આયોજન કરાયું હોવાનું કેન્સર કેર ફાઉન્ડેશન, રાજકોટના અશ્વિન સોલંકીએ જણાવ્યું હતું.

કેન્સર વોરિયર્સ તથા તેમના કુટુંબીજનો મળી ૯૦૦૦ થી વધુ અને ૨૦૦ કેન્સર નિષ્ણાંતો અને વિવિધ શાખાના ડોકટરો અને એમના પરિવારના મેમ્બરો પણ કેન્સર હોસ્પિટલના




સ્ટાફ મેમ્બરો સાથે આ નવરાત્રિ મહોત્સવમાં જોડાશે. તમામ જ્ઞાતિના લોકો આ ઉત્સવમાં જોડાઈ રહ્યા હોવા સાથે ૧૦૦૦થી વધુ સામાજિક સેવાભાવી સંસ્થાઓ, ટ્રસ્ટીઓ, એમના સભ્યો અને સર્વે દાતા, ઉદ્યોગપતિઓ અને સરકારી અને વિવિધ સંસ્થાઓના અધિકારીઓ પણ મોટી સંખ્યામાં આ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. કોલેજો અને યુનિવર્સિટીના હોદ્દેદારો, સ્ટાફ અને વિદ્યાર્થી બહેનો-ભાઈઓ મોટી સંખ્યામાં જોડાશે.

કેન્સર બાબતે જાગૃતિ લાવવા આ પ્રસંગે ઉપસ્થિત રહેનારા તજજ્ઞો, નિષ્ણાંત તબીબો અને વિવિધ સંસ્થાઓ દ્વારા શકય તમામ પ્રયાસો કરવામાં આવશે.

આ ઉત્સવના ભાગરૂપે આ મેગા નવરાત્રી ઉત્સવ માટે સિસ્ટમ વ્યવસ્થા અને આધુનિક સંગીત લાઈટ, ડેકોરેશન બેઠક વ્યવસ્થા અને ખેલૈયાઓની તમામ જરૂરીયાતને સમજી શકતા કલબ યુવીના પ્રમુખ બિપીનભાઈ બેરા અને તેમની ટીમ ખૂબ જ જહેમત ઉઠાવી સહયોગ આપી રહ્યા છે. જયારે કેન્સર કેર ફાઉન્ડેશનના સભ્યો રુપલ કોટક, હંસાબેન પટેલ, જયોતી શાસ્ત્રી, અલ્પના રાવલ, દિગ્વિજયસિંહ જાડેજા, ભાવેશભાઈ માકડિયા, જલ્પાબેન કુબાવત સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ સંસ્થા દ્વારા કેન્સરમાંથી મુકત થયેલા દેશભરના કેન્સર વોરિયર મહિલાઓના ફેશન શો પણ યોજાયો હતો.

કેન્સર કેર ફાઉન્ડેશન અને કલબ યુવીના સૌજન્યથી રાજકોટમાં સમગ્ર ગુજરાતના કેન્સર પેશન્ટ બહેનો, ભાઈઓ અને બાળકો માટે ૨, ઓકટોબર ૨૦૨૪ના યોજાઈ રહેલા આ નવરાત્રી ઉત્સવમાં જોડાવવા વધુ વિગતો માટે અહીં આપેલા મોબાઈલ નંબરો ૯૪૨૬૯ ૦૦૮૯૪, ૯૪૨૮૨ ૭૨૯૭૬, ૯૬૬૪૬ ૯૬૫૦૧, ૯૭૧૪૦ ૬૬૫૧૩, ૯૮૨૫૬ ૭૩૩૪૪ પર સંપર્ક કરી શકાશે.

### બેડી માર્કેટીંગ યાર્ડની જલિયાણ એગ્રી પેઢી સાથે છેતરપિંડી

# રૂ.૪૩.૨૮ લાખના તલ જયપુર ડિલિવરી આપવા નિકળેલો ડ્રાયવર ઓળવી ગયો

## ૩૫ ટન તલનો બારોબાર વહીવટ કરી નાખનાર ત્રિમૂર્તિ ટ્રાન્સપોર્ટના ડ્રાયવર વિરૂદ્ધ કુવાડવા પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટના બેડી માર્કેટીંગ યાર્ડમાં આવેલી જલિયાણ એગ્રી પેઢી સાથે ટ્રક ડ્રાયવરે છેતરપિંડી આચરી લીધાનો બનાવ સામે આવ્યો છે. રૂ. ૪૩.૨૮ લાખની કિંમતનો ૩૫ ટન તલનો જથ્થો જયપુર ડિલિવરી કરવા નીકળેલા ટ્રક ડ્રાયવરે તલનો બારોબાર વહીવટ કરી ભૂગર્ભમાં ઉતરી જતાં કુવાડવા પોલીસ મથકમાં ટ્રક ડ્રાયવર વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર બેડી માર્કેટીંગ યાર્ડમાં આવેલી જલિયાણ એગ્રી નામની કમિશન એજન્ટ પેઢીના કર્મચારી જયદીપભાઈ કોટેચાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, જલિયાણ એગ્રી પેઢી તલની લે-વેચનું કામ કરે છે અને આ પેઢીના માલીક વિવેકભાઈ સંજયભાઈ ગણાત્રા તથા હરેશભાઈ નટરલાલ ચોટાઈ છે.

ગત તા. ૯ સપ્ટેમ્બરના રોજ ફરિયાદીને તેમના શેઠ વિવેકભાઈએ જણાવેલ કે, જયપુર, રાજસ્થાન ખાતે આવેલ યશ ઈન્ડસ્ટ્રી ખાતે તલ મોકલવાના છે. જેના માટે નવાગામ આણંદપર રૂડા ટ્રાન્સપોર્ટ ખાતે આવેલ ત્રીમુર્તી ટ્રાન્સપોર્ટના માલીક નારણલાલ બાતારામ શેની એક ગાડી મોકલવાના છે. તે જ દિવસે સાંજે પાંચેક વાગ્યે ટ્રક ડ્રાયવર રોહીતસિંગ હરજીસિંગ રહે.ખેશ જેશા ગામ, જી.રાજસંમદ, રાજસ્થાનવાળો પોતાનો ટ્રક નંબર આરજે-૩૦-જીએ-૭૩૭૪ લઈને બેડી માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ હતો અને ત્રીમુર્તી ટ્રાન્સપોર્ટના માલીકે અહીં મોકલેલ છે તેવું જણાવેલ હતું. આ ગાડીમાં ૩૫ ટન તલ જેની કિંમત રૂ.૪૩,૨૮,૩૬૩ના તલ ભરીને રાત્રીના ૧૦:૩૦ વાગ્યે જયપુર જવા ટ્રક રવાના થયો હતો.

સામાન્ય રીતે બે દિવસમાં ટ્રક જયપુર ખાતે પહોંચી જતું હોય છે પણ ૧૪ સપ્ટેમ્બરના વિવેક ગણાત્રાએ ફરિયાદીને જણાવ્યું હતું કે, તલનો જથ્થો હજુ જયપુર પહોંચ્યો નથી તેવું યશ ઈન્ડસ્ટ્રીના માલિકે ફોન મારફત જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૨ સપ્ટેમ્બરના રોજ ડ્રાયવર રોહિતસીંગનો ફોન આવ્યો હતું કે, તલનો જથ્થો એકબાજુ નમી જતાં ફરીથી ટ્રકમાં સરખું લોડ કરીને આવતીકાલે જયપુર પહોંચી જઈશ. જે બાદ ટ્રક ડ્રાયવરને વારંવાર ફોન કરતા તેનો નંબર સ્વીચ ઓફ આવતો હતો. જે બાદ પેઢી માલિક વિવેકભાઈ ગાડી અને ડ્રાયવરની શોધખોળ કરવા રાજસ્થાન તરફ ઉપડ્યા હતા.

દરમિયાન વિવેક ગણાત્રાને ટ્રક કુંભલગઢ, જી. રાજસમદ, રાજસ્થાન ખાતેથી ખાલી હાલતમાં મળી આવ્યો હતો પણ ડ્રાયવર મળી આવ્યો ન હતો. જેથી સમગ્ર મામલે કુવાડવા પોલીસ મથકમાં ડ્રાયવર રોહિતસીંગ વિરુદ્ધ રૂ. ૪૩.૨૮ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. કુવાડવા પોલીસે ગુનો નોંધી ટ્રક ડ્રાયવરની ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે.

# નવાગામ આણંદપરમાં નજીવી બાબતે પરિણીતાએ ફિનાઈલ પીધું

## ગણેશ મહોત્સવમાં દર્શને જવા મુદ્દે પતિએ પત્નીને ડમ્બલ મારી દેતા પગલું ભર્યું

**અબતક,રાજકોટ**

શહેરના નવાગામ આણંદપરમાં વ્રજ વિલા સોસા.માં પરિણીતાએ ફીનાઈલ પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. શેરીમાં આયોજિત ગણપતિ મહોત્સવમાં દર્શને જવું હોય જે બાબતે પતિએ ના કહેતા દંપતી વચ્ચે માથાકૂટ થતાં પગલું ભર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના નવાગામ આણંદપરમાં વ્રજ વિલા સોસાયટીમાં રહેતા ગીતાબેન મહેન્દ્રભાઈ રાઠોડ (ઉં.વ.૩૭) નામના પરિણીતાએ પોતે પોતાના ઘરે હતા ત્યારે ફીનાઈલ પી લેતા તેણીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ગીતાબેનને પતિ મહેન્દ્રભાઈ સાથે માથાકૂટ થઈ હોય જે બાબતનું લાગી આવતા તેણીએ પગલું ભર્યું હતું. બનાવને પગલે કુવાડવા રોડ પોલીસને જાણ થતાં પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે. વધુમાં જણાવ્યા અનુસાર ગીતાબેનને શેરીમાં આયોજિત ગણપતિ મહોત્સવમાં દર્શને જવું હોય જે બાબતે પતિએ ના કહેતા દંપતી વચ્ચે માથાકૂટ થતાં પતિએ પત્નીને ડમ્બલનો ઘા ઝીંકી દેતા તેણીને તે વાતનું લાગી આવ્યું હતું અને પગલું ભર્યું હતું. પતિ મહેન્દ્રભાઈ ડ્રાઈવિંગ કામ કરે છે. અને દંપતીને સંતાનમાં એક પુત્ર બે પુત્રી છે. બનાવની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મવડીની પ્રિયદર્શન સોસાયટીમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

## તામસી સ્વભાવને કારણે પગલું ભર્યું હોવાનું પરિવારનું અનુમાન

**અબતક, રાજકોટ**

મવડીમાં પ્રિયદર્શન સોસાયટીમાં આજે વહેલી સવારે મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા વિસ્તારમાં અરેરાટી મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મવડીમાં ૪૦ ફૂટ રોડ પર પ્રિયદર્શન સોસાયટી શેરી નં-૪માં રહેતા રંજનબેન વિનોદભાઈ સરવૈયા (ઉ.વ.૪૫) નામના મહિલા આજે સવારે છએક વાગ્યાના અરસામાં ઘરે પંખામાં દુપટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. સવારે પતિએ જાગીને જોતા પત્ની લટકતી હતી. બનાવની જાણ ૧૦૮ને કરતા ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા અને બનાવની જાણ તાલુકા પોલીસને કરતા પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પતિ વિનોદભાઈ મજૂરી કામ કરે છે અને સંતાનમાં એક પુત્ર પુત્રી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મહિલાનો મગજ તામસી હતો. સવારે પતિ ચારેક વાગ્યે જાગ્યા ત્યારે રંજનબેન બાજુમાં સુતા હતા જે પછી છ વાગ્યે જાગ્યા ત્યારે પત્નીને લટકતા જોઈ બુમાબુમ કરતા સંતાનો અને પડોશીઓ દોડી આવ્યા હતા અને તાકીદે નીચે ઉતારી ૧૦૮ને જાણ કરી હતી પરંતુ બેભાન હાલતમાં જ દમ તોડી દીધો હતો. બનાવના પગલે પરિવારમાં ગમગીની છવાઈ છે.

# બેટી ગામ પાસે અજાણ્યા વાહનની ઠોકરે સાઈકલ સવારનું મોત

## દુકાનેથી નાસ્તો લેવા જતી વેળાએ અકસ્માત સર્જાયો : પરિવારમાં શોક

**અબતક,રાજકોટ**

રાજકોટ - અમદાવાદ હાઈવે પર બેટી રામપર ગામે ભૂમિ ભરડીયામાં રહેતા સાઈકલ સવાર તરુણને અજાણ્યા વાહને ઠોકરે લેતાં મોત નિપજ્યું છે. બનાવને પગલે પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ હાઈવે પર બેટી રામપર ગામે ભૂમિ ભરડીયામાં રહેતા રાજુભાઈ મકવાણાના ૧૪ વર્ષના પુત્ર ઉદયનું ગત તા.૧૪ના રોજ સવારના અગિયાર વાગ્યાના અરસામાં બેટી ગામે હાઈવે પર હતો ત્યારે સાઈકલને બેફામ ઝડપે આવતા અજાણ્યા વાહને ઠોકરે લેતાં તરુણને ગંભીર ઈજા પહોંચી હતી, જેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જયાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઉદય તેના ભાઈની સાઈકલ લઈને ઘરથી નજીક હાઈવે પાસે આવેલી દુકાને સાઈકલ લઈને નાસ્તો લેવા જતો હતો ત્યારે રોડ પર અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં ઉદયને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જયાં સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. બનાવને પગલે હોસ્પિટલ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે. મૃતક તરુણ ધોરણ ૮માં અભ્યાસ કરતો હતો અને રોડ પર ચોકીદારી કરવાનું કામ પણ કરતો હતો.

# પરિણીતાને મરવા મજબૂર કરવાના ગુનામાં સાસરિયાને શંકાનો લાભ

## નિકાહ બાદમાં પતિ સહિત સાસરીયા ત્રાસ આપતા કુળવધુએ આપઘાત કર્યો હતો

**અબતક,રાજકોટ**

મોરબી મુકામે શેખ પરિવારમાં પરિણીતાને નીકાહના ટૂંકા ગાળામાં જ આપઘાતની ફરજ પાડવાના આઠ વર્ષ પહેલાં ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પતિ સાસરિયાને શંકાનો લાભ આપે છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મોરબી ખાતે સાસરિયામાં પરિણીતા મુમતાજબેન કાદર ઉર્ફે સિકંદર શેખે નીકાહ કર્યાના ટૂંકા ગાળામાં જ સાસરિયામાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે પરિણીતાના મામા હુસેનભાઈ શેખે પરિણીતાના પતી કાદર ઉર્ફે સીકંદર શેખ તથા સાસુ બાનુબેન શેખ સામે મોરબી પોલીસ મથકમાં એવી ફરીયાદ લખાવેલ કે તેની ભાણેજને સાસરીયાઓ ત્રાસ આપતા હતા અને તેને મેણાટોણા મારતા હતા અને શરીરે ડામ આપેલ હતા અને આ ત્રાસ સહન ન થતાં પરણીતાએ આપધાત કરી લીધેલ હતો. આવી ફરીયાદ લખાતા મોરબી પોલીસે પતી અને સાસુની અટક કરી અને કાયદેસરની કાર્યવાહી કરી હતી. મોરબીની અદાલતમાં આઈ.પી.સી.ની કલમ ૩૦૬, ૧૧૪ મુજબનું ચાર્જશીટ થયું હતું.આ કેસ સને ૨૦૧૬ની સાલમા ચાલવા પર આવતા સાસરીયા વકીલ અંતાણી મારફતે અદાલતમા હાજર થયા હતા. આ કેસમાં લાગતા વળગતા ફરીયાદી, લાશનું પોસ્ટમોર્ટમ કરનાર ડોકટર, લાશના ઈંકવેસ્ટના પંચો સહીતના તમામ સાહેદોની જુબાની નોંધવામાં આવી હતી, પ્રોસીકયુશન તરફથી કુલ ૧૯ સાહેદો ૨૨ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ હતા. આ કેસ દલીલ પર આવતા પરિણીતાના વકીલની લંબાણપુર્વકની દલીલોમાં કેસમાં અનેક શંકાઓ રહેલ હોવા ઉપર ભાર મુકેલ હતો, અને પ્રોસીકયુશન કેસ સાબીત કરી શકતું ન હોઈ આરોપીને છોડી મુકવા રજુઆત કરી હતી, મોરબીના મુખ્ય જિલ્લા ન્યાયધીશે પરિણીતાને આપઘાત કરવાની ફરજ પાડવાના ગંભીર પ્રકારના ગુન્હામાંથી આરોપીઓ એટલે કે પતિ અને સાસુને શંકાનો લાભ આપી અને છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ સિનિયર સંદીપ અંતાણી અને સમીમબેન કુરેશી રોકાયા હતા.

# પત્નીની તરફેણમાં થયેલા ભરણ પોષણના હુકમને સ્થગિત કરતી ડિસ્ટ્રિકટ કોર્ટ

## સાસરિયાઓને ધક્કા ખવડાવવા માટે પરિણીતાએ ખોટું જયુરિડિકશન ઉભુ કરતા પતિ એ સેશન્સમાં દાદ માંગી

**અબતક,રાજકોટ**

પરિણીતાની ઘરેલુ હિંસાની ફરિયાદના કેસમાં ટ્રાયલ કોર્ટના રૂપિયા ૯ હજાર ભરણ પોષણ અને ૧ હજાર ઘરભાડું ચૂકવવાના ચુકાદા સામેની અપીલમાં સેશન્સ કોર્ટ ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે વચગાળાનો સ્ટે આપતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ, લક્ષ્મીનગરમાં રહેતા વૈશાલીબેન ખીમજીભાઈ કુંભાણીએ સુરતના પુણા ગામ રહેતા પતિ મિતેશ જમનભાઈ પાઘડાર અને સાસુ સસરા તેમજ નણંદ સામે કરિયાવર દહેજની માંગણી, શારીરિક માનસિક ત્રાસ અને ઘરેલુ હિંસાની ૧૨ સહિતની કલમો હેઠળ કોર્ટ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ સિવિલ કોર્ટમાં ચાલી જતા સિવિલ કોર્ટે અરજદાર પત્નિને રૂ. ૯ હજાર ભરણપોષણ, ઘરભાડું તથા વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

પાયલકોટના ઉપરોક્ત હુકમ સામે પતિ મિતેશ પાઘડાર સાસરીયાઓએ કોર્ટમાં અપીલ કરી હતી તેમજ કેસ ચાલતા સુધી હુકમ સ્ટે કરવા અરજી કરી હતી.

જેમાં રજુઆત કરવામાં આવી હતી કે અરજદાર પત્નિએ સામાવાળા અને તેના સુરત મુકામે રહેતા માતાપિતાને રાજકોટ મુકામે ધકકા ખવડાવવા તથા હેરાન પરેશાન કરવા રાજકોટ મુકામેનું ખોટુ જયુરિસ્ડિકશન ઉભું કરી કેસ અરજી કરેલ હતી. અરજદાર તથા સામાવાળા બંને એક જ કંપનીમા ''ટેક કેર એન્ડ સોફટેક સોલ્યુશન ખાતે નોકરી કરતા હતા, જેથી અરજદાર કમાવા સક્ષમ છે, તેમજ સામાવાળા અરજદાર કહે તેવી શરતોને આધિન તેડી જવા તૈયાર હોવા છતા અરજદાર સાથે લગ્નજીવન ચલાવવા તૈયાર નથી, તેવી રજુઆતો પણ કરવામાં આવી હતી. જે રજૂઆતો ધ્યાનમાં લઈ સેશન્સ કોર્ટ દ્વારા ચડત ભરણપોષણની રકમ પૈકી રૂપિયા ૧ લાખ પતિએ કોર્ટમાં જમા કરાવવા ઠરાવી કેસ ચાલતા સુધી ટ્રાયલ કોર્ટના હુકમ સામે વચગાળાના સ્ટેની અરજી મંજૂર કરી છે. આ કેસમાં પતિ સાસરીયા આવતી એડવોકેટ શ્વેતા એમ પરમાર રોકાયા છે.

# જૂની અદાવતનો ખાર રાખી યુવકને માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરના ગુલાબ નગર નજીક જૂની અદાવતનો ખાર રાખી યુવકને ધોકા વળે માર મારી ઈજા પહોંચાડી હતી. યુવકને ઈજા ગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કોઠારીયા રોડ પર રોકડિયા પાર્ટી પ્લોટ નજીક પુષ્પ વન એપાર્ટમેન્ટમા રહેતા વીરેંદ્રભાઈ ઉર્ફે લાલભાઈ હસમુખભાઈ પટેલે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતીકે પોતાના દીકરા વિવેક ઉર્ફે કાળુભાઈને પંદર દિવસ પહેલા વિનુભાઈ વેલજીભાઈ અણદાણીના દીકરા સાથે બાઈક સર્વિસ કરવા બાબતે બબાલ થઈ હતી જે બાબતનો ખાર રાખી ગઈ કાલે બપોરના સુમારે વિનુભાઈએ અમૃત ઉદ્યોગ મેઈન રોડ એકતા એન્જીનીયરિંગ કારખાને વિવેક કામ કરતો હતો ત્યાં આવી જઈ ગાળો આપી ધોકા વળે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી પોલીસે આરોપી વિનુ વેલજી અણદાણી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જંગલેશ્વરમાં ગાંજાના સાથે ઝડપાયેલા બંને શખ્સની રિમાન્ડ અરજી રદ

## એસઓજીએ મકાનમાં દરોડો પાડી ૫૧,૦૦૦ નો નશીલા પદાર્થનો જથ્થો ઝડપી લીધો હતો

**અબતક,રાજકોટ**

શહેરમાં ઈદની પૂર્વે સંધ્યાએ જંગલેશ્વરમાંથી ૫૧.૮૬૦ કિલોગ્રામ ગાંજાના જંગી જથ્થા સાથે ઝડપાયેલા આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ માટે પોલીસ દ્વારા કરવામાં આવેલી રિમાન્ડ અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ જંગલેશ્વર મેઈન રોડ, હુશૈની ડેરી, શેરી નં.૬માં મકાનમા બાતમીના આધારે એસ.ઓ.જી. એ દરોડો પાડ્યો હતો. રફીક જુણેજા અને અસલ્મ સૈયદને ૫૧.૮૬૦ કીલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધા હતા. બંને શખ્સની પુછપરછમાં ગાંજો જાવેદભાઈ જુણેજાના કહેવાથી રાખ્યો હોવાનું ખુલતા પોલીસે આરોપીઓની અટકાયત કરી ભકિતનગર પોલસ હવાલે કર્યા હતા. ભકિતનગર પોલસ દ્વારા ગુનો દાખલ કરી આરોપીઓની વધુ પુછપરછ માટે ૧૦ દિવસના રીમાન્ડ માંગતી કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં દલીલમાં પોલીસ દ્વારા એરેસ્ટ મેમોમાં ગ્રાઉન્ડસ ઓફ એરેસ્ટ અને રીઝન્સ ઓફ એરેસ્ટ જણાવામાં આવેલ નથી આરોપીઓએ તમામ માહિતી જેથી પણ આરોપીઓની ૧૦ દિવસની પોલીસ કસ્ટડીની જરૂરીયાત ન હોય તેમજ રીમાંડ સમયના સીંદધાતોના ઉચ્ચ અદાલતના લાગુ પડતા ચુકાદાઓ વિશે વિગતવાર દલીલ કરવામાં આવેલ હોય જે ગ્રાહય રાખી કોર્ટ દ્વારા આરોપીઓના ૧૦ દિવસના રીમાંડ માંગતી પોલીસની અરજી નામંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપોઓ વતી સોરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહિતભાઈ ઘીયા, જૈમીન જરીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# મઢમાંથી લાખોના આભૂષણની ચોરીના ગુનામાં સોની વેપારી જામીનમુક્ત

## સુરાપુરા દાદા ના મઢમાંથી રૂપિયા ૮.૩૭ લાખની ચોરીના ગુનામાં તસ્કર સહિત બેને ઝડપી લીધા હતા

**અબતક,રાજકોટ**

રાજકોટના ચુનારાવાડ વિસ્તારમાં દાદાના મઢમાં થયેલી રૂા. ૮.૩૭ લાખની ચોરીનો મુદ્દામાલ રાખવાના ગુનામાં જેલ હવાલે થયેલા સોની વેપારીની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ , રાજકોટના ચુનારાવાડ શેરી નં.૮માં રહેતા રાજેશ બાબુભાઈ માલાણીના દાદાના મઢમાંથી તા.૦૨/ ૦૯/ ૨૪ની પૂર્વ સંધ્યાથી વહેલી સવાર સુધીમાં શ્રદ્ધાળુઓ દ્વારા દાદાને ભેટ ધરાયેલા રુ. ૮.૩૭ લાખના સોના ચાંદીના ઘરેણાંની ચોરીની ફરિયાદ થોરાળા પોલીસ સ્ટેશનમાં થઈ હતી, આ ગુનાના કામે પોલીસે ચોરી કરનાર આરોપી વિશાલ ઉર્ફે વિશુ ઉર્ફે વિશલો રવીભાઈ સલાટને ઝડપી લીધો હતો તેના નિવેદનના આધારે પોલીસે સોનાના દાગીના રાખનાર ભાવેષ બીપીનચંદ્ર પારેખ તા.૦૩/ ૦૯/ ૨૪ના રોજ અટક કર્યો હતો. તેની સામે ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટની સૂચનાથી જેલ હવાલે કરાયો હતો. બાદ આરોપી ભાવેશ પારેખે જામીન પર છુટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી, જે જામીન અરજીમાં આરોપી વતી એવી દલીલો કરેલ હતી કે, આરોપીએ ચોર પાસેથી કોઈ દાગીના ખરીદ કરેલ નથી, આરોપીએ સોનાના દાગીનાઓનું ટચ કાઢી આપવાનું કામકાજ કરેલ છે. ગુનામાં તેનો કોઈ રોલ નથી સહિતની રજૂઆતો દલીલો ધ્યાને લઈને આરોપી ભાવેશ બીપીનચંદ્ર પારેખને એડિશનલ સેશન્સ જજ વી.કે. ભટ્ટે રૂા.૭૫ હજારના જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. આ કામે આરોપી ધારાશાસ્ત્રી દિલીપ પટેલ, કલ્પેશ નસીત રોકાયા હતા.

# સાયલા નજીક ખાણ-ખનીજ વિભાગના કલાર્ક સહિત બે લાંચ લેતા ઝડપાયા

## એન્ટ્રી નહીં પાડવા અને હેરાન નહીં કરવા માટે ડમ્પર દીઠ રૂ.૫૦૦ની લાંચની માંગ કરી 'તી

**અબતક,રાજકોટ**

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા સાયલાની કટારીયા ગામ પાસે ખનીજ વહન કરતા ડમ્પરના માલીક પાસેથી ૧ હજારની લાંચ લેતા સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગના નાકા કલાર્ક અને ખાનગી સિક્યુરીટી ગાર્ડને રાજકોટ એસીબી એકમ હેઠળની સુરેન્દ્રનગર મોરબીની ટીમે ઝડપી લેતા ખાણ ખનીજ વિભગાના ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે. તપાસનીશ દ્વારા ઝડપાયેલા કર્મચારીના ઘરની અને ઓફીસની તપાસ હાથ ધરી છે.વધુ વિગત મુજબ સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગના નાકા કલાર્ક સાજીદ અહેમદખાન પઠાણ અને સિક્યુરીટી ગાર્ડ ગીરીશ હીરા ઝાલા

**રાજકોટ એસીબી એકમના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ પી.આઈ. એમ.એમ.લાલીવાળાનો સપાટો : ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ**

દ્વારા સુરેન્દ્રનગર પંથકમાં ખનીજ વહન કરતા વાહનોને અટકાવી એન્ટ્રી અંગે હેરાન કરતા હોય આથી વાહન માલીકને પ્રત્યેક ડમ્પર દીઠ ૫૦૦ આપવાનું નકકી થતા ૧૫૦૦ આપવાનું કહેતા બંને વચ્ચે રકઝકને અંતે ૧ હજાર આપવાનું નકકી થયું હતુ.બાદ વાહન માલીક લાંચ આપવા માંગતા ન હોય આથી તેઓએ લાંચ રૂશ્વત વિરોધી શાખાનો સંપર્ક કરતા રાજકોટ-અમદાવાદ માર્ગ પર આવેલા સાયલા નજીક કટારીયા ચોકડી પાસે ખાણ ખનીજ વિભાગની ચેક પોસ્ટ ખાતે છટકુ ગોઠવ્યું હતુ.

ગોઠવેલા છટકામાં ખાણ ખનીજના નાકા કલાકે સાજીદ ખાન અહેમદખાન પઠાણ અને ખાનગી સિક્યુરીટી ગાર્ડ ગીરીશ હીરા ઝાલા ૧ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા છે. આ બનાવની વાત વાયુ વેગે ઝાલા પંથકના ભ્રષ્ટ અધિકારીઓમાં પ્રસરતા સોપો પડી ગયો છે.

પોલીસે બંનેને ઝડપી લઈ ઓફીસ અને ઘરની ઝડતી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ એસીબી એકમના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર એસીબી પોલીસ મથકના પીએસઆઈ એમ.એમ. લાલીવાળા સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

**નામ બદલાવેલ છે**

મેં મારૂ નામ ''મહીડા નુરમોહંમદ ઈસા''માંથી બદલાવીને 'મહીડા મહમદભાઈ ઈશાભાઈ' કરેલ હોય જેની સર્વેએ નોંધ લેવી.
- મહીડા મહમદભાઈ ઈશાભાઈ
- માંગરોળ, જુનાગઢ, ગુજરાત

**નામ બદલાવેલ છે**

મેં મારૂ નામ ''અમરિન અમીન જામ''માંથી બદલાવીને ''અમરીન અમીન જામ'' કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી
- અમરીન અમીન જામ
- માંગરોળ, જુનાગઢ, ગુજરાત.

તંત્રી લેખ

# હવે ચીન- પાકિસ્તાનને તુર્કમેનિસ્તાનનો સાથ મળશે

મધ્ય પૂર્વમાં એક નવો દેશ પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સાથે જોડાવાનો છે. આ દેશનું નામ તુર્કમેનિસ્તાન છે. તુર્કમેનિસ્તાન ચાઇના પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર હેઠળ ગ્વાદર બંદર સુધી પહોંચનાર પ્રથમ મધ્ય એશિયાઇ દેશ બનવાની તૈયારીમાં છે, આ સંબંધમાં ટૂંક સમયમાં પાકિસ્તાન અને તુર્કમેનિસ્તાન વચ્ચે કરાર થવાની આશા છે. પાકિસ્તાનના ગ્વાદર પોર્ટને ચીને પોતાના પૈસાથી વિકસાવ્યું છે. આ બંદર સીપીઈસીનો મુખ્ય આધાર પણ છે.

પાકિસ્તાન સરકારે સીપીઈસી અંતર્ગત ગ્વાદર પોર્ટ અને તુર્કમેનબાશી પોર્ટ વચ્ચેના ડ્રાફ્ટ કરારની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરી છે. બંને દેશો દક્ષિણ અને મધ્ય એશિયાના પ્રદેશોને જોડવા માટે તાપી પાઈપલાઈન, રેલ ટ્રેક અને ફાઈબર કનેક્ટિવિટી સહિત વિવિધ સંયુક્ત સાહસો પર પહેલેથી જ કામ કરી રહ્યા છે. પાકિસ્તાન પહોંચવા માટે તુર્કમેનિસ્તાનને અફઘાનિસ્તાન અથવા ઈરાનના વિસ્તારોમાંથી પસાર થવું પડશે જ્યાં સુરક્ષા માટે જોખમ હોઈ શકે છે.

પાકિસ્તાનના દરિયાઈ મામલાના મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિદેશ, સંરક્ષણ અને આંતરિક મંત્રાલયોએ પહેલાથી જ યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. અગાઉ, દરિયાઈ બાબતોના મંત્રાલયે કેબિનેટને જણાવ્યું હતું કે આ વ્યવસ્થાનો હેતુ માલ અને કન્ટેનરના પરિવહન માટે બંને બંદરોની સંભવિત ક્ષમતાઓનો ઉપયોગ કરવા માટે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગ સ્થાપિત કરવાનો છે.

ચીને પાકિસ્તાનના ગ્વાદરને પોતાનું સેટેલાઇટ સ્ટેટ બનાવ્યું છે. આ શહેરના સંસાધનો પાકિસ્તાનમાં હોવાનું કહેવાય છે, પરંતુ તેના પર ચીનનો અધિકાર છે. ગ્વાદરને મહત્વાકાંક્ષી વન બેલ્ટ, વન રોડ અને મેરીટાઇમ સિલ્ક રોડ પ્રોજેક્ટના મહત્વના બિંદુ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ચીનનો પ્રયાસ શિનજિયાંગ પ્રાંતની આયાત-નિકાસ માટે ગ્વાદર પોર્ટનો ઉપયોગ કરવાનો છે.

આખી દુનિયા જાણે છે કે ચીન પાકિસ્તાનના ગ્વાદર બંદર ઉપર ભારે આકર્ષણ ધરાવે છે. પરંતુ પાકિસ્તાન સરકાર પોતાની જનતાથી સત્ય છુપાવવામાં વ્યસ્ત છે. ચીન ગ્વાદર શહેરમાં વાડ બાંધવા માંગે છે. ચીન એવું બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે કે વાડ આતંકવાદી હુમલાઓને રોકવા માટે છે. બલૂચ રાજકારણીઓ, કાર્યકર્તાઓ અને માનવાધિકાર સંગઠનો અને સામાન્ય લોકો ફેન્સીંગના વિરોધમાં છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિતે

# રેલવે ડિવીઝન દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણી

## રેલવે સ્ટેશન, કોલોની, રેલવે ટ્રેકમાં શ્રમદાન દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે




**અબતક, રાજકોટ**

દર વર્ષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે રેલ્વે સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવે છે. આ વખતે રાજકોટ રેલવે ડિવિઝનમાં આ વિશેષ સ્વચ્છતા અભિયાન આજથી શરૂ થશે અને ૨જી ઓક્ટોબર સુધી ચાલશે. આ વખતે સ્વચ્છતા હી સેવા અભિયાનની થીમ 'સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા' રાખવામાં આવી છે. ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિને 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવશે.

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનમાં રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિનીકુમારના માર્ગદર્શન હેઠળ અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. રેલ્વે સ્ટેશન, ઓફિસ, રેલ્વે કોલોની, હેલ્થ યુનિટ અને રેલ્વે ટ્રેકમાં શ્રમદાન દ્વારા સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. આ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામદારો અને તેમના પરિવારોના લાભાર્થે આરોગ્ય તપાસ શિબિરોનું આયોજન કરવામાં આવશે. સાયક્લોથોન, રમતગમતની સ્પર્ધાઓ અને વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવશે. સ્ટેશનો પર સેલ્ફી પોઈન્ટ લગાવવામાં આવશે.

સ્વચ્છતા સંકલ્પ અને નુક્કડ નાટક યોજીને મુસાફરો અને કર્મચારીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવશે. રેલ્વે સ્ટેશનો અને અન્ય રેલ્વે પરિસરમાં ઝીરો વેસ્ટ પહેલ જેવી ઘટનાઓને હાઈલાઈટ કરવામાં આવશે અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા શેર કરવામાં આવશે. રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોમાં જાગૃતિ ફેલાવવા માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો. દ્વારા

# રિલાયન્સ કપ સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રીકટ ફુટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

## રિલાયન્સ કપમાં રાજ્યભરમાં ૫૬૦થી વધુ ખેલાડીઓ બતાવશે 'કૌવત'

**અબતક, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિયેશન (જી.એસ.એફ.એ.) દ્વારા આયોજિત રિલાયન્સ કપ સિનિયર મેન્સ ઈન્ટરડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટની ૪૨મી આવૃત્તિનો પ્રારંભ થયો છે, જે ગુજરાતભરમાં ટોચની ફૂટબોલ પ્રતિભાને ઝળકાવનારી સીમાચિહ્નરૂપ ઈવેન્ટ બની રહી છે. આ ટૂર્નામેન્ટનો ગાંધીનગર સ્થિત પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (પી.ડી.ઈ.યુ.) ફૂટબોલ ગ્રાઉન્ડ તથા અમદાવાદના નિકોલમાં આવેલા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત (એસ.એ.જી.) ફૂટબોલ ગ્રાઉન્ડમાં પ્રારંભ થયો છે.

આ વર્ષના રિલાયન્સ કપમાં પ્રતિષ્ઠિત ટ્રોફી માટે ૨૮ જિલ્લાની ટીમો વચ્ચે રોમાંચક મુકાબલા જોવા મળશે. વર્તમાન ચેમ્પિયન જૂનાગઢને તેમનું ટાઈટલ જાળવી રાખવા આકરી સ્પર્ધાનો સામનો કરવો પડશે. આ ટીમોને એસ.એ.જી. ગાંધીનગર અને એસ.એ.જી. નિકોલ સ્પોર્ટ્સ હોસ્ટેલમાં રહેવાની સગવડ આપવામાં આવી છે.

રાજ્યસભાના સાંસદ, જી.એસ.એફ.એ.ના પ્રમુખ તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ) શ્રી પરિમલ નથવાણીએ આ ટૂર્નામેન્ટના શુભારંભ અંગે ખુશી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત એવું બન્યું છે કે, રિલાયન્સ કપ સિનિયર મેન્સ ઈન્ટર-ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ૨૮ જિલ્લાની ટીમ ભાગ લઈ રહી હોય.

આ ટૂર્નામેન્ટ બે-સ્તરે યોજવામાં આવી છે, જે અંતર્ગત કુલ ૪૯ મેચ યોજાશે. પ્રથમ સ્તરમાં કુલ ૧૨ ટીમ ભાગ લેશે. જેમાં ગત વર્ષના પ્રદર્શનના આધારે આઠ ટીમ ક્વોલિફાય થઈ ચૂકી છે, જ્યારે બાકીના ચાર સ્થાન માટે દ્વિતીય સ્તરની ૨૦ ટીમો વચ્ચે લીગ-કમ-નોકઆઉટ ફોર્મેટમાં મુકાબલા થશે.

રિલાયન્સ કપમાં રાજ્યભરના ૫૬૦થી વધુ ખેલાડીઓને તેમની ક્ષમતા પ્રદર્શિત કરવાની તક મળશે તેની સાથે આ ટૂર્નામેન્ટ ઉભરતી પ્રતિભાઓને પણ અગત્યનો મંચ પૂરો પાડે છે.

રિલાયન્સ કપની ફાઈનલ મેચ આગામી ૨૮મી સપ્ટેમ્બરે પી.ડી.ઈ.યુ., ગાંધીનગર ખાતે યોજાશે. જી.એસ.એફ.એ. ગુજરાત રાજ્યભરમાં ફૂટબોલને આગળ લઈ જવા અને તેને પ્રમોટ કરવા વચનબદ્ધ છે. વિવિધ ટૂર્નામેન્ટ તેમજ વિકાસની પહેલોનો હેતુ રાજ્યમાં ફૂટબોલ ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓની માવજત કરવાનો તેમજ રમતનું સ્તર ઊંચુ લાવવાનો છે.

# અવંતી દેસાઇ લિખીત 'જસ્ટ લાઇક થેરાપી' પુસ્તકનું રવિવારે વિમોચન


## મહાનુભાવોની ઉપસ્થિતિમાં પુસ્તકનું વિમોચન કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ કલર લેબ વાળાના દિકરી રાજકોટમાં અવંતી દેસાઇ લીખીત 'જસ્ટ લાઇક થેરાપી યોર ડી.આઇ. વાય 'ગાઇડ ટુ અ હેપીયર યુ પુસ્તકનું ૨૨ સપ્ટેમ્બરને રવિવારના રોજ ઈમ્પીરીયલ હોટેલ ખાતે વિમોચન કરવામાં આવશે. પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



આ પુસ્તક વિશે અવંતી દેસાઈએ જણાવ્યું હતું કે, આ પુસ્તકના વિમોચનની ઘોષણા કરતાં ખુબ જ હર્ષની લાગણી અનુભવું છે. જે એક રમત બદલતી વર્ક બુક છે. જે ભાવનાત્મક સુખાકારી માટે પ્રેરણાદાયક અભિગમ પ્રદાન કરે છે. આ વ્યાપક માર્ગદર્શિતા તમારા વ્યક્તિગત ચિકિત્સક - ઈન - એ - પુસ્તક છે. જે વિચારો, લાગણીઓ અને




સંઘર્ષો દ્વારા કામ કરવા માટે સલામત અને સહાયક જગ્યા પ્રદાન કરે છે. આ પુસ્તક આત્મ, પ્રતિબિંબ, માઈન્ડફુઝનેસ અને વ્યવહારૂ સલાહનું અનોખું મિશ્રણ છે. જસ્ટ લાઈક થેરાપીઃ યોર ડી.આઈ. વાય ગાઈડ ટુ અ હેપીયર યુ પુસ્તક એમેઝોન, બાર્ન્સ અને નોબલ તેમજ અન્ય ઘણા નેટવર્ક દ્વારા ખરીદી કરી શકાશે.

વધુમાં જણાવ્યું હતુ કે, એક સાયકલોજીસ્ટ અને લેખક તરીકે મને માનવ મનની અવિશ્વસનીય સ્થિતિ સ્થાપકતા અને અનુકુલ ક્ષમતા જોવાની તક મળી છે. આપણા વિચારો, લાગણીઓ અને વર્તન એકબીજા સાથે જોડાયેલા છે. અવંતિ દેસાઇ શિક્ષણ અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રીત કરીને અત્યંત કુશળ કાઉન્સેલીગ સાથે હેલ્થ એન્ડ વેલનેસ ટીચર અને સ્કુલ કાઉન્સેલર સાથે અનેક વિવિધ ક્ષેત્રોમાં કુશળતા દર્શાવી છે. અને દિલ્હી પબ્લિક સ્કુલ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં કામ કર્યુ. અને માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રમાં યોગદાન આપ્યું છે. તેઓ હાલમાં અમદાવાદની શાંતિ એશિયાટિક સ્કુલમાં કામ કરે છે.

# પ્રગટ ચેરી. ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન

## ૧૧ દિકરીઓને સાસરે વળાવાશેઃ ૧૦૧ આઇટમો કરીયાવરમાં અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ નિઃસ્વાર્થ ભાવે વિવિધ માનવ સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૨૪ માં વર્ષે અગીયાર કન્યાઓના સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન તારીખ ૦૧/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ સમૂહ લગ્નમાં સામેલ દીકરી તથા દીકરા બંન્ને પક્ષોને સંસ્થા તરફથી ભોજનના ૨૫ પાસ આપાવામાં આવશે, તેમજ કર્યાવરમાં કન્યાઓને ૧૦૧ આઈટમ ભેટ આપવામાં આવશે. આ ફોર્મનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં.-૯/અ, મિલપરા મેઈન રોડ, રાજકોટ ઉપર વહેલા તે પહેલાના ધોરણે ઈચ્છુક વ્યક્તિએ મેળવી લેવા અનુરોધ કરાયો છે. તારીખ ૦૧-ડિસેમ્બરના સમૂહ લગ્નોત્સવમાં મીલપરા તથા લક્ષ્મીવાડી વિસ્તારના રહેવાસીઓને મહાપ્રસાદમાં પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, કશ્યપભાઈ ભટ્ટ, દેવાંગભાઈ જયમીલ પંડ્યા, પરેશ ગોહેલ, બિપીન ગોહેલ, કિશનભાઈ સુચક, પંકજભાઈ વ્યાસ, બકુલભાઈ સરવૈયા અન્ય કાર્યકરો સેવા આપી રહ્યા છે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ એસ. ભટ્ટ મો. ૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવો.

# ભાજપ કિશાન-મોરચાના મહામંત્રી ભરત રાદડીયાનો આજે જન્મદિવસ



શહેર ભાજપ કિશાન મોરચાના મહામંત્રી ભરતભાઈ રાદડીયા (ભાદાભાઈ)નો આજે જન્મદિવસ છે ત્યારે પોતાના જીવનમાં ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે ત્યારે પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાથી રંગાયેલા ભરતભાઈ રાદડીયા ભારતીય જનતા પાર્ટીમાં અનેકવિધ જવાબદારીઓ સંભાળી છે, વર્ષ ૨૦૦૨ માં સક્રિય સભ્ય તરીકેની જવાબદારી સંભાળી હતી. ૨૦૦૫ માં યુવા મોરચાના વોર્ડ પ્રમુખની જવાબદારી સંભાળી ચુક્યા છે. ૨૦૦૯ માં યુવા ભાજપમાં રમત ગમત સેલના કન્વીનર તરીકેની જવાબદારી સંભાળી હતી. ભરતભાઈ રાદડીયા હાલ શહેર ભાજપ કિશાન મોરચાના મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી રહયા છે. તેમજ રાજકીયની સાથોસાથ સામાજીક અને સેવાકીય ક્ષેત્રે પણ હંમેશા અગ્રેસર રહયા છે જેમાં રાજકોટ શહેરના રાદડીયા પરિવારના સંગઠન મંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહયા છે. ઉપલા કાંઠાના ભાદા માધા રાદડીયાના હુલામણા નામે ઓળખાતા તેમના જન્મદિવસે ભાજપ અગ્રણીઓ, મીત્રો, શુભેચ્છકો તરફથી તેમના મોબાઈલ નં. ૯૭૧૪૭૧૦૧૦૧ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

# સદસ્યતા અભિયાન અંતર્ગત

# વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યકિતઓને પ્રાથમિક સદસ્ય બનાવવા અનુરોધ કરતા મુકેશ દોશી

**અબતક,રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ માં સદસ્યતા અભિયાનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

કેન્દ્ર સરકારની યોજના અનુસાર રાજયના માન.પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજીની પ્રદેશ યોજના અનુસાર સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક ડ્રાઈવ કરી જુદા જુદા ક્ષેત્રના વિશિષ્ટ પાંચ (૫) વ્યક્તિઓને તા. ૧૭ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર સુધીમાં પ્રાથમિક સદસ્ય તરીકે નોંધવાના છે. જેમાં શિક્ષણ ક્ષેત્ર, ચિકિત્સા ક્ષેત્ર, વરિષ્ઠ વકીલો, લીગલ કર્મચારીઓ, રમતગમત, મૂર્તિકાર, માટીકાર, પેઈન્ટર, લાકડા આદિના રમકડાં બનાવનાર કલાકાર, સાંસ્કૃતિક ક્ષેત્રમાં નૃત્ય, સંગીત, ફિલ્મ ઉદ્યોગ, નાટક વિગેરે, સાહિત્યકાર ક્ષેત્ર, પ્રિન્ટ-ઈલેકટ્રોનિક, ડીજીટલ મીડીયા, નિવૃત અધિકારીશ્રીઓ વર્ગ-૧, વિજ્ઞાન અને ટેકનોલોજી,

એન્જિનિયર્સ-દરેક ક્ષેત્રના, દિવ્યાંગજન, કૃષિ-જૈવિક ખેતી સાથે સંકળાયેલ તમામ શ્રેણીના ખેડૂતો, પર્યાવરણવિદ, વન્યજીવ-વનસંવર્ધન, પશુચિકિત્સક, ગૌ-સંવર્ધન, મત્સ્યપાલન, જળસ્ત્રોત અને જળસંવર્ધન સાથે સંકળાયેલ તજજ્ઞો વિગેરે ઉદ્યોગપતિ, સ્ટાર્ટઅપ કંપનીઓના અગ્રણી,



એમ્એસ.એમ્ઈ. સાથે સંકળાયેલ અગ્રણી, વિવિધ સંઘ-એસોશીએશન સાથે સંકળાયેલ : રીક્ષા, ટ્રક, હાથલારી, ટેક્સી, મજૂર મહાજન, મેડીકલ, ટ્રેડ એસો. પ્રમુખ સહિત.. ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલ વ્યક્તિઓ, રેસ્ટોરન્ટ ઉદ્યોગ, મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ, વ્યાપાર વિશ્લેષકો, સી.એ., કંપની સેક્રેટરી, ટેક્સ સલાહકાર, આર્કિટેકટસ, આઈ.ટી.પ્રોફેશન, યુથ અને મહિલા આઈકોન, સેલ્ફ હેલ્પ ગ્રુપ, વિવિધ વ્યવસાયકારો વણકર, દરજી, મિસ્ત્રી, વાળંદ, કરિયાણના વેપારી, પાર્લર માલિકો વિગેરે, વીમા એજન્ટ, બસ, મેટ્રો, રેલ્વે, રીક્ષા ... ચાલકો, વિચરતી વિમુક્ત જાતિ, કિન્નર અખાડાના સભ્યો સહિતના જુદા જુદા ક્ષેત્રમાં જોડાયેલ વિશિષ્ટ વ્યક્તિઓને પ્રાથમિક સદસ્ય બનાવવાના છે, ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ જુદા જુદા ક્ષેત્રના વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક કરી પ્રાથમિક સદસ્ય નોંધવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ છે.

# ધીમહી એકેડેમીમાં યોજાયો વાઇઝ ઇન્વેસ્ટમેન્ટ ટોક-શો

**અબતક, રાજકોટ**

ધીમહિ એકેડમી, રીયલ નોલેજ, સ્કિલ ડેવલોપમેન્ટના કોર્સ માટે રાજકોટમાં ખુબ જાણીતી છે.



આ શનીવારે ધીમહિ એકેડમી પર "વાઇઝ ઈન્વેસ્ટમેન્ટ ટોક" ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાજકોટના યુવાનો, મોટેરાઓ દરેકે ખુબ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ ટોકમા દરેક લોકોએ ઈન્વેસ્ટમેન્ટ બાબતે પોતાના વિચારો રજુ કર્યા હતા. દરેક લોકોને આ કાર્યક્રમ ફાયદાકારક લાગ્યો અને આ પ્રકારનું સર્જનાત્મક આયોજન લોકોને ખુબ જ ગમ્યું હતું.

ભવિષ્યમાં પણ આ પ્રકારની ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે અને તેમાં મહત્તમ લોકોને ભાગ લેવા માટે ધીમહિ એકેડમીના આયોજકો દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

# ધમ્મકોટ કેન્દ્રમાં દશ-દશ દિવસીય બે વિપશ્યના શિબિરો યોજાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર દ્વારા રાજકોટ નવા ધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર ખાતે આગામી વિપશ્યના દસ દિવસની શિબિરનું તા. ૨૩ થી ૪-૧૦ અને બીજી શિબિર ૧૬-૧૦ થી ૨૭-૧૦ સુધીનું આયોજન કરેલ છે.

વિપશ્યના ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક સાધના પદ્ધતિ છે. જેમાં સાચું સુખ તથા સુમેળ ભર્યા જીવનનો સુખદ અનુભવ કરાવતી સહજ, સરળ, બિન સાંપ્રદાયિક સ્વાનુભવના આધારે જીવન જીવવાની અદભુત કળા શીખવવામાં આવે છે.

# ઈવનિંગ પોસ્ટના વડીલો માટે સંગીત સંધ્યાનો 'જલસો'

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં આજે ૫:૩૦ કલાકેએક શામ આપકે નામદ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.અને તા.૧૮ ને બુધવારનાં રોજ ૫:૩૦ કલાકેઝનકાર મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા.૨૧ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકેશ્રી જલકલા ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.તથા તા.૨૨ ને રવિવારનાં રોજ ૫:૩૦ કલાકેસ્વર સાધનાદ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, શાકિરભાઈ કુરેશી, સલીમભાઈ ચાનીયા અને મયુરભાઈ કોટક, એચ.પી. પેટલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.


# પવિત્ર શ્રાધ્ધના દિવસોમાં દીકરાનું ઘર વૃધ્ધાશ્રમને અનુદાન આપવા અનુરોધ

**અબતક,રાજકોટ**

દેશ-વિદેશમાં જાણીતું સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ છેલ્લા ૨૬ વર્ષથી ધરતીપુત્રોના ગામ ઢોલરામાં કાર્યરત છે અને ૬૦ વડીલો સંસ્થામાં પોતાની પાછોતરી જીંદગી આનંદથી પસાર કરી રહ્યા છે. ત્રણ એકરમાં પથરાયેલા અધતન સુવિધાઓથી સજ્જ "દીકરાનું ઘર વૃદ્ધાશ્રમની સમાજજીવનના વિવિધ ક્ષેત્રના આઠ લાખ લોકો મુલાકાત લઈ ચુક્યા છે. શ્રાદ્ધ પર્વનો પ્રારંભ થઈ રહેલ છે શ્રાદ્ધના પવિત્ર દિવસો દરમ્યાન નાના-મોટા, રાય-રંક સૌ કોઈ પોતાના પિતૃઓના આત્માની શાંતિ માટે પિતૃઋણ અદા કરવા માટે પોતાની શક્તિ મુજબ દાન-ધર્માદો, બ્રહ્મ ભોજન,બહેન-દીકરીઓ ભાણેજને ભોજન, બાળા રાજાઓને નાસ્તાનું વિતરણ, અન્નદાન-વસ્ત્રદાન સહિતના કાર્યો કરતા હોય છે

ત્યારે શ્રાદ્ધના પવિત્ર દિવસો નિમિતે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો- માવતરોને યાદ કરીને પોતાના દિવંગત પિતૃઓની સ્મૃતિમાં ૪૧૦૦/- રૂપિયા આપી એક ટંક સાદું ભોજન, ૬૧૦૦/- રૂપિયા આપી ભોજન સાદું આખો દિવસ, ૬૬૦૦/- રૂપિયા આપી એક ટંક મિષ્ટાન ભોજન, ૨૧૦૦/- રૂપિયા આપી સવારે ચા-નાસ્તો, ૧૫૦૦૦/ રૂપિયા આપી આજીવન તિથી યોજના લખાવીને સહાયરૂપ થવા શહેરીજનોને અપીલ વિશેષ માહિતી-પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬, સુનિલ વોરા ૯૮૨૫૨૧૭૩૨૦, નલિન તન્ના ૯૮૨૫૭૬૫૦૫૫ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# કરાટે ટુર્નામેન્ટના ઈન્ડોર સ્ટેડીયમમાં કચરાના ગંજઃ ખેલાડીઓમાં કચવાટ



**અબતક, રાજકોટ**

રાજકોટ એસઓજી ઈન્ડોર સ્ટેડીયમમાં કરાટે ફેડરેશન દ્વારા આયોજીત કરાટે ટુર્નામેન્ટમાં સ્ટેડીયમમાં સફાઈના અભાવથી ખડકાયેલા કચરાના ગંજથી ખેલાડીઓમાં ભારુ કચવાટ ફેલાયો હતો. એસઓજી ઈન્ડોર સ્ટેડીયમમાં સફાઈ ના અભાવના પગલે ઠેર ઠેર કચરા પ્લાસ્ટીક, નાસ્તાના વેપર અને ફળની સફાઈ ના અભાવે સ્ટેડીયમ આખુ ઉકરડા જેવું બની ગયાની ફરીયાદ ઉઠી છે. શહેરના પ્રખ્યાત એસઓજી સ્ટેડીયમ મા નિયમીત સફાઈ અને સાર સંભાળ રાખવા માંગ ઉઠી છે.

# વિમલનાથ જૈન સંઘ પારેખ ઉપાશ્રયે ઉજવાયો પર્યુષણ પર્વઃ સંઘ જમન



**અબતક, રાજકોટ**

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્કારિત શ્રીમતિ વસંતબેન પ્રવીણચંદ્ર પારેખ વિલમનાથ જૈન ઉપાશ્રય (ગોપાલ ચોક) ખાતે પૂ. ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી તપવી પૂ. કિરણબાઈ મ.સ. ની નિશ્રામાં પયુષણ પ્રસંગે ૧ માસક્ષમણ ૧૬-૧, ૧૧/૨, તેમજ અઠ્ઠાઈ, નવાઈ ૧૬ વગેરે તપસ્યા થવા પામેલ. પર્યુષણ સુધી વસંતબેન પારેખ તરફથી ત્રિરંગી સામાયિકની આરાધનમાં સેંકડો ભાવિકો જોડાયા હતા.તા. ૨૧-૯ ના અભય ભારદ્વાજ હોલમાં સ્વામી વાત્સલ્યનું આયોજન કરાયું છે. સંઘમાં ઉમંગ ભેર પર્યુષણ ઉજવાયા છે.

## ટીઆરપી અગ્નિકાંડમાં સંડોવાયેલા

# મહાપાલિકાના પૂર્વ એટીપી ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ જામીન માંગ્યા

## ફાયર ઓફિસર ઈલેશ ખેર અને ખેડૂત અશોકસિંહ સહિત ચારેયની અરજી અંગે કાલે સુનાવણી

**અબ તક, રાજકોટ**

રાજ્ય ચકચાર જગાવનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના કેસની ચાર્જશીટ મુકાઈ જતા સેશન્સ કમિટ થયા બાદ અશોકસિંહ જાડેજા અને આસિ.ફાયર ઓફિસર ઈલેશ ખેરની જામીન અરજીની તારીખ ૧૮ ના રોજ સુનાવણી પર રાખવામાં આવી હતી ત્યારબાદ જેલ હવાલે રહેલા રાજકોટ મહાપાલિકાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ જામીન અરજી દાખલ કરતા ચારેય ની સુનાવણી આવતી કાલે રાખવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગઈ તારીખ ૨૮/૫/૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી લેવામાં આવેલ ન હોય, તંત્ર દ્વારા ગેમ ઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠ હોવાના કારણે આ દુઃખદ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું, આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવી હતી. જે તપાસમાં ટીઆરપી ગેમ ઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા સહિતના જવાબદાર અધિકારીઓ વગેરે ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી , રાહુલ લલિતભાઈ રાઠોડ ,નીતિન મહાવીરપ્રસાદ લોઢા , અશોકસિંહ જગદીશસિંહ જાડેજા ,કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા ,જયદિપ બાલુભાઈ ચૌધરી ,રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા, આ કેસ સેશન્સ કમિટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેરની જામીન અરજી સંદર્ભે હાલની પરિસ્થિતિમાં બે વકીલો પહોંચી શક્યા ન હતા,

તપાસનીશ પોલીસ દ્વારા ઈલેશ ખેરની થયેલી જામીન અરજી સંદર્ભ સોગંદનામુ કરવાનું બાકી હોવાથી સંયુક્ત રીતે સમય માંગવામાં આવ્યો હતો, અનુસંધાને અદાલત દ્વારા પક્ષકારોની સાથે ચર્ચા વિચારણા કરીને તારીખ ૧૮ મી સપ્ટેમ્બર આગામી સુનાવણી રાખવામાં આવી હતી બાદ જેલ હવાલે રહેલા મહાપાલિકાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ જામીન અરજી દાખલ કરતા અદાલતે તપાસની સોગંદનામાં સાથે આવતીકાલે હાજર રહેવા જણાવ્યું છે હાથી ચારેયની જામીન અરજીની ચુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવશે.

આ કેસમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તુષાર ગોકાણી અને એડિશનલ પી.પી. નીતેષ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ સહિતના હોદ્દેદારો અને કારોબારી સભ્ય અજયસિંહ ચૌહાણ રોકાયા છે.

# એઆઈસીટીઇએ બીબીએ-બીસીએ કોલેજોની મંજૂરી માટે ૩૦મી સુધી પોર્ટલ ખોલ્યું

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે જ ૩૦થી વધુ બીબીએ-બીસીએ કોલેજોને મંજૂરી આપવામાં આવી

**અબતક, અમદાવાદ**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશનદ્વારા ચાલુ વર્ષથી બીબીએ-બીસીએ કોલેજોને મંજૂરી આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેના અનુસંધાનમાં ગુજરાત સહિત અનેક રાજ્યોમાં નવી બીબીએ-બીસીએ કોલેજોને મંજૂરી પણ આપવામાં આવી છે. મહત્ત્વની વાત એ છે કે, પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંચાલકોની રજૂઆતને આધારે કાઉન્સિલે ફરીવાર આગામી ૩૦મી સપ્ટેમ્બર સુધી નવી કોલેજોને મંજૂરી આપવાની દરખાસ્તો મગાવવાની જાહેરાત કરી છે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે હવે નવી કોલેજોને મંજૂરી માટે અરજી મગાવતાં અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં અત્યાર સુધી કોલેજોને જે તે યુનિવર્સિટી દ્વારા મંજૂરી અપાતી હતી. યુનિવર્સિટીઓ પોતાની જરૂરિયાતના આધારે સંચાલકો પાસેથી નવી કોલેજો માટે અરજીઓ મગાવીને સ્વનિર્ભર બીબીએ-બીસીએની કોલેજને મંજૂરી આપતી હતી, પરંતુ તાજેતરમાં કાઉન્સિલ દ્વારા એવી જાહેરાત કરાઈ હતી કે, હવે પછી બીબીએ-બીસીએ કોલેજોને ટેકનિકલ શિક્ષણની વ્યાખ્યામાં આવરી લઈને નવી કોલેજોની મંજૂરી કાઉન્સિલ જ આપશે. જે કોલેજો અસ્તિત્ત્વમાં છે તેઓએ પણ આગામી દિવસોમાં બેઠકોની વધ-ઘટ માટે કાઉન્સિલ પાસે જવું પડશે તેવું નક્કી કરાયું હતું. કાઉન્સિલની જાહેરાતના અનુસંધાનમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે જ ૩૦થી વધુ બીબીએ-બીસીએ કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. એટલું જ નહીં, આ તમામ કોલેજોએ હાલમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કાર્યવાહી પણ શરૂ દીધી છે.

# યુનિ.ઓમાં કોમન એક્ટ બાદ હજુ બોર્ડ-એક્ઝિક્યુટિવ કાઉન્સીલના સભ્યો નથી

## હાલમાં ગુજરાત યુનિવર્સિટીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલ ૨૨ સભ્યો પૈકી ૧૧ સભ્યોની જગ્યાઓ ખાલી

**અબતક, રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ થયા બાદ હજુ સુધી એક્ઝિક્યુટિવ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ જેવી બોડીઓમાં પૂરતા સભ્યોની નિયુક્તિ જ કરવામાં આવી નથી. એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલ ૨૨માંથી ૧૧ અને બોર્ડમાં ૧૬મીથી ૬ બેઠકો ખાલી હોવાના કારણે અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં ભારે મુશ્કેલી ઊભી થઈ રહી છે. રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં ઓગસ્ટ-૨૦૨૩માં કોમન એક્ટ લાગુ કરવામાં આવ્યા બાદ ૬ નવેમ્બરે સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી હતી. દરેક યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની રચના કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. હાલમાં ગુજરાત યુનિવર્સિટીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલ ૨૨ સભ્યો પૈકી ૧૧ સભ્યોની જગ્યાઓ ખાલી છે. જેમાં ૪ સભ્યો તો સરકારને નિયુક્ત કરવાના છે તે પણ હજુ સુધી કરવામાં આવ્યા નથી. આ જ રીતે બોર્ડમાં કુલ ૧૬ સભ્યો પૈકી ૬ સભ્યોની જગ્યાઓ ખાલી પડી છે. એક્ટનો અમલ થયા ને એક વર્ષ થવા છતાં હજુ સુધી બોર્ડ અને સત્તામંડળનોમાં પૂરતા સભ્યોની નિયુક્તિ જ ન થવાના કારણે ગુજરાત યુનિવર્સિટી સહિત અનેક યુનિવર્સિટીઓમાં કુલપતિ દ્વારા એકહથ્થુ શાસન ચલાવવામાં આવતું હોય તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે.ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં બોર્ડમાં જે સભ્યોની નિમણૂક કરવામાં આવી છે તે પૈકી મોટાભાગના સભ્યો વિવિધ ભવનોમાં પ્રોફેસર હોવાના કારણે તેઓ કોઈપણ નિર્ણયમાં કુલપતિનો સાચો વિરોધ પણ કરી શકતા નથી. આ ઉપરાંત કેટલાક પ્રોફેસરોની પહેલી જ વખત સત્તામંડળમાં નિમણૂક થવાના કારણે ખરેખર કેવા પ્રકારની કામગીરી કરવી તેની કોઈ જાણકારી જ નહોવાથી બેઠકમાં હાજરી આપવા સિવાય કોઈ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. આશ્ચર્યની વાત એ કે, સરકારે નિયુક્તિ કરવાની છે તે સભ્યોની પણ જાહેરાત કરવામાં આવતી નથી. સૂત્રો કહે છે કે હાલની સ્થિતિમાં બોર્ડ કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક મળે તો પણ કુલપતિ નક્કી કરે તે એજન્ડા પ્રમાણે કામગીરી કરીને સંતોષ માની લેવામાં આવે છે. આશ્ચર્યની વાત એ કે યુનિવર્સિટીમાં થોડા સમય પહેલા મળેલી બેઠકમાં વાર્ષિક બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આજ સુધી યુનિવર્સિટી દ્વારા બજેટની કોપી પણ જાહેર કરવામાં આવી નથી કે વેબસાઈટ પર પણ બજેટ અંગે કોઈ જાણકારી સુધ્ધા મુકવામાં આવી નથી. કોઈ સભ્ય વિરોધ કે માગણી કરે તેમ પણ ન હોવાથી હાલમાં કેટલા કરોડનું બજેટ છે તેનો આંકડો પણ જાહેર કરવામાં આવ્યો નથી.

# લોકમેળામાં સ્ટોલ-પ્લોટના રિફંડના રૂ.૧.૭૦ કરોડ ચૂકવાઈ ગયા

## હવે જે વેપારીઓ રિફંડ લેવા આવ્યા નથી તેઓના જ રૂ.૧૨ લાખ દેવાના બાકી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની શાન સમો રાજકોટનો લોકમેળો પ્રથમવાર લોકાર્પણ થયા બાદ રદ કરવો પડ્યો હતો. જેના કારણે લોકમેળા અમલીકરણ સમિતિને અંદાજે રૂ.૨ કરોડ જેટલું નુકસાન થવા પામ્યું છે. તો બીજી તરફ સ્ટોલ-પ્લોટના રિફંડના રૂ.૧.૭૦ કરોડ ચૂકવાઈ ગયા છે. હવે જે વેપારીઓ રિફંડ લેવા આવ્યા નથી તેઓના જ રૂ.૧૨ લાખ દેવાના બાકી રહ્યા છે.

રાજકોટના રેસકોર્ષ મેદાનમાં લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા ૨૪ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળા ધરોહરનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે જન્માષ્ટમીની રજાઓમાં જ ભારે વરસાદ મેળામાં વિઘ્ન બન્યો હતો. ૨૪ ઑગસ્ટે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે લોકમેળાનું લોકાર્પણ કર્યું હતું. દર વર્ષની જેમાં આ વર્ષે પણ પાંચ દિવસમાં લાખો લોકો મેળાની મુલાકાતે તેવી શક્યતા હતી. જો કે સતત વરસાદના કારણે રેસકોર્સ મેદાનમાં પાણી ભરાઈ ગયા હતા. શરૂઆતમાં વેપારીઓએ માંગ કરી હતી કે મેળાની તારીખ લંબાવવામાં આવે. જો કે હજુ આગામી દિવસોમાં પણ ભારે વરસાદની શક્યતા છે. એવામાં સરકારે લોકમેળો રદ કરવાનો જ નિર્ણય લીધો હતો. લોકોની સલામતીના હેતુસર ૨૭મી ઓગસ્ટથી ''ધરોહર'' લોકમેળો રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. લોકમેળાના આયોજન માટે મંડપ, ઈલેક્ટ્રિકલ વાયરીંગ તથા અન્ય ખર્ચાઓ મળીને કુલ મળીને આશરે રૂપિયા બે કરોડ જેવો ખર્ચો થયો છે.

વધુમાં સ્ટોલધારકોએ ભરેલી ભાડાની ૧૦૦ ટકા રકમ તથા ડિપોઝિટની ૧૦૦ ટકા રકમ લોકહિતમાં પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેની પ્રક્રિયા હાલ પૂર્ણ થવા આવી છે. જેમાં બી કેટેગરીમાં રૂ. ૪૪,૪૦,૦૦૦નું રિફંડ ચૂકવાઈ ગયુ છે. જ્યારે રૂ. ૩.૬૦ લાખ બાકી છે. સી કેટેગરીમાં તમામ રૂ. ૨.૪૦ લાખ રિફંડના ચૂકવાઈ ગયા છે. જે કેટેગરીમાં રિફંડના તમામ રૂ.૭૫ હજાર ચૂકવાઈ ગયા છે. કે કેટેગરીમાં રિફંડના રૂ. ૬૦ હજાર ચૂકવાઈ ગયા છે. જ્યારે ૧.૨૦ લાખ બાકી છે. એક્સ કેટેગરીમાં તમામ રૂ.૭૪.૪૦ લાખ ચૂકવાઈ ગયા છે. બી ૧ કેટેગરીમાં રૂ.૨૮ લાખ ચૂકવાઈ ગયા છે. જ્યારે રૂ. ૬.૧૨ લાખ ચૂકવવાના બાકી છે. બીર કેટેગરીમાં રૂ. ૧૩.૫૦ લાખ ચૂકવાઈ ગયા છે. જ્યારે રૂ. ૧.૫૦ લાખ ચૂકવવાના બાકી છે. ખાણીપીણી એ કેટેગરીમાં રિફંડના તમામ રૂ. ૫.૯૦ લાખ ચૂકવાઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે મેળાની સુરક્ષા માટે રૂપિયા ૧૦ કરોડનો વીમો પણ લેવામાં આવ્યો હતો.

જોકે આ મામલે લોકમેળા અમલીકરણ સમિતિએ વીમા કંપનીનો સંપર્ક કરતા એવું જાણવા મળ્યું હતું કે કુદરતી આપદાના કારણે મેળો રદ કરવામાં આવ્યો હતો. જેથી વીમા કંપની આ મામલે કોઈ રાહત આપી શકે તેમ નથી. જો મેળામાં કોઈ દુર્ઘટના કે જાનહાની સર્જાઈ હોત તો વીમા કંપની તરફથી રાહત મળી શકત.

# જૂની પેન્શન યોજના અંગે શિક્ષકોની ઓનલાઇન કામગીરીના બહિષ્કારનો કાર્યક્રમ હાલ મૌકુફ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં જૂની પેન્શન યોજનાના અમલીકરણને લઈને છેલ્લા ઘણા વર્ષોથી આંદોલન ચાલી રહ્યું છે. જેમાં મંગળવારના રોજ જૂની પેન્શન યોજનાના અમલ માટે પ્રાથમિક શિક્ષકો દ્વારા ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી. જોકે, સરકાર તરફથી અઠવાડિયાનો સમય માંગવામાં આવતા હાલ પૂરતો ઓનલાઈન કામગીરીના બહિષ્કારનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. જોકે ત્યારબાદ પણ જો જૂની પેન્શન યોજનાનો અમલ કરવામાં નહીં આવે તો ઓક્ટોબર માસમાં યોજાનારા ધરણાનો કાર્યક્રમ ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.સરકારી કર્મચારીઓને મળતી જૂની પેન્શન યોજનાને રદ કરીને નવી પેન્શન યોજના લાગુ કરવામાં આવી છે. જોકે નવી પેન્શન યોજનાને પગલે નિવૃત્ત થતા શિક્ષકો સહિતના કર્મચારીઓને નુકસાન જતું હોવાના પગલે જૂની પેન્શન યોજનાનો અમલ કરવા માટે લાંબા સમયથી માંગણી ઉઠવા પામી છે. જૂની પેન્શન યોજનાના અમલ માટે લાંબા સમયથી શિક્ષકો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યા છે. જેમાં ઢગલાબંધ વખત સરકારને આવેદનપત્ર પણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત આંદોલન પણ અનેક વખત કરવામાં આવ્યા છે. તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવાનું આશ્વાસન આપ્યા બાદ હજુ સુધી તેનો ઠરાવ બહાર પાડવામાં આવ્યો નથી.જૂની પેન્શન યોજનાને લઈને ઠરાવ બહાર પાડવામાં ન આવતા પ્રાથમિક શિક્ષકો દ્વારા ફરી આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજનાના અમલીકરણ માટે તમામ પ્રકારની ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જોકે, વડાપ્રધાન ગુજરાતના પ્રવાસે હોવાથી આંદોલનની અસર પડે તેમ હોઈ સરકાર દ્વારા પ્રશ્નના નિકાલ માટે અઠવાડિયાનો સમય માંગવામાં આવ્યો હતો. જેના પગલે પ્રાથમિક શિક્ષકો દ્વારા ઓનલાઈન કામગીરીના બહિષ્કારનો કાર્યક્રમ હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે.

## રોશની સમિતિના ચેરમેન પદે એક વર્ષ પૂર્ણ

# કાળુ કુગસીયાએ શહેરમાં અજવાળા પાથર્યા

## ૧ વર્ષમાં ૧૧૨૪ નંગ નવી સ્ટ્રીટલાઈટ રૂ.૫૬,૨૦,૦૦૦ના ખર્ચે ફીટ કરાય

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના રોશની સમિતિ ચેરમેન કાળુભાઈ કુગસીયાનો રોશની સમિતિ ચેરમેન તરીકેનો એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. ૧ વર્ષમાં નવી સેન્ટ્રલ લાઈટીંગ, નવી સ્ટ્રીટ લાઈટ, બ્રિજ પર રી-લાઈટીંગ, કોમ્યુનીટી હોલમાં ઈલેક્ટ્રીકલ રીનોવેશન, ગાર્ડનમાં લાઈટીંગ, હોકર્સ ઝોનમાં લાઈટીંગ, નવા રોડ પર સેન્ટ્રલ લાઈટીંગ જેવા અનેકવિધ કુલ રૂ.૩,૧૩,૯૨,૯૩૦/-ના ખર્ચે કુલ ૨૫ કામો હાથ ધરી, શહેરને રોશનીથી ઝગઝગાટ કરવામાં આવેલ છે.

વિશેષમાં રોશની વિભાગ દ્વારા છેલ્લાં ૦૧ વર્ષ દરમિયાન ૧૧૨૪ નંગ નવી સ્ટ્રીટલાઈટ રૂ.૫૬,૨૦,૦૦૦/-ના ખર્ચે ફીટ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની રોશની શાખા દ્વારા વિવિધ પ્રાથમિક સ્કૂલો, લાઈબ્રેરી, આરોગ્યકેન્દ્ર, વોર્ડ ઓફીસ વગેરે જેવા ૨૪ જેટલા લોકેશન/બિલ્ડીંગો પર અંદાજિત ૧૧૨ કેડબલ્યૂ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવા માટે રૂ.૬૮,૦૦,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે. આ સોલાર પ્લાન્ટથી માસીક અંદાજિત ૧૩,૪૪૦/- યુનિટ જનરેટ થાય



છે. જેનાથી માસીક અંદાજિત રૂ.૧૪૧,૧૪,૨૪૦/- તથા વાર્ષિક અંદાજિત રૂ.૧૩,૭૦,૮૮૦/- બચત થાય છે.

રાજકોટ મહાનગરપાલિકાના રોશની સમિતિના ચેરમેન તરીકેના કાર્યકાળમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, મ્યુનિસિપલ કમિશનર, શહેર ભાજપના મહામંત્રીઓ અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો.માધવ દવે, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેનો, કોર્પોરેટરો, ભાજપ સંગઠનનાં હોદેદારો, રાજકોટ મહાનગરપાલિકાના સર્વે અધિકારીઓ-કર્મચારીઓ, શહેરની ધાર્મિક-સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ, રંગીલા રાજકોટની જનતા તરફથી શહેરની વણથંભી વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં સતત સાથ અને સહકાર મળેલ છે.

## ગોંડલ નાગરિક બેંકના ચૂંટણીમાં જ્વલંત વિજય બાદ વિજય સભામાં

# બેંકના થાપણદારો અને ખાતેદારોના વિશ્વાસને ક્યાંય દાગ નહી લાગે: જયરાજસિંહ જાડેજા

## જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઇ, રાજભા જાડેજા, અશોકભાઇ પીપળીયા સહિત રાજકીય-અગ્રણીઓ દ્વારા આન-બાન-શાનને આંચ નહી આવવા દેવાનો સભાસદોને ખાતરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**





ગોંડલ નાગરિક બેંકની ચુંટણીમાં વિપક્ષને ઘોર પરાજય આપી ભાજપ પ્રેરીત પેનલ નો ધીંગો વિજય થયા બાદ રાત્રે ઉદ્યોગભારતી અયોધ્યા ચોક ખાતે ભાજપ દ્વારા વિજય સભાનું આયોજન કરાયુ હતુ. તેમાં જેના નૈતૃત્વ હેઠળ ચુંટણી લડાઇ તેવા પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ સભાસદોનો હાથ જોડી આભાર માન્યા બાદ જેમની પેનલ સહિત કારમી હાર થઈ છે તેવા યતિષભાઈ દેસાઈ ને સવાલ કર્યો કે તમે જાહેરસભામાં પડકાર કરેલો કે હારી જઈશ તો ચુંટણી લડીશ નહી, હવે હારી ગયા છો તો ચુંટણી લડાય ખરી? એક સિનિયર આગેવાન તરીકે સલાહ આપુ છુ કે આવા ચુકાદા પછી કોઈ પણ ચુંટણી લડવી જોઈએ નહી. જયરાજસિંહે કહ્યુ કે ગણેશને ચુંટણી લડવાનો મારો કોઈ આગ્રહ નહતો, દરેક સમાજમાંથી ગણેશને ચુંટણી લડાવવાની વાત આવી. બસ આ વાતે યતિષને દુખાવો થયો.

તેમણે કેટલીક યુટ્યુબ ચેનલો તેમના પરીવારને ટાર્ગેટ કરી રહી હોવા અંગે રોષ સાથે નારાજગી વ્યક્ત કરી કહ્યુ કે આ ચેનલો એવુ કહે કે ગણેશ જેલ માં દાંત કેમ કાઢે છે ? ભલા માણસ, દાંત નહી કાઢવા એવો કોઈ કાયદો છે ખરો? મને સારો કે ખરાબ કહેવાનો અધિકાર ગોંડલ ને છે. મારૂ પ્રમાણપત્ર આપનારા તમે કોણ? નાગરિક બેંકનાં પરીણામ દ્વારા આવી ચેનલોને ગોંડલનાં મતદારોએ જવાબ આપી દીધો છે.

જયરાજસિહે કહ્યુ કે આધુનિક અને સુવિધાઓ સાથે બેંક નુ નવુ બિલ્ડીંગ બનશે.તેમણે કહ્યુ કે સભાસદો એ અશોકભાઈ પીપળીયા ની નીતીમતા અને સુદ્રઢ વહીવટ ને મત આપ્યા છે.ત્યારે સભાસદો નાં વિશ્વાસ ને ક્યારેય દાગ નહી લાગે.

નગરપાલિકાનાં કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજાએ તેજાબી વ્યકતવ્યમાં યતિષભાઈ દેસાઈ ને આડે હાથ લઈ કહ્યુ કે તેમનુ કામ ચોમાસાની ઋતુની જીવાત જેવુ છે.જ્યાંરે ચુંટણીઓ આવે આ જીવાત આવી જાય. ગણેશભાઈની કોરોનાકાળ, પુરગ્રસ્ત સ્થિતી સમયની સેવાઓ લોકો ભુલ્યા નથી પણ તે યતિષભાઈ ને ખબર નથી ! યતિષભાઈ ખોટી રીતે વિરોધ કરવા ટેવાયેલા છે.સો વર્ષ જુના રાજાશાહી વખતનાં ભગાબાપુનાં બન્ને પુલ ને હજુ સો વર્ષ સુધી કંઈ થાય તેમ નથી. તેમ છતા કોર્ટને ગુમરાહ કરી પુલ બંધ કરાવી ગોંડલને બાનમાં લીધુ છે. પુલ બંધ થતા મમરા, સિમેન્ટ સહિત ઉદ્યોગને ભારે ફટકો પડ્યો છે. તેમણે કહ્યુ કે ગોંડલનાં હીતમાં યતિષભાઈ એ હમેંશા અવરોધ નાખ્યા છે. બેંક નો ચુકાદો તેની ગવાહી છે.

નગરપાલિકાનાં પુર્વ પ્રમુખ મનસુખભાઈ સખીયા એ કહ્યુ કે યતિષભાઈમાં નૈતિકતા જેવુ જરા પણ હોય તો આ નાલેશી સ્વીકારવી જોઈએ. યતિષભાઈ એ બેંક ના તેમના સાશન સમયે બેંક ને ખોતરી ખાધી હતી. તે પછી અશોકભાઈ પીપળીયાએ કરેલા પ્રજાલક્ષી વહીવટને મતદારોએ સ્વિકાર્યો છે.

બેંકના ડીરેકટર ઓમદેવસિંહ જાડેજાએ ટકોર કરી કે યતિષભાઈએ નેગેટિવ રાજનીતી દાખવી છે. પ્રજા માટે પોઝીટીવ રાજનીતી દાખવવાની હોય. મુસ્લિમ સમાજનાં આગેવાન ફતેહમહમદ નુરસુમારે શાયરાના અંદાજમાં વિપક્ષની હારને છેલ્લો જનાજો ગણાવ્યો હતો.વરીષ્ઠ આગેવાન કનકસિંહ જાડેજાએ કહ્યુ કે નાગરિક બેંક રોજી રોટી આપનારી બેંક છે. તેના પર કાદવ ઉછાળવો યોગ્ય નથી. અશોકભાઈએ બેંકમાં વિકાસ નો ઈતિહાસ રચ્યો છે.

વિજયસભામાં ઉપસ્થિત જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ કહ્યુ કે બેંકની ચુંટણીમાં ઈમાનદારીનો વિજય થયો છે. ગોંડલના આન, બાન અને શાનનું રક્ષણ જયરાજસિહ કરે છે. કોઈ લુખ્ખાઓ હાની પહોંચાડે તો તેને સીધાદોર કરવાનું કામ પણ જયરાજસિહ જાડેજા કરે છે. વિજય સભામાં ચેરમેન અશોકભાઈ પીપળીયા સહિત વિજેતા ઉમેદવારો ઉપરાંત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકામાં ગૃહક્લેશનો કરૂણ અંજામ : પત્નીની હત્યા નીપજાવી પતિનો આપઘાત

## માતા–પિતાના ઝઘડાએ બે માસુમ સંતાનોને નિરાધાર બનાવી દીધા : સુરજકરાડી પંથકમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સૂરજકરાડી પંથકમાં સોમવારે મોડીસાંજે ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં કથિત ગૃહકંકાસમાં ડ્રાઈવિંગ અને મજૂરીકામ કરતા યુવાને તેના પત્નીની તીક્ષ્ણ હથિયાર છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવીને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધાનો બનાવ બહાર આવ્યો છે. બનાવ મામલે જાણ થતા પોલીસ ઘટનાસ્થળ પર દોડી ગઈ છે. હત્યાના બનાવે સૂરજકરાડી પંથક સહિત દેવભૂમિ પંથકમાં ભારે એરરાટી સાથે ચકચાર જગાવી છે.

પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર દ્વારકા જિલ્લાના સૂરજકરાડીમાં આશાપુરા સોસાયટી પાછળના ભાગના વિસ્તારમાં રહેતા ભાવનાબેન વલિયાભા માણેક (ઉ.વ.૩૦) નામની પરિણીતાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.જે સાથે જ રૂમમાં તેના પતિ વલિયાભા મોમૈયાભા માણેક (ઉ.વ. ૩૪)નો પણ ફાંસો ખાધેલી હાલતમાં મૃતપ્રાય દેહ મળી આવ્યો હતો. આ બનાવની જાણ થતાં જ મીઠાપુર પોલીસની ટીમ તાકીદેઘટનાસ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવા માટે તજવીજ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક ભાવનાબેનને તીક્ષ્ણ હથિયાર છરીના ઘા ઝીંકી દેવાતા તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું તારણ સામે આવ્યું હતું.જે સાથે તેના પતિ વલિયાભા મોમૈયાભા માણેક પણ ગળાફાંસો ખાધેલી હાલતમાં રૂમ અંદર લટકતા મૃત હાલતમાં મળી આવ્યા હતા.પતિ અને પત્ની લગભગ ત્રણ ચાર માસથી અલગ અલગ રહેતા હોવાનું જાણવા મળ્યું છે. સંભવત દંપતી વચ્ચે બોલાચાલી થતા આવેશમાં આવી આ ખૂની ખેલ બાદ પતિએ પણ ગળાફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

આ સમગ્ર બનાવ મામલે ફરિયાદ નોંધવા પોલીસે તજવીજ હાથ ધરી છે. બનાવની જાણ થતા પીઆઈ ટી.સી. પટેલ તથા સ્ટાફ તાકીદે ઘટનાસ્થળ પરદ દોડી ગયા હતા.

બનાવ મામલે તપાસ પણ શરૂ કરાઈ છે.

વિધિવત ફરિયાદમાં બનાવનું કારણ સ્પષ્ટ થશે.આ બનાવે સૂરજકરાડી સહિત દેવભૂમિ પંથકમાં ભારે ચકચાર સાથે અરેરાટી જગાવી છે.

જાણવા મળ્યા મુજબ મૃતક દંપતીને સંતાનમાં આઠ–નવ વર્ષનો પુત્ર તથા એક તેનાથી પણ નાની પુત્રી છે. સંભવત બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા આ બનાવમાં પતિ અને પત્ની બંનેએ જીવ ગુમાવતા હાલ બે માસૂમ બાળકે માતા–પિતાનું છત્ર ગુમાવ્યું

# ધોળકિયા સ્કુલની વિદ્યાર્થીનીઓની ખો-ખો સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

**અબતક, રાજકોટ**

તાજેતરમાં વડોદરા ખાતે કે.કે.એફ.આઈ. તથા ખેલો ઈન્ડિયા વુમન્સ લીગનું સિલેકશન હતું જેમાં જી.કે. ધોળકિયા ડી.એલ. એસ.એસ. સ્કુલની ચાર દીકરીઓ પરમાર શ્રધ્ધાબા, વાજા દિપીકા, વંશ ઉર્વશી તથા ડાભી નેન્સીનું રાષ્ટ્રીય કક્ષાએ સિલેકશન થયેલ છે. જેના માર્ગદર્શક સુદિપભાઈ તથા શાળાના ટ્રસ્ટી જીતુભાઈએ અભિનંદન પાઠવ્યા હતા.



# સાયલા નજીક કુરિયરની આડમાં લઈ જવાતો ૩.૩૭ લાખના વિદેશી દારૂ બિયર સાથે બે ઝડપાયો

**અબતક રાજકોટ**

સાયલા નજીક કુરિયરના માલ સમાનની આડમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે પોલીસે ટ્રકને રોકી તપાસ કરતા ટ્રક માંથી અલગ અલગ વિદેશી દારૂ બિયરના ૮.૩૭ લાખના જથ્થા સાથે ટ્રક ડ્રાઈવર સહીત બે બુટલેગરની ધરપકડ કરી માલ મગાવનાર શખ્સની પૂછ પરછ હાથ ધરી હતી જેમાં પોરબંદરના શખ્સનું નામ સામે આવતા તેને પકડી પાડવા પોલીસે તજવીજ હાથ ધરી છે

બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સાયલા પોલીસ મથકના સટાફ પેટ્રોલિંગમા હતા ત્યારે સુદામડા ગામના બોર્ડ પાસે પહોંચતા સચોટ બાતમી મળી હતીકે એક ટાટા કંપનીનો લાલ કલરનો ટ્રકમા કુરિયરના માલ સમાનની આડમાં વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરી ટ્રક લીંબડી તરફ જઈ રહ્યો છે. મળેલ બાતમીના આધારે પોલીસે સુદામડા ખાતે નેશનલ હાઈવે પર વોચ ગોઠવી સાયલા તરફથી આવતા ટ્રકને રોકી ચેક કરતા કુરિયરના સમાન વચ્ચે અલગ અલગ બ્રાન્ડની ૨૫૨બોટલ, બિયર ટીન ૫૫૨ નંગ નાના ચપલા ૨૩૫૨નંગ તથા ટ્રક મળી કુલ રૂ. ૮.૩૭ લાખના મુદ્દા માલ સાથે નરેશ કિશન પરમાર અને સબીર ઉર્ફે ફોડલો યુનુષ હાજી માંકડ રહે બન્ને પોરબંદર વાળાની ધરપકડ કરી મુદ્દા માલ કોનો છે તેની પૂછ પરછ કરતા વિશ્વજીતસિંહ ઉર્ફે બાપુ મહેન્દ્રસિંહ રાણા રહે પોરબંદર વાળાનો હોવાનુ સામે આવ્યું છે. પોલીસે સમગ્ર બનાવની નોંધ કરી ટ્રક ડ્રાઈવર કલીનરની ધરપકડ કરી હતી. જયારે માલ મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી પાડવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સોરઠના બુટલેગર લાખા કોડીયાતરના મકાનમાંથી ૬.૮૬ લાખનો શરાબ પકડાયો

## જુનાગઢ એલસીબીએ દરોડો પાડી કટીંગ થાય તે પૂર્વે ૧૬૧૭ બોટલ વિદેશી દારૂ કબજે કર્યો

**અબતક, જુનાગઢ, ચિરાગ રાજ્યગુરુ**

જુનાગઢ શહેર ના ગાંધીગ્રામ લીરબાઈ પરા વિસ્તારમાં રહેતા નામચીન બુટલેગર લાખા પરબત કોડીયાતરના મકાનમાં વિદેશી દારૂ સગેવગે થાય તે પૂર્વે એલસીબી એ દરોડો પાડી રૂપિયા ૬.૮૬ લાખની કિંમતનો ૧૭ ૧૬ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કરી નાસી છૂટેલા લાખા પરબત કોડીયાતરની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ સોરઠ પંથકમાં વિદેશી દારૂની બદી ડામી દેવા એસ.પી હર્ષદ મહેતાએ આપેલી સૂચનાને પગલે એલસીબીના પી.આઈ જે.જે.પટેલ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે જુનાગઢ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ લીરબાઈ પરામાં રહેતા લાખા પરબત કોડીયાતર નામના શખ્સે પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો કટીંગ અર્થે છુપાવ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સિસોદિયા,



દિપકભાઈ બળવા અને દિવ્યેશકુમાર ડાભીને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મકાનમાં છુપાવેલો રૂપિયા ૬.૮૬ લાખની કિંમતનો ૧૭ ૧૬ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો છે. દરોડાની ગંધ આવી જતા બુટલેગર લાખા પરબત કોડીયાતર નાસી જવામાં સફળ રહ્યો હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં લાખા પરબત કોડીયાતર સામે જુનાગઢ ,મેંદરડા ,પોરબંદર ,વેરાવળ ,વંથલી ,માળીયાહાટીના , જુનાગઢ શહેર અને અમરેલીના બગસરા પોલીસ મથકના ચોપડે મળી ૧૧ ગુનામાં વિદેશી દારૂના ગુનામાં ચડી ચૂક્યો છે

### (પહેલા પાનાનું ચાલું) મોદી...

જ નહીં પણ તેઓની સખત મહેનત અને આ ઉંમરે પણ તેઓની ફિટનેસ દેશવાસીઓ માટે પ્રેરણાસમાન છે.

ગુજરાતના વડનગરના એક સાધારણ પરિવારમાં જન્મેલા નરેન્દ્ર મોદીએ બાળપણમાં પિતાને ચા વેચવામાં મદદ કરી હતી. નરેન્દ્ર મોદીઃ ધ મેન ધ ટાઈમ્સ નામના પુસ્તકમાં નિલંજન મુખોપાધ્યાય લખે છે કે વડનગર રેલવે સ્ટેશન પર મોદીના પિતાની ચા ની કીટલી હતી. આ પછી તેમણે પોતાના ભાઈ સાથે બસ સ્ટેન્ડ પાસે એક ચાની દુકાન પણ ચલાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માત્ર ૧૭ વર્ષની ઉંમરે જ પોતાનું ઘર છોડીને આખા દેશમાં ફરવાનો નિર્ણય કર્યો હતો. ભારત યાત્રા દરમિયાન તેઓ હિમાલયમાં ગરુડચટ્ટી ખાતે રોકાયા તો પશ્ચિમ બંગાળના રામકૃષ્ણ આશ્રમની મુલાકાત લીધી અને પૂર્વોત્તરમાં પણ ગયા હતા. આ યાત્રાઓની નરેન્દ્ર મોદીના જીવન પર ઘણી અસર પડી હતી. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘથી આગળ વધીને ૧૯૮૮માં નરેન્દ્ર મોદીને ભાજપના ગુજરાતના સંગઠન સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સાથે જ તેમણે ચૂંટણીલક્ષી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ભાજપના સંગઠનમાં નરેન્દ્ર મોદી ધીરે ધીરે આગળ વધ્યા અને ૧૯૯૦માં પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીની અયોધ્યા રથયાત્રા અને ૧૯૯૧-૯૨માં મુરલી મનોહર જોશીની એકતા યાત્રાના સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવી ત્યારે તેમને ઓળખ મળી હતી. આ પછી તેમણે રાજ્યોમાં પાર્ટી દ્વારા આપવામાં આવેલી જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખ્યું હતું.

**મોદીએ ક્લાસ લીધા...**

વડાપ્રધાને રાજ્યમાં અતિવૃષ્ટિ પછીની સ્થિતિ અંગેનો રિપોર્ટ પણ માંગ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતમાં છેલ્લા ઘણાં મહિનાઓથી દુર્ઘટનાઓ, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે વિચિત્ર રાજકીય પરિસ્થિતિ સર્જાઈ છે. કેટલાક ધારાસભ્યો અને નેતાઓનો જાહેરમાં બફાટ પણ કર્યા હતા. આ ઉપરાંત વડોદરાના પૂર તેમજ અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી સમસ્યા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રદેશ નેતાઓના ક્લાસ લીધા હતા.

રાજભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિનિયર મંત્રીઓ, પાર્ટીના નેતાઓ અને અધિકારીઓ સાથે અલગ-અલગ મંત્રણા કરી હતી. ગુજરાતની મુલાકાત દરમિયાન તેમણે સરકારના વહીવટી તંત્ર અને સંગઠનની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક મુદ્દે નારાજગી વ્યક્ત કરી ગંભીર નોંધ લીધી હતી. જીએમડીસીનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી રાજભવન આવીને વડાપ્રધાન મોદીએ સિનિયર મંત્રીઓ, પાર્ટીના પ્રદેશ નેતાઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી.

### (ત્રીજા પાનાનું ચાલુ) દેશ માટે...વડાપ્રધાન

ઉમેર્યું હતું.

વિકસિત ભારત વિકસિત ગુજરાત સમારંભમાં સ્વાગત પ્રવચન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ધ્યેય સાથે વિકસની ગતિ તેજ રાખી છે અને એટલે જ દેશની જનતાએ ત્રીજી ટર્મમાં પણ તેમના નેતૃત્વને સમર્થન આપ્યું છે. નરેન્દ્રભાઈએ રાષ્ટ્રનિર્માણની નેમ યથાવત રાખીને આજે ગુજરાતને રૂ. ૮૦૦૦ કરોડથી વધુના વિકાસ લાભ ગુજરાતને આપ્યા છે. તેમની દીર્ઘદષ્ટિનો લાભ આપણને સૌને સતત અઢી દાયકાથી મળી રહ્યો છે, તેમાં આજે વધુ એક પિંછું ઉમેરાયું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં વિશ્વની સૌથી મોટી એફોર્ડેબલ હાઉસિંગ યોજના દેશમાં કાર્યરત કરાઈ છે, તો દેશના મધ્યમ – ગરીબ વર્ગના ૪ કરોડ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પોતીકા ઘર મળ્યાં છે અને વધુ ૩ કરોડ ઘર બનાવવાનો લક્ષ્યાંક વડાપ્રધાનએ રાખ્યો છે. એ જ શ્રૃંખલામાં ગુજરાતમાં આજે આવાસ, ઊર્જા, આવાગમન અને અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રના વિવિધ વિકાસના પ્રકલ્પો લોકાપર્ણ - ખાતમુહૂર્ત કરાયા છે. તેને પગલે રાજ્યમાં આજે ૫૦ હજારથી વધુ શહેરી અને ગ્રામીણ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોની ભેટ મળવાની છે. આ સાથે રાજ્યમાં ૯ લાખથી વધુ શહેરી અને સાડા પાંચ લાખથી વધુ ગ્રામીણ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પોતીકા મકાન મળ્યા છે. એ દૃષ્ટિએ 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના અમલમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનના નેતૃત્વમાં ગુજરાત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, સોલાર રૂફટોપ અને રિન્યુએબલ એનર્જીની બાબતમાં પણ ગુજરાત દેશનું અગ્રિમ રાજ્ય છે. પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજનાનો લાભ મળ્યો છે. એટલુંજ નહિ પણ નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં રાજ્યનાં શહેરો સ્માર્ટ, ગ્રીન અને ક્લીન બનવા તરફ આગળ વધ્યાં છે. ગુજરાતનું અર્બન ડેવલપમેન્ટ અને અર્બન ટ્રાન્સફોર્મેશન વડાપ્રધાનના વિકાસ વિઝનને આભારી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં મોર્ડન અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચરનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રસ્તા- વીજળી અને પાણી પુરવઠા તેમજ સુએજ જેવી પાયાની સવલતો છેક છેવાડા સુધી પહોંચી છે. તો બીજી તરફ રાજ્યના મોટાં શહેરોમાં ઉતમ પરિવહન સુવિધાએ લોકોની સુખાકારીમાં વધારો કર્યો છે.

રાજ્યની પરિવહન નસ બની રહેલી મેટ્રોના પાયામાં નરેન્દ્રભાઈની મોદીની સૂઝનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગાંધીનગર, અમદાવાદ અને ગિફ્ટ સિટી એમ ત્રણેયને પરસ્પર જોડતી મેટ્રો ટ્રેનના ફેઝ-૨નું લોકાર્પણ કરીને રાજ્ય સહિત દેશને વધુ એક ઉત્તમ આવાગમન પ્રકલ્પની ભેટ આપી છે. રાજ્યના અમદાવાદ અને ગાંધીનગર તથા ફિનટેક સિટી - ગિફ્ટ સિટી હવે મેટ્રોની ઝડપી પરિવહન સેવાથી જોડાઈ ગયા છે ત્યારે રાજ્યના વિકાસને વધુ વેગ મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વંદે ભારત ટ્રેનોની પરંપરા નરેન્દ્રભાઈ શરૂ કરાવી હોવાનું જણાવી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ ભૂજથી અમદાવાદ વચ્ચે આજથી શરૂ થઈ રહી છે સાથે સાથે આજે દેશમાં વધુ નવી ૬ વંદે ભારત ટ્રેનો પણ આજથી જ શરૂ થવાની છે. ગુજરાતની ધરતી પરથી આ કાર્ય થઈ રહ્યું છે, તેનું આપણને સૌને ગૌરવ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સક્ષમ નેતૃત્વમાં 'અર્થ અંત્યોદય, પ્રણ અંત્યોદય અને લક્ષ્ય અંત્યોદય'ના સંકલ્પથી ગુજરાતની વિકાસયાત્રાને વધુ આગળ લઈ જવી છે. વિકસિત ભારતના નિર્માણમાં દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત અગ્રિમ યોગદાન આપશે, તેવી સંકલ્પના વ્યક્ત કરી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આપણે સૌ સાથે મળી વિકસિત ગુજરાતના નિર્માણથી, વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરીએ.

આ સમારંભમાં વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ- ખાતમુહૂર્તની સાથે સાથે વડાપ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના છ લાભાર્થીઓને પ્રતીકાત્મક રીતે ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યના મંત્રીઓ સર્વે કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, રાઘવજીભાઈ પટેલ, જગદીશ વિશ્વકર્મા, કુંવરજીભાઈ હળપતિ, અમદાવાદનાં મેયર પ્રતિભા જૈન, જિલ્લા પંચાયતનાં પ્રમુખ કંચનબા વાઘેલા, સ્થાનિક સંસદસભ્યઓ તથા ધારાસભ્યઓ મંચ પર ઉપસ્થિત હતા.

# ચોટીલા પોલીસને રાત્રી પેટ્રોલીંગ દરમિયાન નડયો અકસ્માત

## હાઈવે પર પશુ આવી જતા ચાલકે કાબુ ગુમાવતા જીપ ખાડામાં ખાબકીઃ બે પોલીસ કર્મચારીને ઈજા

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે ચોટીલા પોલીસ મથકની સરકારી જીપનો અકસ્માત સર્જાયો હતો જેમાં બે પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલા પોલીસ મથકની સરકારી જીપમાં રાબેતા મુજબ પોલીસ કર્મચારીઓ રાત્રીના સમયે પાયલોટીંગમાં જઈ રહ્યાં હતાં તે



દરમ્યાન ચોટીલા અને સાયલા વચ્ચે હાઈવે પર અચાનક પશુ આવી જતા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા જીપ રસ્તા પરથી નીચે ઉતરી ખાડામાં ખાબકી હતી. જેની જાણ થતાં આસપાસના વાહનચાલકો સહિતનાઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને અકસ્માતગ્રસ્ત પોલીસ જીપમાંથી પોલીસ કર્મચારીઓને સલામત રીતે બહાર કાઢ્યા હતા જેમાં બે પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતાં. જ્યારે આ બનાવની જાણ ચોટીલા પોલીસ મથકે થતાં અન્ય પોલીસ કર્મચારીઓ પણ બનાવ સ્થળે આવી પહોંચ્યા હતા અને વધુ તપાસ હાથધરી હતી. જ્યારે અકસ્માત બાદ બીજે દિવસે જીપને જેસીબીની મદદથી બાવળોની ઝાડીમાંથી બહાર કાઢવાની તજવીજ હાથધરવામાં આવી હતી.

### (ચોથા પાનાનું ચાલુ) કલબ યુવી

સ્ટેજ ફરતે રાઉન્ડ એલ.ઈ.ડી. સ્ક્રિન ફોરમેટ થી સજાવટ થશે. કમલ સાઉન્ડ દ્વારા ૨,૫૦,૦૦૦ ની હાઈટેક એટીએકસ લાઈન એરે સાઉન્ડ સીસ્ટમ ફુડઝોન કેન્ટીન, ઈન્ટરનલ પાર્કીંગ, તથા ટાઈટ સીકયોરીટી સહીતનું પ્લાનીંગ અમલી બનાવ્યું છે. સમગ્ર ઈવેન્ટનું લાઈવ પ્રસારણ તથા સ્પોન્સર દાતાઓની પ્રોડકટને ઉજાગર કરાશે. કલબ યુવી ની વેબસાઈટ યુ ટયુબ તથા ફેસબુક લાઈવ દ્વારા નવરાત્રીનું દુનીયાભરમાં લાઈવ પ્રસારણ થશે. તથા કલબ યુવી નવરાત્રી મહોત્સવ સ્થળે ખેલૈયાઓ તથા દર્શકો માટે એમ્બ્યુલન્સ સાથે મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવશે.

**બી.પી. સવાણી હોસ્પિટલ**

પ્રોત્સાહન આપવા નોંધપાત્ર યોગદાન આપ્યુંહતું. એકંદરે આ સેમિનારન`એક મોટી સફળતા સાંપડી હતી. બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ અને ઈન્ડિયન મેડીકલ એસો.ને ડોકટરોમાં તેમના જ્ઞાન અને કૌશલ્ય વધારવા માટે આવા સેમીનાર સમયાંતરે યોજવા કટીબદ્ધતા દર્શાવી હતી.

**મારવાડી યુનિ.**

કેટેગરીમાં મારવાડી યુનિવર્સિટીની અન્ય એક વિદ્યાર્થિની આયુષી ગજ્જરે વેઈટલિફ્ટિંગમાં આકર્ષક પ્રદર્શન આપી સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. તેણે ૭૮ કિગ્રા ૧૦૧ કિગ્રાના જર્ક અને કિલન સહિત કુલ ૧૭૯ કિગ્રાનું વજન ઉપાડી પોડિયમ પર પોતાનું સ્થાન સુનિશ્ચિત કરતાં ગુજરાત ટીમનું ગૌરવ વધાર્યુ હતું.

બંને એથ્લેટ્સે મારવાડી યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ ક્વોટામાં એડમિશન મેળવ્યું હતું.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, અસ્મિતા ખેલા ઈન્ડિયા વુમન્સ વેઈટલિફ્ટિંગ લીગમાં વિદ્યા શર્મા અને આયુષી ગજ્જરની સિદ્ધિ પર અમને ખૂબ ગર્વ છે. તેમની સફળતા સ્પોર્ટ્સ ક્ષેત્રે તેમની શિસ્તતા, સમર્પણ અને અથાગ પ્રયાસોને દર્શાવે છે.

મારવાડી યુનિવર્સિટી વિવિધ ક્ષેત્રે આ પ્રકારની પ્રતિભાઓને પ્રોત્સાહન આપતો માહોલ પૂરો પાડવા મોટાપાયે રોકાણ કરે છે. એથ્લેટ્સને તમામ પ્રકારના જરૂરી સાધનો, મેન્ટરશીપ, અને પ્રોત્સાહનો પૂરા પાડીએ છીએ, જે તેમના માટે પ્રેક્ટિસ દરમિયાન જરૂરી છે, જેથી તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના રમત કૌશલ્યથી જીત હાંસલ કરવા સક્ષમ બને. વિદ્યા અને આયુષી તેમના હરીફો માટે પ્રેરણાદાયી ઉદાહરણ બન્યા છે.

### (અગીયારમા પાનાનું ચાલું) શિક્ષણ બોર્ડની ચૂંટણી...

નહીં પરંતુ ગ્રાન્ટેડ શાળાઓના પ્રશ્નોને પણ વાચા આપવા અને તેમનો ઉકેલ લઈ આવવાના ઉદ્દેશ્યથી અને શિક્ષણના સર્વાંગી વિકાસ માટેની ખેવનાથી આ ચૂંટણી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ લડી રહ્યું છે. ત્યારે આવા ઉમદા ઉદ્દેશ્યથી થનારી આ ચૂંટણીને રાજ્યના તમામ સંચાલકો તરફથી ખૂબ જ બહોળો, હકારાત્મક અને ઉત્સાહવર્ધક પ્રતિસાદ મળી રહે છે. ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ ગુજરાત રાજ્યના તમામ સંચાલકોને તારીખ ૨૪મી સપ્ટેમ્બર, મંગળવારના રોજ મેહુલભાઈ પરડવાના સમર્થનમાં અને તેમની તરફેણમાં બહોળી સંખ્યામાં મતદાન કરવા માટે હાર્દિક અપીલ કરે છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંચાલક સંવર્ગની સામાન્ય ચૂંટણીમાં મેહુલભાઈ પરડવાની જીત સુનિશ્ચિત કરવા માટે ગુજરાત શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, મહામંત્રી અજયભાઈ પટેલ, ચેરમેન તથા સલાહકાર ચુનીભાઈ ગજેરા, ઉપપ્રમુખ જતીનભાઈ ભરાડ, મહામંત્રી રાજેશભાઈ નાકરાણી, સંયોજક મનહરભાઈ રાઠોડ, ઉપપ્રમુખ ઉત્પલભાઈ શાહ, ચૂંટણી પ્રભારી ડો.મહેશભાઈ ઠક્કર, દક્ષિણ ઝોન ચૂંટણી પ્રભારી જયસુખભાઈ કથીરિયા, લીગલ કમિટીના ચેરમેન રાજાભાઈ પાઠક, ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના ખજાનચી સવજીભાઈ હુંણ, સલાહકાર ડી.વી. મહેતા, સાંસદીય સભ્ય દિપકભાઈ રાજ્યગુરૂ, સુરત ઝોનના પ્રમુખ સવજીભાઈ પટેલ, વાપી સ્વામિનારાયણ ગુરુકુળના પ્રમુખ કપિલ સ્વામીજી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

**મનોવિજ્ઞાન...**

કુલપતિના આહવાન બાદ વિદ્યાર્થીઓમાં નવચેતના આવેલ અને તેઓએ ૩૬ જેટલા પોસ્ટરો વિવિધ આત્મહત્યાના લગતા તૈયાર કરેલ. જેમાં ડિપ્રેશન આત્મહત્યાની જનની, મોબાઈલ ઉપયોગનો અતિરેક બાળકો અને તરુણીને આત્મહત્યા જેવા ઘાતક પરિણામો તરફ વાળે છે, આત્મહત્યા કરનારની કુટુંબની મનોસામાજિક પરિસ્થિતિઓ, ભગવતગીતા- જીવન મૂલ્યો, સંઘર્ષોથી સફળતા તરફ, આત્મહત્યાના કારણો, લક્ષણો અને નિવારણ, શ્લોક અને મંત્રોની અસરો, વૃદ્ધોમાં આત્મહત્યાના કારણો, લક્ષણો અને નિવારણ, યુવાનોમાં આત્મહત્યાના કારણો, લક્ષણો અને નિવારણ, સ્ત્રીઓમાં આત્મહત્યાના કારણો, લક્ષણો અને નિવારણ, ધર્મગ્રંથોમાં જીવનમૂલ્યો, અધિરાઈપણાથી આત્મહત્યા, જીવન અમૂલ્ય છે, આત્મહત્યા અને વ્યક્તિત્વ, આક્રમક સ્વભાવ અને આત્મહત્યા, માતાપિતાનો ઉછેર અને જિદ્દીપણુ, બાળકોમાં વધતી આત્મહત્યાવૃત્તિના કારણો, નાની ઉંમરે બાળકો કેમ જીવનનો અંત લાવે છે? આત્મહત્યાના વિચારોવાળી વ્યક્તિના લક્ષણો, આત્મહત્યાના વિચારોવાળી વ્યક્તિના લક્ષણો, આત્મહત્યાનો પ્રયાસ કરનારને કેમ મદદરૂપ થવું? વગેરે વિષયો પર સઘન મહેનત કરીને મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ.મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓની આ મૂહીમને સફળતા મળતા કુલપતિ ડો. કમલસિંહ ડોડિયા, રજિસ્ટ્રાર ડો. રમેશ પરમાર અને જુદી જુદી શાળાના આચાર્ય અને પ્રિન્સિપાલએ અભિનંદન પાઠવેલ.

### (૧૨માં પાનાનું ચાલુ) 'પંચવટી કા રાજા'

કાર્યક્રમ સાથે બે વખત આરતી, ભજન, કિર્તન સાથે પંચવટી કા રાજાનું ભકિતભાવથી આરાધના કરાવામાં આવે છે. ત્યારે આજે ગણેશજીને આંખોની ઉદાસીથી વાજતે ગાજતે બાપાને વિદાયમાન આપવામા આવ્યું હજારો ભકતોએ ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.સૌ સાથી મિત્રોના સહકારથી આજે સુખમય રીતે સૌ કોઈએ ગણેશજીની ભકિતભાવથી આરાધના કરી અને કાર્યક્રમોમાં સાથ સહકાર આપ્યો છે. 'પંચવટી કા રાજા'નું વાડી ખાતે અશ્રુભીની આંખોથી વિસર્જન કરવામાં આવ્યું અને આવતા વર્ષ પુનઃ ગણેશજીની રાહ જોઈને સૌ ભકિતજનો વ્યાકુળ થઈ ગયા.વિઘ્નહર્તા સૌના દુઃખો દૂર કરી આવતા વર્ષે જલ્દી પધારે એવી સૌ આયોજકો તથા સોસાયટીવાળાઓએ કામના કરી હતી.


**બ્રહ્મસમાજનું ખેલૈયાઓ**

વિગેરે પ્રકારના ૧૭ જેટલા ઈનામો ૧ થી ૩ માં આવતા વિજેતાઓને આપવામાં આવશે. અંતિમ દિવસે ખેલૈયાઓ વચ્ચે મેગા ફાઈનલ ઈવેન્ટ યોજવામાં આવશે. આ કાર્યક્રમ બાદ ખેલૈયાઓને એક દિવસ માટે નીલસીટી કલબમાં રમવા માટે તક આપવામાં આવેછે.આથી બ્રહ્મસંગમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૪ માં સુર-સંગીતની સુરાવલી સાથે મન ભરીને રમવા ઈચ્છતા

"બ્રહ્મ પરિવારોના બાળકો, યુવક-યુવતી અને મોટેરાઓને રમવા માટે નિમંત્રણ આપવામાં આવે છે.ખેલૈયાઓને રમવા માટે વહેલા તે પહેલાના ધોરણે પાસ માટેના નિયત ફોર્મ- અરજીનું વિતરણ શરૂ થઈ ગયેલ છે.જે સંસ્થાની ઓફીસ સીવાય નીચેના સ્થળેથી વિતરણ કરવામાં આવે છે.જે ફોર્મ ભરીને બ્રહ્મસંગમ સંસ્થાએ પહોંચાડવાના રહેશે.જોશી મંડપ સર્વિસ, - ૯૮૨૫૪ ૧૬૭૫૪,શૈલેષભાઈ મહેતા (મહાદેવ) - ૯૯૧૩૩ ૨૧૩૩૦, ભાનુ બેકરી અને આઈસ્ક્રીમ પાર્લર - મો. ૯૯૨૪૦ ૯૯૬૧૯, શ્રીગાર બ્યુટી પાર્લર, જીનેશભાઈ દવે મો ૯૮૭૯૫ ૭૦૮૮૮, ચંદ્રેશભાઈ દવે - મો.૯૮૨૪૦૬૦૨૩૪, ૬૩૫૨૮૪૦૪૫૮.આ માટે નિયત ફોર્મ મેળવીને ભરીને પરત કરવા માટે બ્રહ્મસંગમ સંસ્થાના કાર્યાલય,' સ્પેસકોમ્પલેક્ષ'(બીજો માળ), ૨૧/૨૨(કોર્નર), ન્યુજાગનાથ, મહાકાળી મંદિર રોડ, 'રોયલ કેશર' એપાર્ટમેન્ટ સામે, રાજકોટ-૩૬૦૦૦૧ (ફોન નં.- ૦૨૮૧-૨૪૬૩૨૪૭)નો સવારના ૧૦ થી ૧ અને સાંજના ૫ થી ૮ વચ્ચે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.સંસ્થાના હોદેદારો તથા કન્વીનર અને સહકન્વીનર માર્ગદર્શન હેઠળ સર્વે કમીટીના સભ્યો જયેશભાઈ જોષી, દીપકભાઈ બામટા, ગોરધનભાઈ બામટા, મનીષભાઈ બામટા, અમિતભાઈ માઢક, યોગેશભાઈ મહેતા, યજ્ઞેશભાઈ દવે, સૈલેષભાઈ મહેતા, જીજ્ઞેશભાઈ દવે, વિભાકરભાઈ વ્યાસ, મહેન્દ્રભાઈ જોશી, ઈલાબેન જોષી, દર્શનાબેન જોશી, અભિષેકભાઈ ધાંધિયા, રમેશભાઈ મહેતા, રચનાબેન જોષી, શોભનાબેન જોષી, પંકજભાઈ ચાંવ, ચિરાગભાઈ બોરીસાગર, અશ્વિનભાઈ જોષી, રાજેશભાઈ મહેતા, હર્ષદભાઈ રવીયા, અરવિંદભાઈ તેમજ મહિલા પાંખના સભ્યો વિગેરે જહેમત ઉઠાવી રહેલ છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** કાંતિલાલ જમનાદાસ દોશી (લાતીવાળા) તેઓ દિનેશભાઈ કાંતિલાલ દોશી (બરોડા), નેમિનાથ વિતરાગ સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ ભરતભાઈ દોશી, આશિષભાઈ કાંતિલાલ દોશી, રાજુભાઈ કાંતિલાલ દોશી (મસ્કત)ના પિતાનું તા. ૧૭ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રા તા. ૧૭ ના રોજ સાંજે ૬ કલાકે ભરતભાઈ દોશીના નિવાસ સ્થાનથી રૈયા મુકિતધામ લઈ જવામાં આવશે.

**રાજકોટઃ** સંજયભાઈ પોપટભાઈ દેલવાડીયા ઉ.વ ૫૦ તે સુનીલભાઈ ના મોટાભાઈ તથા મિલન ના પિતાનુ તા. ૧૭ ને મંગળવાર ના રોજ અવસાન થયેલ છે બેસણું તા. ૧૯ ને ગુરુવાર ના રોજ સાંજે ૪થી૬ તેમના નિવાસ સ્થાને કોલેજ ચોક પંચનાથ મંદિર પાસે ગોંડલ ખાતે રાખેલ છે

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ડેન્ગ્યૂનો પ્રકોપ યથાવતઃ સપ્તાહમાં નવા ૨૯ કેસ નોંધાયા

**અબતક, રાજકોટ**

સતત વરસાદી અને વાદળછાંયા વાતાવરણના કારણે શહેરમાં રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઇ રહી છે. ઘેર-ઘેર માંદગીના ખાટલા ખડકાયા છે. ડેન્ગ્યૂનો પ્રકોપ પણ યથાવત જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહે ડેન્ગ્યૂ તાવના નવા ૨૯ કેસ નોંધાયા હતા. આ સાથે ડેન્ગ્યૂનો આંક ૧૬૨ એ પહોંચી જવા પામ્યો છે. મેલેરિયાના બે અને ચિકનગુનિયાનો નવો એક કેસ નોંધાયો છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં શરદી-ઉધરસના ગત સપ્તાહે ૧૨૩૯ કેસ નોંધાયા છે. જ્યારે સામાન્ય તાવના ૭૩૯, ઝાડા-ઉલ્ટીના ૩૫૯, ટાઇફોઇડના પાંચ અને કમળાના બે કેસ મળી આવ્યા હતા. શરદી-ઉધરસના છેલ્લા ૯ માસમાં ૩૫,૬૬૧ કેસ, સામાન્ય તાવના ૧૩,૧૬૨ કેસ, ઝાડા-ઉલ્ટીના ૯૯૯૩ કેસ, ટાઇફોઇડના ૬૫ કેસ, કમળાના પાંચ કેસ, મરડાનો એક કેસ અને કોલેરાના પાંચ કેસ મળી આવ્યા છે. જ્યારે મેલેરિયાના ૨૬ અને ચિકનગુનિયાના ૨૪ કેસ નોંધાયા છે.

રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રના આશાવર્કર,



વીબીડી વોલેટીયર્સ સહિતની ૩૬૦ ટીમો દ્વારા ૯૪,૩૫૭ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડ વર્કરો દ્વારા ૫૦૫૯ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું છે.

ડેન્ગ્યૂ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૪૩૯ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂઆલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે)નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૩૪૫ અને કોર્મશીયલ ૧૦૪ આસામીને નોટીસ આપવામાં આવેલ તથા રૂા.૩૬,૭૦૦/-નો વહિવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

**મેલેરિયાના બે, ચિકનગુનિયાનો એક, ટાઇફોઇડના પાંચ અને કમળાના બે કેસ મળી આવ્યાઃ શરદી-ઉધરસના ૪૩૯, સામાન્ય તાવના ૭૩૯ અને ઝાડા-ઉલ્ટીના ૩૫૯ કેસ નોંધાયાઃ મચ્છરોની ઉત્પતિ સબબ ૪૪૯ આસામીઓને નોટિસ, રૂ.૩૬,૭૦૦નો વહિવટી ચાર્જ વસુલાયો**

# વીમા કંપનીઓની વર્લ્ડ કોન્ફરન્સમાં ભાગ લેવા યુ.એસ.એ. જશે એસ.પી.ધામેલીયા

## ઇ.સ.૧૯૯૨થી એસ.પી.ધામેલીયા એલઆઇસીના જીવન વીમાના કન્સલ્ટન્ટ તરીકે કામગીરી કરે છે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના યુવા એલ.આઇ.સી. કન્સલ્ટન્ટ એસ.પી. ધામેલીયા તાજેતરમાં એલ.આઇ.સી. ઓફ ઇન્ડીયા દ્વારા ટોપ ઓફ ધી ટેબલમાં પસંદગી થતા તેઓને યુ.એસ.એ.ના કોના (હવાઇ સ્ટેટ) ખાતે યોજનારી જીવન વીમા કંપનીની ટીઓટી વર્લ્ડ કોન્ફરન્સમાં પસંદગી થયાનું જાણવા મળેલ છે. તેઓ તા.૨૫ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બરના યોજનાર કોન્ફરન્સમાં ભાગ લેવા તા.૨૦, સપ્ટેમ્બરના રોજ યુ.એસ.એ. જવા રવાના થવાના છે.

એસ. પી. ધામેલીયા ૧૯૯૨ થી એલ.આઇ.સી.ના જીવન વીમાના કન્સલ્ટન્ટ તરીકે શ્રેષ્ઠ કામગીરી કરે છે. આ અગાઉ ૨૦૦૮ થી દર વર્ષે વર્લ્ડ કોન્ફરન્સમાં ભાગ લેવા જાય છે. આ વર્લ્ડ કોન્ફરન્સમાં તેઓ દુનિયાના ૧૦૦થી વધારે દેશોનાં ફકત ૫૦૦ કન્સલ્ટન્ટ મળી ભવિષ્યના વિમા પ્લાન વિશે, ખાસ કરીને બાળકોના એજ્યુકેશન અને પેન્શન અને ફેમિલી પ્રોટેકશન, બિઝનેસ પ્રોટેકશન પ્લાનીંગનો અભ્યાસ કરશે અને દુનિયાના કેવા પ્રકારના ખાસ વિમાના પ્લાન ચાલે છે. તેનો અભ્યાસ કરશે. તેઓની આ સફળતા બદલ તેઓ દરેક પોલીસી હોલ્ડર અને મિત્રમંડળનો હૃદયપૂર્વક આભાર



માને છે. રાજકોટ ડીવીઝનલ મેનેજર પ્રશાંત કુમાર સાહેબ, શાખાધિકારી રાજ પુરોહીત અને અધિકારીગણ તેઓને શુભેચ્છા પાઠવે છે.

# વડાપ્રધાનના જન્મદિને દ્વારકાધીશજીની ધ્વજાજીનું આરોહણ કરતા સાંસદ પરીમલ નથવાણી

## મંદિર પરિસરમાં બાવન ગજની ધ્વજાજીનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પુજન કરાયું

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાના ૧૭ દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીનો આજે ૭૫મો જન્મદિન હોય જેમને શુભેચ્છાના ભાગ રુપે રાજયસભાના સાંસદ અને રીયાલન્સ ગ્રુપના ડાયરેકટર પરિમલ નથવાણીએ આજે તેમના પ્રતિનિધિ એવા ગુગળી જ્ઞાતિના મંત્રી કપીલભાઇના હસ્તે ધ્વજાજીનું પુજન કરાવી સવારના બે નંબરના ધ્વજાજીનું જગત મંદિરના શિખર ઉપર આહોરણ થયું હતું.

જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતિજીની પીઠ ઉપર ના પરિસરમાં આજે સવારે બાવન ગજ અને ૪૦ મીટર ના (ભગવા કલર) કેસરી ધ્વજાજીનું પુજન કપીલભાઇ વાયડા તથા દ્વારકાધીશજીની યજમાન વૃતિ કરતા પંડાઓ શાસ્ત્રોકત વૈદિક મંત્રોચ્ચાર સાથે વિશ્વનું શહસૈના ધ્વજાજીનું પઠન કરી ધ્વજાજીની



ધ્વજાજીને અબીલ ગુલાલ પુષ્પમાળા અને તુલસી પાન અર્પણ કર્યા હતા. બાદમાં દ્વારકાધીશ મંદિર પરિસરમાં મંદિરની ચારેય દિશામાં ભગવાન શ્રી આરતી કરી ધ્વજાજીની ધામિક વિધી આચર્ય વત્સલભાઇ પુરોહિતએ કરાવી હતી.બાદમાં મંદિરના પંડાઓ ત્થા કપીલભાઇ વાયડાએ ધ્વજાજીને દ્વારકાધીશજીના ચરણમાં અર્પણ કરતા પુજારી ડાયાલાલએ દ્વારકાધીશજીની ચાર પરિક્રમા કરાવવામાં આવી હતી. આ વખતે દ્વારકાધીશ મંદિર પરિસરમાં ઉપસ્થિત ભાવિકો ભકતોએ પણ ધ્વજાજીને મસ્તક ઉપર લઇને ભાવ પૂર્વક નરેન્દ્ર મોદીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# 'સવેશ્વર ચોક કા રાજા'ની મહાઆરતીનો સામાજીક આગેવાનોએ લીધો ધર્મલાભ

**અબતક, રાજકોટ**

'સવેશ્વર ચોક કા રાજા' યાજ્ઞીક રોડ ખાતે ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરરોજ મહાઆરતી, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.



સાથે જ તા. ૧૫ ના રોજ બ્લડડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫ થી વધુ બોટલ રકત એકત્ર થયું હતું. દરરોજ મહાઆરતીમાં વિવિધ સમાજના ક્ષેત્રના આગેવાનોએ બાપ્પાના દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી. મહાઆરતીમાં જાણીતા આર્કિટેક પ્રદીણ ત્રિવેદી, વેપારી અગ્રણી જયેશ કોઠારી, ચિરાગ પોપટ અને તેમનો પરિવાર તથા ભુપત બોદર, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, મનુભાઇ વઘાસીયા, સુજીત ઉદાણી, મયુરસિંહ પરમાર, સહપરિવાર સહિત મોટી સંખ્યામાં ભકતો હાજર રહ્યા હતા. આ આયોજન દરમિયાન અંદાજે ૪ થી ૫ લાખ લોકો સર્વેશ્વર ચોક ખાતે ગણપતિ બાપ્પાના દર્શનાર્થે આવ્યા હતા.

# કોટેજ ચીઝ સ્નાયુ, હાડકાની મજબૂતી સાથે મગજ શકિત પણ વધારે છે

## કોટેજ ચીઝ આહારમા ઉમેરવાથી તમારા શરીર અને મનને પુષ્કળ પોષક તત્વો મળે છે

**અબતક, નવી દિલ્હી**

કોટેજ ચીઝ પ્રોટીન-પાવરહાઉસ ,વિટામિન બી-૧૨ અને કેલ્શિયમનો સમૃધ્ધ સ્ત્રોત ધરાવે છે. તેમજ સફેદ ક્રીમી ચીઝ ઘરે સરળતાથી બનાવી શકાય છે. આ સાથે તેનાથી થતાં સ્વાસ્થ્યના લાભોને ધ્યાનમાં રાખીને તેને રોજિંદા આહારમાં સામેલ કરી શકાય છે. તેમજ તે સામાન્ય રીતે લીંબુ અથવા અન્ય એસિડિક એજન્ટ સાથે દૂધને દહીં કરીને બનાવવામાં આવે છે. કોટેજ ચીઝ મધ્યમ પ્રોટીન અને તંદુરસ્ત ચરબી ધરાવે છે. આ ચીઝ કેટોજેનિક આહાર લેનારાઓ માટે સારો વિકલ્પ માનવામાં આવે છે. આ સાથે કેટલાક અભ્યાસો દર્શાવે છે કે તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. અન્ય પ્રકારના સખત ચીઝથી વિપરીત કોટેજ ચીઝ નરમ અને તાજી હોય છે. તેમજ તેનો સ્વાદ ક્રીમી છે અને તેને સ્પ્રેડ તરીકે, તાજા ફળો, સૂકા ફળો અને ચોકલેટ સાથે પણ ખાઈ શકાય છે.

**હાડકા માટે ઉપયોગીઃ** અન્ય ખોરાકની જેમ, કોટેજ ચીઝ હાડકાના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે. તેમજ તે જે દૂધમાંથી બનાવવામાં આવે છે તેના આધારે તેમાં ચરબીનું પ્રમાણ બદલાઈ શકે છે. યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર મુજબ, ઓછી ચરબીવાળી કોટેજ ચીઝનો એક કપ તમારા દૈનિક પ્રોટીનના સેવનના ૪૮% અને તમારા દૈનિક કેલ્શિયમના ૨૩%ને પૂર્ણ કરી શકે છે. તેમજ તેમાં ફોસ્ફરસ પણ હોય છે, જે હાડકાં અને દાંતને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**સ્નાયુ માટે ફાયદાકારકઃ** કોટેજ ચીઝ ઉચ્ચ-ગુણવત્તાવાળા પ્રોટીનનો સારો સ્ત્રોત છે અને તમારા હાડકાં અને સ્નાયુઓના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે. આ સાથે તેમાં આવશ્યક એમિનો એસિડની વિશાળ શ્રેણી હોય છે. જે સ્નાયુ ભંગાણ અને પીડા ઘટાડે છે અને સ્નાયુઓની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

**મગજ શકિત વધારે છેઃ** નિયમિતપણે પનીર ખાવાથી તમારા મગજના સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે, કારણ કે તેમાં વિટામિન ઈ ૧૨નું ઉચ્ચ સ્તર પણ હોય છે. જે સ્વસ્થ મગજના કાર્યને પ્રોત્સાહન આપે છે. તેમજ દિવસભર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવા અને ઉર્જા સ્તર માટે તેને તમારા નાસ્તામાં સામેલ કરી શકો છો.

**આંતરડા માટે અસરકારકઃ** ચીઝમાં પ્રોબાયોટીક્સ હોય છે, જે સ્વસ્થ બેકટેરિયા અને તમારા આંતરડાના માઈક્રોબાયોમને સુધારી શકે છે. તેમજ આપણા મોટા આંતરડામાં લાખો સુક્ષ્મજીવાણુઓ રહે છે. તેથી કોટેજ ચીઝ આપણા પાચન, મગજના સ્વાસ્થ્ય રોગપ્રતિકારક શક્તિ માટે મહત્વપૂર્ણ છે.

**બ્લડ સુગર લેવલને વધતા અટકાવે છેઃ** ડાયાબિટીસના દર્દીઓ માટે પનીર એક ઉત્તમ નાસ્તો બની શકે છે, કારણ કે તેમાં રહેલું પ્રોટીનનું ઉચ્ચ પ્રમાણ બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં પણ મદદ કરી શકે છે. તેમજ કોટેજ ચીઝ જમ્યા પછી લોહીમાં શર્કરાના સ્તરને ઘટાડવામાં અસરકારક સાબિત થયું છે.

# રાજકોટ સહિત ૭ શહેરોમાં કલાઇમેન્ટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાનનું લોન્ચીંગ

## કેન્દ્ર સરકારના શહેરી વિભાગ દ્વારા આજથી દિલ્હીમાં કેપેસિટીઝ પ્રોજેક્ટ ફેઇઝ-૨ અંતર્ગત બે દિવસીય વર્કશોપનો આરંભ

**અબતક, રાજકોટ**

ઇકલી સાઉથ એશિયા દ્વારા આયોજિત મલ્ટી લેવલ એક્શન ફોર કલાઈમેન્ટ રેસિલીયન્ટ સિટિઝના વિષય અન્વયે કેપેસિટીઝ પ્રોજેક્ટ ફેઇઝ-૨ અંતર્ગત ન્યુ દિલ્હી ખાતે વર્કશોપ યોજાશે.

જેમાં આજથી બે દિવસીય ભારત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી તોખાન શાહુની ઉપસ્થિતિમાં રાજકોટ, વડોદરા, કોઇમ્બતુર, ઉદયપુર સહિતના ૦૭ શહેરોમાં ''કલાઈમેટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાન''નું લોન્ચિંગ કરવામાં આવનાર છે.

આ વર્કશોપમાં નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, નાયબ મ્યુનિસિપલ કમિશનર સી.કે.નંદાણી, કોર્પોરેટર ડો.રાજેશ્રીબેન ડોડીયા, વર્ષાબેન રાણપરા ઉપસ્થિત રહેશે.

કેપેસિટીઝ પ્રોજેક્ટ ફેઇઝ-૨ અંતર્ગત ઇકલી સાઉથ એશિયા દ્વારા મલ્ટીલેવલ એકશન ફોર કલાઈમેન્ટ રેસિલીયન્ટ સિટિઝના વિષય અન્વયે ન્યુ દિલ્હી ખાતે યોજનારા વર્કશોપમાં જુદા જુદા વિષય નિષ્ણાંતોના લેક્ચરનું આયોજન કરેલ છે. જેમાં, કેપેસિટીઝ પ્રોજેક્ટ ફેઇઝ-૨ અંતર્ગત કરવામાં આવેલ કામગીરી, નેટ ઝીરો મેથડોલોજી, કલાઈમેટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાનિંગ-ચેલેન્જીસ, બેન્કાબીલિટી એનાલિસીસ,જુદા જુદા શહેરોના પ્રોજેક્ટ અન્વયે ઓવરવ્યું, તમિલનાડુના વેસ્ટ ટુ બાયો સી.એન.જી.પ્રોજેક્ટ્સની બેસ્ટ પ્રેકટીસીસ અને કેસ સ્ટડીઝ, ઈન્ટરનેશનલ એન્ડ નેશનલ બેસ્ટ પ્રેકટીસીસ ફોર લો કાર્બન કલાઈમેટ રેસિલિઅન્ટ ડેવલોપમેન્ટ વિશેભારત-સ્વિઝરલેન્ડ દેશના નિષ્ણાંત વક્તાનું લેકચર, એક્સેસિંગ કલાઈમેટ ફાઈનાન્સ-એકશન પ્લાન્સ ઓફ ફાયનાન્સીયલ ઈન્સ્ટીટ્યુશન વગેરે બાબતો અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પુરૂં પાડવામાં આવનાર છે.

આ વર્કશોપમાં દેશના ૭ શહેર જેમાં, ગુજરાત રાજ્યના રાજકોટ અને વડોદરા, તમિલનાડુ રાજ્યના ૩ શહેર, રાજસ્થાન રાજ્યના ઉદયપુર શહેર તથા પશ્ચિમ બંગાળ રાજ્યમાંથી સિલીગુરી શહેર એમ કુલ-૭ શહેરના ''કલાઈમેટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાનનું



ભારત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી તોખાન શાહુની ઉપસ્થિતિમાં રાજકોટ, કોઈમ્બતુર, ઉદયપુર સહિતના ૦૭(સાત) શહેરો ''કલાઈમેટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાન''નું લોન્ચિંગ કરવામાં આવનાર છે.

આ પ્રોજેક્ટના ફેઝ-૧ અંતર્ગત રાજકોટ શહેર માટે કલાઈમેટ રેસિલિયન્સની દિશામાં વિવિધ પગલાં લેવામાં આવેલ હતા. આ પ્રોજેક્ટ અંતર્ગત ઇકલી સાઉથ એશિયા દ્વારા ડેવેલોપ કરેલ કલાઈમેટ રેસિલિયન્ટ સીટી મેથોડોલોજી ટુલ તથા મલ્ટીપલ સ્ટેકહોલ્ડર્સ કન્સલ્ટેશનના આધારે રાજકોટ શહેર માટે ''કલાઈમેટ રેસિલિયન્ટ સીટી એકશન પ્લાન'' બનાવેલ, જે પ્લાનને તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં.૩૮૮ તથા તા.૨૮/૦૨/૨૦૧૯ના રોજ જનરલ બોર્ડના ઠરાવ નં.૭૯ દ્વારા મંજુરી આપવામાં આવેલ હતી.

વિશ્વના ૨૩૦૦થી વધુ અધિકારક્ષેત્રોએ 'કલાઈમેટ ઈમરજન્સી' જાહેર કરી છે. પેરિસ સમજૂતી, ૨૦૩૦નો સસ્ટેનેબલ ડેવેલપમેન્ટ એજન્ડા અને સંયુક્ત રાષ્ટ્રનો ૨૦૧૬નો નવો અર્બન એજન્ડા દ્વારા કલાઈમેટ ચેન્જની અસરોને ઘટાડવા આંતરરાષ્ટ્રીય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા, UNFCCC cop 26 દરમિયાન, કલાઈમેટ ચેન્જને પહોચી વળવા તથા સાતત્યપૂર્ણ વિકાસ માટે પંચામૃત સિધ્ધાંતનું અમલીકરણ તથા વર્ષ ૨૦૭૦ સુધી નેટ ઝીરો એમીશન હાંસલ કરવા ભારતનું વિઝન વ્યક્ત કરવામાં આવેલ. કેપેસીટીસ ફેઈઝ-૨ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેર માટે ICLEI South Asia દ્વારા ડેવલોપ કરેલ નેટ ઝીરો કલાઈમેટ રેસિલિયન્ટ સીટીઝ મેથોડોલોજી તથા મલ્ટીપલ સ્ટેક હોલ્ડર્સ કન્સલ્ટેશન આધારે ''કલાઈમેટ રેસિલિયન્ટ સીટી એકશન પ્લાન - ટુવર્ડ્સ અ નેટ ઝીરો ફ્યુચર બાય ૨૦૭૦'' બનાવવામાં આવેલ છે, જે વડાપ્રધાનના 'નેટ ઝીરો બાય ૨૦૭૦' ના વિઝન તથા પંચામૃત સિદ્ધાંતોને અનુરૂપ છે.

# મીઠાઇના ધંધાર્થીઓ પર ત્રાટકતું કોર્પોરેશનઃ ૧૦ નમૂના લેવાયા

## મોતીચુરના લાડુ, ગુંદીના લાડુ, બટર મલાઇ બરફી, ટોપરાપાક, અંજીરપાક, કેશર પેંડા અને થાબડીના નમૂના લઇ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મીઠાઇના વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. અલગ-અલગ મીઠાઇના ૧૦ નમૂના લઇ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ફૂડ વિભાગ ટીમ દ્વારા મવડી પ્લોટમાં નવરંગપરા-૧માં બાલાજી કૃપામાં શિવશક્તિ ગૃહ ઉદ્યોગમાંથી મોતીચુરના લાડુ, કોઠારીયા રીંગ રોડ બાયપાસ પર તિરૂપતિ સોસાયટી શેરી નં.૨માં રાધામીરા હોટેલની સામે સાક્ષી ગૃહ ઉદ્યોગમાંથી લૂઝ મોતીચુરના લાડુ, કોઠારીયા રીંગ રોડ પર ગણેશનગર શેરી નં.૧૦માં માઁ આશિષ ગજાનન ઓન પાપડી ગૃહમાંથી મોતીચુરના લાડુના નમૂના લેવાયા હતા. જ્યારે કોઠારીયા રોડ પર શિવશક્તિ ગૃહ ઉદ્યોગમાંથી લૂઝ ગુંદીના લાડુ, કુવાડવા રોડ પર ડી-માર્ટવાળા રસ્તે પટેલ ડેરી ફાર્મમાંથી બટર મલાઈ બરફી, જાગનાથ ડેરી ફાર્મમાંથી લૂઝ ટોપરા પાક, ગોવિંદમ ડેરી ફાર્મમાંથી અંજીરપાક, કોઠારીયામાં ડાયમંડ પાર્ટી પ્લોટ વાળા રોડ પર રોયલ ડેરી ફાર્મમાંથી લૂઝ કેશર પેંડા, કોઠારીયા મેઈન રોડ પર નીલકંઠ સિનેમાની બાજુમાં શ્રી સત્યમ ડેરી ફાર્મમાંથી લૂઝ થાબડી મીઠાઈ, કોઠારીયા મેઈન રોડ પર નવનીત ડેરી ફાર્મમાંથી લૂઝ બટરસ્કોચ મીઠાઈના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

આ ઉપરાંત નાણાવટી સર્કલથી રામેશ્વર મેઈન રોડ વિસ્તારમાં ખાણીપીણીની ૨૨ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૦ સ્થળોએ નમૂનાની ચકાસણી કરવામાં આવી હતી. મોમાઇ સુપર માર્કેટ, ખોડિયાર ગાંઠીયા, દેવાંશી જનરલ સ્ટોર્સ, સમૃદ્ધા ફાસ્ટ ફૂડ, ભવાની કિરાણા ભંડાર, આસ્થા પ્રોવિઝન સ્ટોર, માધુરી નમકીન, પુજા પાણીપુરી, મહેશ પ્રોવિઝન સ્ટોર્સ, જલારામ પ્રોવિઝન સ્ટોર્સ, ક્રિષ્ના સેલ્સ એજન્સી, ખોડિયાર જનરલ સ્ટોર્સ અને રાધે ડ્રાયફ્રૂટ્સને નોટિસ આપવામાં આવી હતી.



# એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારત-ચીન વચ્ચે મુકાબલો

## ભારત છઠ્ઠી વખત એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પહોંચ્યુંઃ સેમીફાઈનલમાં કોરિયન ટીમ સામે હરમનપ્રીત સિંહ, ઉત્તમ સિંહ અને જર્મનપ્રીત સિંહે ગોલ કર્યા

**અબતક, નવી દિલ્લી**

કેપ્ટન હરમનપ્રીત સિંહના શાનદાર પ્રદર્શનના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. સોમવારે ચીનના હુલુનબુઈર રમાયેલી સેમિફાઈનલમાં ભારતે દક્ષિણ કોરિયા સામે ૪-૧થી વિજય મેળવ્યો હતો. ભારત તરફથી ઉત્તમ સિંહે (૧૩મી મિનિટ), કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૯મી, ૪૫મી મિનિટ) અને જરમનપ્રીત સિંહે (૩૨મી) ગોલ ફટકાર્યા હતા. સાઉથ કોરિયા તરફથી એકમાત્ર ગોલ યાંગ જિહુન પેનલ્ટી કોર્નરથી ૩૩મી મિનિટે ફટકાર્યો હતો.

### ચીને પ્રથમ સેમિ ફાઈનલમાં પાકિસ્તાનને ૨-૦થી હરાવ્યું

ચીને પ્રથમ સેમિ ફાઈનલમાં શૂટ આઉટમાં પાકિસ્તાનને ૨-૦થી હરાવ્યું હતું. નિર્ધારિત ૬૦ મિનિટ બાદ બંને ટીમો ૧-૧થી બરોબરી પર રહી હતી. આ પછી ચીને શૂટ આઉટમાં બાજી મારી હતી. ત્રીજા સ્થાનના ક્લાસિફિકેશન મુકાબલામાં પાકિસ્તાન અને કોરિયા આમને-સામને ટકરાશે. આ મેચ પણ મંગળવારે રમાશે. પાંચમા-છઠ્ઠા સ્થાનના ક્લાસિફિકેશન મુકાબલામાં જાપાને શૂટ-આઉટમાં મલેશિયાને ૪-૨થી હરાવ્યું હતું. આ મેચમાં નિર્ધારિત સમય સુધી બંને ટીમો ૪-૪થી બરાબરી પર રહી હતી.

હવે ૧૭મી સપ્ટેમ્બરને મંગળવારના રોજ રમાનારી ફાઈનલમાં ભારતીય હોકી ટીમનો મુકાબલો યજમાન ચીન સામે થશે. બંને ફાઈનલિસ્ટ વચ્ચે છેલ્લી ટક્કર લીગ સ્ટેજમાં થઈ હતી. જેમાં ભારતે ૩-૦થી જીત મેળવી હતી. સેમિ ફાઈનલમાં ભારતે અપેક્ષા મુજબ આક્રમક શરૂઆત કરી હતી અને શરૂઆતથી જ સતત આક્રમણ સાથે કોરિયાના ડિફેન્સની કસોટી કરી હતી. ભારતનો મેચમાં દબદબો જોવા મળ્યો હતો.

# કોરોનાના નવા XEC વેરીયન્ટે યુરોપને બાનમાં લીધું

## સાવચેતી એ જ સલામતીઃ નવો વેરીયન્ટ ભારતમાં ન આવે તે માટે આગમચેતી પગલાં જરૂરી

**અબતક, નવી દિલ્હી**

દેશમાં ફરી એકવાર કોરોના વાયરસનો ભય વર્તાવા લાગ્યો છે. તાજેતરમાં કોવિડ 19, XEC, નું એક નવું સ્વરૂપ મળ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વેરિઅન્ટ સૌપ્રથમ જૂન મહિનામાં જર્મનીમાં જોવા મળ્યો હતો, ત્યારબાદ તે ધીમે ધીમે સમગ્ર યુરોપમાં ફેલાઈ રહ્યો છે.

હાલમાં, ભારતમાં આ નવા પ્રકારનો કોઈ દર્દી નોંધાયો નથી. પરંતુ આરોગ્ય મંત્રાલય આના પર સતત નજર રાખી રહ્યું છે. જર્મની સહિત જે દેશોમાં આ વેરિયન્ટ ફેલાયો છે ત્યાં તેના દર્દીઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. એટલું જ નહીં, આ દેશોમાંથી ભારત આવતી ફ્લાઈટ્સની વિગતો એકત્ર કરવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.

વિશ્વભરના ડોકટરો આ નવા પ્રકાર પર નજર રાખી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે XEC ને પહેલા દેખાતા વેરિઅન્ટ્સ સાથે મેચ કરીને તેની તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં આના કારણે કોઈના મોતના સમાચાર નથી. માહિતી અનુસાર, નેધરલેન્ડ, સ્પેન, ડેનમાર્ક, બર્લિન અને ઈઝરાયેલ જેવા દેશોમાં આ નવા વેરિઅન્ટના દર્દીઓની ઓળખ કરવામાં આવી છે.

એપ્રિલથી, નવા ઓમિક્રોન વેરિઅન્ટ પેટા પ્રકારો સમગ્ર યુ.એસ.માં ફેલાતા જોવા મળ્યા છે. FLiRT સબવેરિયન્ટ્સ તરીકે ઓળખાતા, CDCનો અંદાજ છે કે તેઓ હાલમાં રાષ્ટ્રમાં લગભગ ૮૦% ચેપનું પ્રતિનિધિત્વ કરે છે. ઘરેલુ પરીક્ષણોના પરિણામો સિવાય, સીડીસીએ અહેવાલ આપ્યો છે કે ૨૪ ઓગસ્ટના રોજ સમાપ્ત થયેલા અઠવાડિયામાં તમામ COVID પરીક્ષણોમાંથી ૧૭% સકારાત્મક હતા.

### શું સાવચેતી રાખવી?

- ફેસ માસ્ક પહેરો, ખાસ કરીને ભીડવાળા વિસ્તારોમાં.
- શક્ય હોય ત્યાં મોટા મેળાવડા ટાળો.
- અન્ય લોકોથી શારીરિક અંતર જાળવો.
- યોગ્ય સ્વચ્છતા જાળવો, જેમ કે નિયમિત હાથ ધોવા.
- કોઈપણ લક્ષણો દેખાય તો તમારી જાતને બીજાથી દૂર રાખો

### કોવિડ XECના લક્ષણો

- ઉચ્ચ તાપમાન અથવા ધ્રુજારી (ઠંડી)
- સતત ઉધરસ
- ગંધ અથવા સ્વાદ અનુભવવામાં ઘટાડો અથવા ફેરફાર
- શ્વાસ લેવામાં તકલીફ
- થાક અનુભવવો
- શરીરમાં દુખાવો
- માથાનો દુખાવો
- ગળામાં દુખાવો
- બંધ અથવા વહેતું નાક
- ભૂખ ન લાગવી
- ઝાડા
- બીમાર લાગવું અથવા બીમાર હોવું

# તમારા દેશમાં ધ્યાન આપો નેઃ મુસ્લિમોની સ્થિતિને લઈને ઈરાનના નિવેદન સામે ભારતનો જવાબ

## ભારતમાં મુસ્લિમો ઉપર અત્યારચાર થઈ રહ્યો છે તેવું કહીને ઈરાનના નેતાએ ભારતની સ્થિતિને ગાઝા સાથે સરખાવીઃ ભારતે નિવેદનની આકરી ટીકા કરી નિવેદન વખોડી કાઢ્યું

### અગાઉ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા ઉપર પણ ટિપ્પણી થઈ હતી

આ પહેલીવાર નથી કે જ્યારે ઈરાનના સર્વોચ્ચ નેતાએ ભારતના મુસ્લિમો વિશે ટિપ્પણી કરી હોય. વર્ષ ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ પણ તેમણે વાંધાજનક ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે કાશ્મીરમાં મુસ્લિમોની સ્થિતિ ચિંતાજનક છે. ત્યારે ખામેનીએ કહ્યું હતું કે કાશ્મીરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવેલા આ પગલાથી મુસ્લિમોમાં ભય ફેલાયો છે.

**અબતક, નવી દિલ્હી**

ભારતે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના નિવેદન પર આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ઈરાને અન્ય લોકો પર આંગળી ઉઠાવતા પહેલા પોતાના દેશની અંદરની સ્થિતિ જોવી જોઈએ. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલ એક કડક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''અમે ભારતમાં લઘુમતીઓ વિશે ઈરાનના સર્વોચ્ચ નેતા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓની સખત નિંદા કરીએ છીએ અને આ ખોટી માહિતી છે અને તે અસ્વીકાર્ય છે.'' ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખમેનીએ ઈદ મિલાદ-ઉન-નબીના અવસર પર ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું, જો આપણે મ્યાનમાર, ગાઝા, ભારત અથવા અન્ય કોઈ પણ મુસ્લિમ ચહેરાના દુઃખો પ્રત્યે બેધ્યાન હોઈએ, તો આપણે પોતાને ધ્યાનમાં લેવું જોઈએ નહીં. ખમેનીએ કહ્યું છે કે ભારતમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યો છે. તેમણે સોમવારે પયગંબર મોહમ્મદની જન્મજયંતિ પર આ વાત કહી અને વિશ્વભરના મુસ્લિમોમાં એકતાની જરૂરિયાત વ્યક્ત કરી.

મોટી વાત એ છે કે ખામેનીએ ભારતની તુલના ગાઝા અને મ્યાનમાર સાથે કરી છે અને તેને તેમની સાથે એક જ લાઈનમાં મૂકી છે. ખામેનીએ આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે તેમનો દેશ પોતે સુન્ની મુસ્લિમો અને વંશીય લઘુમતીઓના દમન માટે વિશ્વભરમાં કુખ્યાત છે અને સતત આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરી રહ્યો છે.

# પપુઆ ન્યુ ગિનીમાં સોનાની ખાણને લઈ બે જૂથો વચ્ચે હિંસક અથડામણઃ 30ના મોત

## આદિવાસી જૂથો વચ્ચે અથડામણમાં ધડાધડ 300થી વધુ રાઉન્ડ ફાયરઃ પરિસ્થિતિ નિયંત્રિત કરવા સુરક્ષા દળોને છુટો દોર અપાયો

**અબતક, નવી દિલ્હી**


પપુઆ ન્યુ ગિનીમાં એક વિવાદિત સોનાની ખાણને લઈને હરીફ જાતિઓ વચ્ચે હિંસક અથડામણમાં ઓછામાં ઓછા 30 લોકો માર્યા ગયા છે, તેની પોલીસે સોમવારે પુષ્ટિ કરી હતી.

પોલીસનું કહેવું છે કે રવિવારે આદિવાસી જૂથો વચ્ચે ઘાતક ગોળીબારમાં 300 થી વધુ ગોળીઓ ચલાવવામાં આવી હતી. આ પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે સુરક્ષા દળોને કટોકટીની સત્તાઓ આપવામાં આવી હતી, જેમાં કાયદો અને પરિસ્થિતિ જાળવવા શૂટ એટ સાઈટના પણ ઓર્ડર આપવામાં આવ્યા છે. ત્યાંના પોલીસ કમિશનર ડેવિડ મેનિંગે જણાવ્યું હતું.''સરળ શબ્દોમાં કહીએ તો, જો કોઈ સાર્વજનિક સ્થળે હથિયાર ઉઠાવશે અથવા અન્ય વ્યકિતને ધમકાવવા માટે હથિયાર ઉઠાવશે, તો તેને ગોળી મારી દેવાશે.''

કટોકટીના પગલાંના ભાગ રૂપે, દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાતોરાત કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. તેમજ શાળાઓ, હોસ્પિટલો અને સરકારી કચેરીઓ બંધ કરી દેવામાં આવી છે. ત્યારે કેનેડિયન માલિકીની પોર્ગેરા ખાણ લડાઈને કારણે થોડા સમય માટે કામગીરી સ્થગિત કરી દીધી છે.

પાપુઆ ન્યુ ગિનીના ઉચ્ચ પ્રદેશોમાં આદિવાસી સંઘર્ષો અસામાન્ય નથી, પોરગેરા સોનાની ખાણ એક સમયે દેશની વાર્ષિક નિકાસમાં ૧૦% હિસ્સો ધરાવતી હતી. પરંતુ તાજેતરના વર્ષોમાં આદિવાસી અશાંતિ અને સરકારના વિલંબને કારણે મોટા પ્રમાણમાં ઉત્પાદનમાં અવરોધ ઊભો થયો છે.

# વિશ્વકર્મા જયંતિએ એસજીવીપી ગુરૂકુળમાં પુજન-આરતીનો કાર્યક્રમ યોજાયો



**અબતક, રાજકોટ**

શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી એસજીવીપી ગુરુકુલમાં ભારતીય સાંસ્કૃતિક પરંપરાના ઉત્સવોને ગૌરવ અને મહિમાથી ઉજવવામાં આવે છે. સૃષ્ટિના આદિ કર્તા બ્રહ્માજીની આજ્ઞાથી વિશ્વકર્માએ સૃષ્ટિનું સર્જન કર્યું અને ત્યાર પછી પણ એ પરંપરા સતત ચાલતી રહે તે માટે ભગવાન વિશ્વકર્માએ મનુષ્યોમાં સર્જન સામર્થ્યનું પ્રદાન કરી નિત્ય સર્જનની પ્રેરણા આપી. તે દિવસને ભારતીય પરંપરામાં ખાસ કરીને કારીગર વર્ગમાં વિશ્વકર્મા જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. એસજીવીપી સ્વામિનારાયણ ગુરુકુલમાં વિશાળ ગૌશાળાની સેવા સાંભળતા શાસ્ત્રી સ્વામી માધવચરણદાસજી તથા ગુણસાગરદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં વિશ્વકર્મા જયંતિ પૂજન કરવામાં આવ્યું હતું. જેમા ઓરિસ્સા-ભુવનેશ્વરના મૂર્તિના કારીગરો બિરજુભાઈ બેહરા, શિવાનંદ બેહરા તથા કિશોરભાઈ વગેરે કારીગરોએ વિશ્વકર્મા યાગ, આરતિ કરી પૂજન કર્યું હતું.

# માઁ સંતોષી પે સેન્ટર શાળામાં બાલ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

## વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિ રજુ કરી મહાનુભાવોએ પ્રદર્શન નિહાળ્યું



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૩ માં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમીતી સંચાલીત માઁ સંતોષિ પે સેન્ટર શાળા નં.૯૮ ખાતે સી.આર.સી. નં.૩ બાલ વિજ્ઞાન પ્રદર્શન અને કલા ઉત્સવ ૨૦૨૪માં કુલ ૧૩ કૃતિઓ રજુ કરવામાં આવેલ જેમાં સમાવિષ્ટ શાળા નં. ૪૦, ૪૪, ૯૮ માધાપર પ્રા.શાળા મનહરપુર પ્રા. શાળાઓએ ભાગ લીધેલ હતો. જેમાં શાળા નં. ૯૮ની કૃતિ ઓછા ખર્ચે રોગ પ્રતિકારક શકિત વધારતા ખોરાક પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ શાળા નં. ૪૪ રખડતા ઢોર દ્વારા ઉર્જા પ્રાપ્ત કરવી બીજો નંબર પ્રાપ્ત કરેલ શાળા નં. ૯૮ ઈકો ફ્રેન્ડલી ખેતી પદ્ધતિ ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ માધાપર પ્રા. શા. રમતા રમતા ભણીએ ચોથો નંબર પ્રાપ્ત કરેલ. મનહરપુર પ્રા. શાળા ઉષ્મા અને ઠંડીએ સાથે પાંચમા નંબરે આવેલ ઉપરોકત ૧૩ કૃતિઓને તૈયાર કરનાર શિક્ષકો અને વિદ્યાર્થીઓને શાળા નં.૯૮ના આચાર્ય ચંપકભાઈ સી. પ્રજાપતિએ ધન્યવાદ આપેલ

# ફાર્મસી કોલેજોમાં પ્રવેશ મુદત 30 નવેમ્બર સુધી લંબાવાઈ

## પ્રવેશ કાર્યવાહી ચાલુ રાખવાના કારણે ફાર્મસીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે પ્રથમ શૈક્ષણિક સત્ર પૂરું થવામાં ભારે વિલંબ થશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો છે ત્યારે હવે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ફાર્મસી માટે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત વધારીને ૩૦મી નવેમ્બર કરી દેવાઈ છે. આમ, ફાર્મસીમાં પહેલા રાઉન્ડમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સત્ર ૧૭મી સપ્ટેમ્બરથી શરૂ થશે પણ સત્ર પૂરું થવામાં ભારે વિલંબ થાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ફાર્મસી કાઉન્સિલ દ્વારા જૂની કોલેજોને મંજૂરી આપવામાં ભારે વિલંબ થવાના કારણે રાજ્યમાં તાજેતરમાં ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ શરૂ કરાયો છે. પ્રવેશ સમિતિ દ્વારા ફાર્મસીની ડિગ્રી-ડિપ્લોમા મળીને કુલ ૧૩૯ કોલેજોની અંદાજે ૧૧૪૦૦ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો બાદ કરતા પ્રવેશ સમિતિ હસ્તકની ૭૫૦૦ બેઠકો માટે ૧૮ હજાર વિદ્યાર્થીએ દરખાસ્ત કરી હતી. હાલમાં પહેલા રાઉન્ડમાં સમિતિ દ્વારા અંદાજે ૬૫૦૦ વિદ્યાર્થીઓને જુદી જુદી કોલેજમાં પ્રવેશ ફાળવી દેવાયો છે. મહત્વની વાત એ કે, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા તમામ ટેકનિકલ કોર્સમાં પ્રવેશ માટે ૧૫મી સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવી હતી. આમ, નિયમ પ્રમાણે ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે પણ મુદત પૂરી થઈ ચૂકી છે. જોકે, હાલમાં કાઉન્સિલ દ્વારા માત્ર ફાર્મસીમાં પ્રવેશ માટેની મુદત વધારીને ૩૦મી નવેમ્બર કરાઈ છે. એટલે કે હવે ફાર્મસી કોલેજોમાં આગામી ૩૦મી નવેમ્બર સુધી પ્રવેશ ફાળવી શકાશે. પ્રવેશ સમિતિ દ્વારા હાલ પહેલો રાઉન્ડ કરાયો હોવાથી આગામી દિવસોમાં ખાલી પડેલી બેઠકો માટે બીજો અને ત્રીજા રાઉન્ડ પણ કરાશે. આમ, બે રાઉન્ડ પછી પણ બેઠકો ખાલી પડે તો અન્ય કોર્સની જેમ ઓફલાઈન રાઉન્ડ પણ કરાશે. આમ, ૩૦મી નવેમ્બર સુધી પ્રવેશ કાર્યવાહી ચાલુ રાખવાના કારણે ફાર્મસીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે પ્રથમ શૈક્ષણિક સત્ર પૂરું થવામાં ભારે વિલંબ થશે.

# સંજયનગર કા રાજા વિઘ્નહર્તાની મહાઆરતીનો લ્હાવો લેતા હરેશ જોષી

**અબતક,રાજકોટ**

ભારતનો હિન્દુ સમાજ તેના દરેક કાર્યના પ્રારંભમાં મંગલમુર્તિ ગણપતિ દાદાનું સ્મરણ કરી કાર્યનો પ્રારંભ કરે છે.



ત્યારે ભારત દેશમાં ઠેર ઠેર સોસાયટીમાં, મંદિરોમાં, શેરીએ શેરીએ દરેક ઠેકાણે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આવું જ એક આયોજન સંત કબીર રોડ ઉપર આવેલ સંજયનગર મા દિપકભાઈ રાઠોડ, જગદીશભાઈ જંગવડ અને વિનુભાઈ અગ્રાવતના માર્ગદર્શનથી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ગણપતિ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરવા તેમજ અલગ અલગ સમાજના આગેવાનોને મહાઆરતીનો લાભ આપવા માટે આમંત્રણ પાઠવતાં હોય છે ત્યારે શહેર ભાજપ કાર્યાલયના હરેશભાઈ જોષી સહિત પરિવારજનોએ સંજયનગર કા રાજા ના દર્શન અને મહાઆરતીનો લાભ લીધો હતો.

# વાળંદ સમાજનું ગૌરવ દર્શન યુનિ.માં લોકગીત સ્પર્ધામાં ધ્રુવી ગોંડલિયા ઝળહળી

## અતિ પ્રાચીન આજ રે જોધાણ ગઢને માર્ગે લોકગીતમાં ત્રીજો ક્રમ મેળવ્યો



**અબતક,રાજકોટ**

દર્શન યુનિવર્સિટી ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવેલ હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ગરબા, લોકગીત, સહિતના વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી આ કાર્યક્રમ અંતર્ગત લોકગીત સ્પર્ધામાં વાળંદ સમાજની દિકરી ધ્રુવી હર્ષદભાઈ ગોંડલીયા જેણે અતિ પ્રાચિન 'આજ રે જોધાણ ગઢને માર્ગે' લોકગીત પ્રસ્તુત કર્યુ હતુ. ધ્રુવીએ ગાયેલ લોકગીત સાંભળી શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા હતા આ લોકગીત સ્પર્ધામાં ધ્રુવીએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરીને વાળંદ સમાજનું નામ રોશન કર્યું છે. આજના સમયમાં જયારે યુવાનો લોકગીતોથી દૂર થતા જાય છે. ત્યારે ધ્રુવી ગોંડલિયાએ આપણી સંસ્કૃતિને ઉજાગર કરી અને આવનાર સમયમાં પણ આવા ગીતો યુવાનો સમક્ષ રજૂ કરશે.

# ત્રણ લાખ સભ્ય નોંધણી સાથે રાજયમાં ત્રીજા નંબરે રહેલા શહેર ભાજપને મુકેશ દોશીના અભીનંદન

**અબતક,રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ માં સદસ્યતા અભિયાનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જનસંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડાવવાનો છે. કેન્દ્ર સરકારની યોજના અનુસાર રાજયના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજીની પ્રદેશ યોજના અનુસાર સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ ત્રણ લાખ સદસ્યતા અભિયાનમાં સદસ્ય બનાવી સમગ્ર રાજયમાં રાજકોટ શહેરનો ત્રીજા ક્રમે નંબર આવવા બદલ રાજકોટ શહેરના તમામ હોદેદારો, વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ-મહામંત્રી, શહેરના તમામ મોરચાના પ્રમુખો સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટ શહેરના ભાજપના હિતેચ્છુ, શુભેચ્છકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રમાં જોડાયેલ નાગરિકો, સમાજ આગેવાનો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને તમામ બુથ તેમજ શહેરના દરેક વોર્ડમાં રહેતા મતદારોએ સદસ્યતા અભિયાનમાં જોડાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# સોનમ-નવનાત વણિક ગરબાનું વૈષ્ણવાચાર્યના હસ્તે ઉદઘાટન

**અબતક, રાજકોટ**

જૈન વિઝન અને વિશ્વ વણિક સામાજિક સંગઠનના સંયુકત ઉપક્રમે બિન વ્યવસાયિક નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ ( સોનમ - નવનાત વણિક ગરબા)નું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે.આ નવરાત્રી મહોત્સવના ઉદઘાટન માટે વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો.વ્રજરાજકુમાર મહોદયને આમંત્રણ આપવામાં આવ્યું છે.

નવરાત્રીનાં આયોજકો જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારી, સુનિલભાઈ શાહ,ગીરીશભાઈ મહેતા, મુકેશભાઈ ધોળકિયા, અને રાજીવભાઈ ઘેલાણી શાહ, સહિતના આગેવાનો વ્રજરાજકુમાર બાવાશ્રીને રૂબરૂ મળ્યા હતા અને આ આમંત્રણ આપ્યું હતું. આયોજકોએ આ આયોજન સંપૂર્ણપણે બિનવ્યવસાયિક રીતે થઈ રહ્યું હોવાનું પણ બાવાશ્રીને જણાવ્યું હતું.

આ નવરાત્રી મહોત્સવને લીધે સમાજ એક-બીજાની વધુ નજીક આવે તેવો હેતુ જાણીને પૂ.બાવાશ્રીએ ખુશી વ્યક્ત કરીને શુભેચ્છા પાઠવી હતી.

### વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશીપમાં

# ૫૦૦ થી વધુ સ્પર્ધકોએ કરાટેના દાવ-પેંચ અજમાવ્યાં

## સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરની કરાટે સ્પર્ધા યોજાઇ: સ્પર્ધામાં ખેલાડીઓનો ઉત્સાહ વધારવા સાંસદ પુરૂષોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અને પી.આઇ.એફ.આઇ. ગુજરાત અધ્યક્ષ ડો.અર્જુનસિંહ રાણા સહિતના ઉપસ્થિત રહ્યાં







મનસુખભાઈ માંડવીયાએ વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશિપના તમામ ખેલાડીઓ અને આયોજકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર ખાતે પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરની કરાટે સ્પર્ધા નેશનલ કરાટે ફેડરેશન, ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, અર્જુનસિંહ રાણા સ્પોર્ટ્સ ફાઉન્ડેશન અને સ્નેહ શિલ્પ ફાઉન્ડેશનના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ સાથે રાજકોટના નવનિર્મિત એસએજી ઈન્ડોર સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે તારીખ ૧૫ ના રોજ વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે મહેમાન લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, પ્રો.ડો.અર્જુનસિંહ રાણા (અધ્યક્ષ-PEFI,ગુજરાત) સૌરાષ્ટ્ર ઝોન મીડિયા પ્રભારી મુકેશ બુંદેલા, સ્નેહલ બ્રહ્મભટ્ટ (પ્રેસિડેન્ટ-NKF, ગુજરાત) ચિલ્કા જૈન (વાઇસ પ્રેસિડેન્ટ-NKF,ગુજરાત),

ઈશ્વર થાપા (વર્કિંગ પ્રેસિડેન્ટ-NKF, India), મનોજ મિશ્રા (જનરલ સેક્રેટરી-NKF, India), ડો.નેહલ શુકલ, ડો. માધવ દવે - શહેર મહામંત્રી ભાજપ, દુષ્યંતસિંહ ઝાલા (સેક્રેટરી-NKF,ગુજરાત), ડો.આકાશ ગોહિલ (સેક્રેટરી-PEFI, ગુજરાત) તેમજ નામની અનામી વિશેષ અતિથિઓની ખાસ ઉપસ્થિતિ રહી હતી અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દીવ, દમન અને ગોવાના કુલ ૫૦૦ થી પણ વધુ કરાટે ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાને સફળ બનાવવામાં પીનાર્ક સ્પોર્ટ્સ પ્રા.લી. અને લાયન્સ કરાટે ક્લબ નો અગત્યનો ફાળો હતો અને આંતર રાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

આ સ્પર્ધાના ઉપલક્ષે ARSF, PEFI અને NKFના પદાધીકારીઓનું પ્રતિનિધિ મંડળ પ્રો. ડો. અર્જુનસિંહ રાણાના અધ્યક્ષ સ્થાને ભારત સરકારના રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાની વિશેષ મુલાકાત લઈ મોમેન્ટો અને ખેસ પહેરાવીને સન્માન કરવામાં આવેલ તેમજ ARSF, PEFI અને NKF દ્વારા કરવામાં આવતી રમતગમત ક્ષેત્રની કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી. આ તકે મંત્રી મનસુખભાઈ માંડવીયાએ વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશિપના તમામ ખેલાડીઓ અને આયોજકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.


આ સ્પર્ધામાં ટેકનિકલ સેવાઓ વિજય ભટ્ટ, નિતેશ મકવાણા, ચિરાગ શાહ, રોબિન કાસુન્દ્રા, સચિન ચૌહાણ, ઉમાકાંત સેનાપતિ, સરફરાજ ખાન નોઈડા તેમજ અન્ય તજજ્ઞ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

સ્પર્ધાની અંતે વિજેતા ખેલાડીઓને મેડલ અને મેરીટ સર્ટિફિકેટ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં મેહુલ પરડવાની જીત સુનિશ્ચિત કરતું સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ

## સુરત જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સાથે સમાધાન થતા ઘીના ઠામમાં ઘી પડ્યું

## સમગ્ર દક્ષિણ ગુજરાતના સંચાલકોએ મેહુલભાઈને ટેકો જાહેર કરી જીતાડવાનો સંકલ્પ લીધો



**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંચાલક સંવર્ગની ચૂંટણી આગામી ૨૪મી સપ્ટેમ્બર, મંગળવારના રોજ યોજાવાની છે. ત્યારે આ ચૂંટણીમાં મેહુલભાઈ પરડવા, જે. વી. પટેલ તેમજ પ્રિયવદનભાઈ કોરાટએ ઉમેદવારી નોંધાવી છે. આ ત્રણ મહારથીઓ વચ્ચે ત્રિ-પાખીય જંગ થનાર છે ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના માન્ય ઉમેદવાર મેહુલભાઈ પરડવાની જીત સુનિશ્ચિત બની રહી છે. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા ગઈકાલે સુરત ખાતે સુરતના ૨૫૦ થી વધારે સંચાલકોની ઉપસ્થિતિમાં સુરત જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના હોદ્દેદારો રાજેશભાઈ નાકરાણી, સવજીભાઈ હુંણ વગેરે સાથે સુખદ સમાધાન થતાં સુરત જિલ્લાના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળને સમગ્ર દક્ષિણ ગુજરાતના સંચાલકોએ મેહુલભાઈ પરડવાને પોતાનો ટેકો જાહેર કરીને મેહુલભાઈ પરડવાને જીતાડવા માટેનો સંકલ્પ કરેલ છે. ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના આ પગલાંથી મેહુલભાઈ પરડવાની જીત સુનિશ્ચિત થઈ છે.

સમગ્ર રાજ્યમાં અગત્યની એવી શિક્ષણ ક્ષેત્રની આ ચૂંટણીમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ ઝંપલાવેલ છે ત્યારે આ રાજ્યના મહામંડળના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, ઉપપ્રમુખ જતીનભાઈ ભરાડ, મહામંત્રી અજયભાઈ પટેલ, એવા જ ઘર વાપસી કરેલ મહામંત્રી રાજેશભાઈ નાકરાણી, ખજાનચી સવજીભાઈ હુંણ, મહેશભાઈ ઠક્કર, રાજકોટ જિલ્લા સ્વનિર્ભર સંચાલક મંડળના પ્રમુખ ડી. વી. મહેતા, જયદીપભાઈ જલું, અવધેશભાઈ કાનગડ, સંદીપભાઈ ચૌટાલા, વિપુલભાઈ પાનેલીયા, પરિમલભાઈ પરડવા વગેરે રાજકોટ શહેરના રાજ્યકક્ષાના આગેવાન મેહુલભાઈ પરડવાને જીતાડવા માટે દિવસ રાત મહેનત કરી રહેલ છે. રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાંથી મેહુલભાઈ પરડવાને ખૂબ જ મોટા પાયા પર સમર્થન મળી રહે છે, અને જેના કારણે મેહુલભાઈ પરડવાની આ સંચાલક મંડળની બેઠક ઉપરથી જીત સુનિશ્ચિત જણાઈ રહી છે. રાજ્યના જુદા-જુદા ઝોન જેમાં સૌરાષ્ટ્ર ઝોન, મધ્ય ગુજરાત ઝોન, ઉત્તર ગુજરાત ઝોન, દક્ષિણ ગુજરાત ઝોન વગેરે ઝોનના તમામ આગેવાનો મેહુલભાઈ પરડવાને જીતડવા માટે એક થઈ રહ્યા છે.

આ ચૂંટણી રાજ્યના શિક્ષણ ક્ષેત્રે અને શિક્ષણના ઉત્કર્ષલક્ષી ફેરફારો કરવાના ઉદ્દેશથી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ લડી રહેલ છે. સાથે સાથે ફક્ત સ્વનિર્ભર જ

(અનુ. આઠમા પાને)

# મનોવિજ્ઞાન ભવને પોસ્ટર પ્રદર્શન કરી ૧૮ કોલેજોમાં આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ ફેલાવી



**અબતક, રાજકોટ**

તા. ૧૦ સપ્ટેમ્બર એટલે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ. મનોવિજ્ઞાન ભવને તા. ૦૯/૦૯/૨૦૨૪ થી ૧૫/૦૯/૨૦૨૪ સુધી આત્મહત્યા નિવારણ જાગૃતિ અભિયાન વિક ઉજવ્યું હતું. મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રો. યોગેશ જોગસણ, અધ્યાપક ડો. ધારા આર. દોશી, ડો. મીરા જેપાર, પ્રશાંત ધામેલ અને ડો. શ્રેયા વસાવડાના માર્ગદર્શન નીચે મનોવિજ્ઞાન ભવનના ૧૦૮ વિદ્યાર્થીઓએ ૩૬ જેટલા આત્મહત્યા નિવારણ જાગૃતિના પોસ્ટરો તૈયાર કરેલ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ના સૂચન અને માર્ગદર્શન મુજબ મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓ સામે ચાલીને શાળા-કોલેજો અને જાહેર સ્થળોએ પોસ્ટર પ્રદર્શન માટે ગયેલ. *કુલપતિ ડો. કમલસિંહ ડોડિયાએ આ પ્રદર્શનના ઉદઘાટન વેળાએ જણાવેલ કે મનોવિજ્ઞાન ભણતા અને ભણાવતા તમામની સીધી જવાબદારી આવે છે કે આત્મહત્યા અંગેની વધુને વધુ જાગૃતિ ફેલાવીને સમાજના કલંક સમાન આત્મહત્યાના દરને રોકે. *તેઓએ વધુમાં જણાવ્યું કે સામાજિક, વૈશ્વિક કે વ્યક્તિગત કોઈપણ સમસ્યાનું નિવારણ મનોવિજ્ઞાન દ્વારા શક્ય છે ત્યારે મનોવિજ્ઞાન ભવનની જવાબદારી ખૂબ જ વધી જાય છે. હું આશા નહીં પરંતુ હકથી મનોવિજ્ઞાન ભવનના તમામ લોકોને ભારપૂર્વક કહ્યું છું કે અભ્યાસકીય કામની સાથે સાથે સામાજિક સમસ્યાઓમાંથી ઉગરવાની ચાવી અને ઉપાયો આપે.*

(અનુ. આઠમા પાને)

# 'નરેન્દ્રભાઈ તુમ જીયો હજારો સાલ' વડાપ્રધાનને જન્મદિવસની અનરાધાર શુભકામના

## ભારત વર્ષના દિવ્ય સ્વપ્ન દ્રષ્ટાં નરેન્દ્ર મોદીના ૭૪માં જન્મ દિવસે ઠેર ઠેર માનવ સેવા, ધર્મ ઉપાસના પુજા અર્ચનના કાર્યક્રમોનો ધમધમાટ

**અબતક, રાજકોટ**


વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર અને દેશના રાજકારણ અને સામાજીક સેવાને સંપૂર્ણ રાષ્ટ્ર સમર્પીત બનાવવાની કેડી કંડારનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે જન્મદિવસે ગુજરાત સહીત દેશભરમાં શુભકામનાનો અવસર બની રહ્યો છે.

કેન્દ્રીય પૂર્વ મંત્રી ડો. વલ્લભભાઈ કથીરીયા ભવ્ય અને દીવ્ય ભારત વર્ષના સ્વપન દ્રષ્ટા યશસ્વી, તેજસ્વી અને ઓજસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભકામના પાઠવતા ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાને જણાવેલ,

મોદીજીનું અસાધારણ નેતૃત્વ, દૂરંદેશી અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા સમગ્ર ભારત અને વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપતી રહે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી સાથે વર્ષોથી નજીકથી કામ કરવાનું વિશિષ્ટ સન્માન મળ્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે મને ગુજરાત ગૌ સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરીને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપી. આ ભૂમિકાએ મને ગૌ કલ્યાણ માટે જુસ્સાથી કામ કરવાની તક આપી, જે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોના સંવર્ધનમાં વિશેષ યોગદાન આપી શકે તેમ છે.

આ ખાસ દિવસે, હું તેમના સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને આપણા મહાન રાષ્ટ્રની સેવામાં સતત સફળતા માટે મારી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરું છું.

ધારાસભ્ય ઉદયભાઈ કાનગર વિકાસના સ્વપ્નદ્રષ્ટા અને દેશના લોકલાડીલા, યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આજે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે ત્યારે ભારત માતાને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવનાર ગુજરાતના સપુત નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં જંગી બહુમતીથી અને દેશવાસીઓના અપાર સ્નેહથી ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો અને દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થયા અને સંસદમાં પ્રવેશ કરતા પહેલા શીશ ઝુકાવી પોતાનો કાર્યભાર સંભાળ્યો એ ઐતિહાસિક ક્ષણના આપણે સૌ સાક્ષી છીએ. ત્યારે સતત ત્રીજી વખત દેશની ધુરા સંભાળનાર નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રનિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, કાર્યકર્તાઓ પ્રત્યે અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રધ્ધા તેમના ગુણ છે.

ત્યારે રાષ્ટ્રસેવા અને જનસેવાને સર્વોપરી રાખનારા મા ભારતીના કર્મયોગી, કરોડો કાર્યકર્તાઓને લોકસેવાની પ્રેરણ આપનાર આદર્શ રાજનેતા, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૪માં જન્મદિવસે શુભેચ્છા પાઠવતા નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતવર્ષ ઉન્નતિના પથ પર નિરંતર અગ્રેસર રહે તથા મોદીજી સ્વસ્થ અને દિર્ઘાયુષ્ય થાય તેવી ઈશ્વર પાસે મંગલ કામના કરતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું. ત્યારે માં ભારતી ને પરમ વૈભવના શિખર પર બેસાડવા માટે કૃતિનિશ્ચયી અને સમગ્ર વિશ્વમાં ભારત માતાનું ગૌરવ વધારનાર એવા આપણા લોકહ્રદય સમ્રાટ નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મદિવસે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી શુભેચ્છા પાઠવી હતી.

# કોર્પોરેશન દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ ઝુંબેશનો શુભારંભ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ્દ હસ્તે કરાયું વૃક્ષારોપણ




**અબતક, રાજકોટ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૫મી જુન ૨૦૨૪ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે બુધ્ધ જયંતિ પાર્ક, નવી દિલ્હી ખાતે પ્રતિકરૂપે પીપળાના વૃક્ષનું વાવેતર કરી એક પેડ માં કે નામ અભિયાનની શરૂઆત કરાવવામાં આવેલ. એક પેડ માં કે નામ અભિયાન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ વૃક્ષારોપણ ઝુંબેશનો આજે સ્કાય ઈન્ફિનિટી પ્રોજેકટ સાઈટની બાજુનો ગાર્ડન હેતુ માટેનો પ્લોટ, સ્માર્ટ સીટી વિસ્તાર, અટલ સરોવરની બાજુમાં, રૈયા ખાતે યોજાયેલ મુખ્ય કાર્યક્રમ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. સ્માર્ટ સિટી વિસ્તારમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કાર્યક્રમમાં મહાનુભાવો ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, બાગ બગીચા અને ઝુ સમિતિના ચેરમેન સોનલબેન સેલારા, નાયબ કમિશનર સ્વપિનલ ખરે, સી.કે.નંદાણી, ડાયરેક્ટર (પાર્કસ એન્ડ ગાર્ડન) અને રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો દુર્ગાબા જાડેજા, હિરેનભાઈ ખીમાણીયા, ડો. અલ્પેશભાઈ મોરજરિયા, ડો. દર્શનાબેન પંડ્યા, શહેર બક્ષીપંચ મોરચા પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, વોર્ડ નં.૧ના પ્રમુખ કાનાભાઈ સતવારા, પ્રભારી કાથડભાઈ ડાંગર, મહામંત્રી નાગજીભાઈ વરૂ, સ્માર્ટ સિટીના ડેપ્યુટી એન્જી. હરેશ સોંડાગર, વોર્ડ એન્જીનીયર ધીરેન કાપડિયા, સ્માર્ટ સીટીના અન્ય અધિકારીઓ-કર્મચારીઓ, વોર્ડ ઓફિસર ક્રિંજલ ચોલેરા વગેરે ઉપસ્થિત રહેલ હતાં.

એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વોર્ડ વાઈઝ યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં વોર્ડના કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો, લગત વોર્ડના વોર્ડ એન્જીનીયરો, વોર્ડ ઓફિસરો, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

ગાર્ડન સુપરવાઈઝરના માર્ગદર્શન હેઠળ ગાર્ડન શાખાના કર્મચારીઓ અને એજન્સી દ્વારા આ તમામ સ્થળોએ ઘનિષ્ટ વૃક્ષારોપણ કરવામાં આવશે.

## ઓ માય ફ્રેન્ડ ગણેશા તું રહેના સાથ હંમેશા

# ‘પંચવટી કા રાજા’ને ભારે હૈયે વિદાય આપતા ભાવિકો

### વાજતે ગાજતે બાપ્પાને વિદાય આપીશું: મહેન્દ્રસિંહ રાઠોડ



અબતક સાથેની વાતચીતમાં મહેન્દ્રસિંહ રાઠોડએ જણાવ્યું હતુ કે આ વર્ષે પણ અમે બાપ્પાની ઈકો ફ્રેન્ડલી મૂર્તિની સ્થાપના કરી છે. સરકારની નીતિ પ્રમાણે બાપ્પાનું વિસર્જન કરીશું દરરોજ સવારે અને સાંજે બાપ્પાની આરતીનો ભાવિકો લ્હાવો લે છે. બાપ્પાને આજે વાજતે ગાજતે વિદાય આપવામાં આવશે. અને આવતા વર્ષે પુનઃ બાપ્પા અમારે ત્યાં પધારે એવી શુભકામના સાથે પંચવટી કા રાજાને વિદાય આપવામાં આવશે.





### ગણેશોત્સવ દરમિયાન અવનવાં સાંસ્કૃતિક કાર્યક્રમોનો શહેરીજનોએ લીધો લ્હાવો

**અબતક,રાજકોટ**

રાજકોટ પંચવટી કા રાજા પંચવટી સોસાયટી દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી ‘પંચવટી કા રાજા’ ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વખતે પણ ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ લેવામાં આવી છે, દર વર્ષે કંઈક ને કંઈક નવીન થીમ આધારીત ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. આ વખતે ‘ઝુલતા ગણેશ’ રાખવામાં આવ્યા છે. ૧૦ દિવસ સુધી ગણેશજીની બિરાજમાન રાખવામાં આવે અને આજે ગણેશજીનું વાજતે ગાજતે તેમજ આંખોની ઉદાસી સાથે ગણેશજીને વિદાય આપવામાં આવી. પરંતુ દસ દિવસ સુધી અવનવા સાંસ્કૃતિક

(અનું. આઠમાં પાને)

### મિત્રોના સહકારથી ગણેશોત્સવની ભવ્ય ઉજવણીઃ રાજુભાઈ



અબતક સાથેની વાતચીતમાં રાજુભાઈએ જણાવ્યું હતુ કે અમારી સોસાયટીમાં દર વર્ષે ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. દર વર્ષે અવનવી થીમ સાથે બાપ્પાનું સ્થાપન કરવામાં આવે છે. સાથી મિત્રોના સહકારથી દરરોજ રાતે કલાકારો દ્વારા ભજન કિર્તન કરવામાં આવે છે. રાજુભાઈ દોશી મહેન્દ્રસિંહ રાઠોડ સહિતના મિત્રોના પ્રયાસથી ગણેશોત્સવ ધૂામધૂમથી ઉજવીએ છીએ.

### પંડાલમાં દર્શનાર્થીઓ માટે સુદ્રઢ આયોજનઃ રાજુભાઈ દોશી



અબતક સાથેની વાતચીતમાં રાજુ એન્જીનીયરીંગના રાજુભાઈ દોશીએ જણાવ્યું હતુ કે, પંચવટી કા રાજા ગણેશોત્સવનું છેલ્લા ૧૦ વર્ષથી આયોજન કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે ગણપતિના ભાવભેર વધામણા કરવામાં આવે છે. દરરોજ અવનવા કાર્યક્રમોનો ભકતો લાભ લે છે. ભકતો શાંતિપૂર્વક દર્શન કરી શકે એવી સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરીજનો પંચવટી કા રાજાના દર્શનાર્થે અચૂક આવે છે. અને આ વખતે બાપ્પાનું વિસર્જન અમારી વાડીમાં કરવામાં આવશે.

# બ્રહ્મસમાજનું ખેલૈયાઓ પારિવારિક માહોલમાં રાસની ‘ધૂમ’ મચાવશે

## બ્રહ્મ સંગમ સંસ્થા દ્વારા બ્રહ્મ ખેલૈયાઓને પ્લેટફોર્મ પુરૂ પાડશે

**અબતક,રાજકોટ**

બ્રહ્મપરિવારો માટે સતત જાગૃત અને સર્વાંગી વિકાસ માટે કાર્યરત બ્રહ્મસંગમ સંસ્થા દ્વારા રાજકોટ શહેરના બ્રહ્મપરિવારો માટે ચાલુ વર્ષે બ્રહ્મસંગમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૪નું આગામી તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા. ૧૨/૧૦/૨૦૨૪ સુધી અનેરું આયોજન કરવામાં આવેલ છે.તેના માટે સંસ્થા દ્વારા તૈયારી શરૂ થયેલ છે. આ નવરાત્રી મહોત્સવ અત્રે માધાપર ચોકડી પાસે,સ્વામીનારાયણ મંદિર સામે,જામનગર રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવશે.

બ્રહ્મસંગમ સંસ્થાના પ્રમુખ ઈન્દ્રનીલભાઈ રાજગુરુની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ છેલ્લા અગિયાર વર્ષ થી પારિવારિક વાતાવરણમાં બ્રહ્મપરિવારની એકતા, સંગઠન અને ભાતૃ ભાવના કેળવવા તેમજ બ્રહ્મખેલૈયાઓને એક સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પ્લેટફોર્મ પૂરું પાડવાના ભાગ રૂપે નવરાત્રી મહોત્સવ યોજવામાં આવે છે.આ નવરાત્રી મહોત્સવના વ્યવસ્થિત આયોજન માટે સંસ્થાના પ્રમુખ ઈન્દ્રનીલભાઈ રાજગુરુ. ની ડો.શરદભાઈ રાજગુરુ, ધીરુભાઈ મહેતા વિગેરેના માર્ગદર્શન હેઠળ એક આયોજન સમિતિની રચના કરાયેલ છે. જયારે આ નવરાત્રી મહોત્સવની ઉજવણી સમિતિના કન્વીનર તરીકે ની ધર્મેશભાઈ મહેતા અને સહકન્વીનરો અલ્પેશભાઈ રવૈયા, રસિકભાઈ ભટ્ટ, શૈલેષભાઈદવે અને રમેશભાઈ રવૈયા ની સમગ્ર ટીમ તથા સલાહકાર સમિતિના લલીતભાઈ ધાંધિયા, જસ્મીનભાઈ માઢક તથા તૃપ્તિબેન જોષી દ્વારા નવરાત્રી મહોત્સવની તડામાર તૈયારી ચાલી રહી છે





**અબતકની શુભેચ્છા મુલાકાતે બ્રહ્મસંગમ સંસ્થાના સભ્યોએ આપી વિગત**

અબતકની શુભેચ્છા મુલાકાતે ધર્મેશભાઈ મહેતા વાતચીતમાં જણાવ્યું હતુ કે,

નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા માટે દાતાઓના સહયોગ થી ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દરરોજ પ્રિન્સ,પ્રિન્સેસ, વેલડ્રેસ, વેલકિડ્સ, વિવિધ વયજૂથના ઉત્કૃષ્ટ રમતા ખેલૈયાઓને ઈનામ, વેલઆરતી, ટેટુ, ચાંદલો, ગરબા સુશોભન, દાંડિયા શણગાર

(અનું. આઠમાં પાને)

# એસજીવીપી ગુરૂકુલમાં ગૌપુજન-અખંડ ધૂન સાથે ઉજવાયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ

**અબતક , રાજકોટ**

ગુજરાતના વતની એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનને આખા દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. ત્યારે વડાપ્રધાનનું સારુ સ્વાસ્થ્ય રહે તે હેતુથી એસજીવીપી ગુરુકુળમાં પણ આયોજન



કરવામાં આવ્યું છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વાસ્થ્ય સારુ રહે અને દરેક કાર્યમાં સફળતા અને યશ મળે તેવા ઉમદા હેતુથી એસજીવીપી સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ છારોડી, અમદાવાદ ખાતે ગુરુવર્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી અને ઋષિકુમારો દ્વારા ગૌપુજન અને અખંડ ધુન કરવામાં આવી હતી.

# નિધિ સ્કુલ આયોજીત ગણેશ મહોત્સવમાં વિઘ્નહર્તાને અપાય ભાવભેર વિદાય



**શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકોએ બાપ્પાની આરતીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી**

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલ આયોજિત ગણેશ મહોત્સવ ‘‘આપણા રાજા‘‘ માં અનંત ચતુર્દશી ના દિવસે બાપા ની મૂર્તિને વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા મહાપૂજા અને મહાઆરતી તેમજ ૧૦૮ લાડુ અર્પણ કરી ભાવભરી વિદાય આપવામાં આવી, તેમજ બાપા ની મૂર્તિનું સ્કૂલમાં જ વિસર્જન કરવામાં આવ્યું, દસ દિવસીય ગણેશ મહોત્સવમાં વિદ્યાર્થીઓ વાલીઓ માટે અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી તેમજ દરરોજ સવારે અને સાંજે મહા આરતી યોજવામાં આવી હતી, સ્કૂલના કે. જી થી ધોરણ-૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોએ બાપાને ભાવભરી વિદાય તેમજ ‘‘અગલે વરસ જલ્દી આ‘‘ નારા સાથે બાપા ને વિદાય આપી હતી, આ સમગ્ર કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, નકુમ જાનકી, હર્ષદ રાઠોડ, પૂનમ કણજારીયા, ભૂમિ વાઘેલા તેમજ સમગ્ર શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી ગણ ગણેશ મહોત્સવમાં કાર્યરત રહેલો હતો...

# સ્વચ્છતા રેલી-મેરેથોનને ફ્લેગ ઓફ આપતા ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા



**અબતક, રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિતે દેશભરમાં જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે રાજકોટ શહેરમાં સી.આઈ.એસ.એફ. યુનિટ દ્વારા ‘‘સ્વછતા હી સેવા’’ અંતર્ગત સ્વચ્છતા રેલી અને મેરેથોન યોજવામાં આવી હતી તેમજ આ કાર્યક્રમનું બીજી ઓકટોબર સુધી આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીનો પ્રારંભ જી.એસ.ટી. કોલોનીથી કરવામાં આવેલ ત્યાર બાદ રેસકોર્ષ થઈને જુના એરપોર્ટ પર સમાપન કરવામાં આવેલ. ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ એરપોર્ટના ડી.સી./સી.એ.એસ.ઓ.ના અધિકારી અમનદીપ સીરસવા દ્વારા આ સ્વછતા અંગેની રેલીનો ફ્લેગ ઓફ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સી.આઈ.એસ.એફ.ના ૪૫ જવાનો, રાજકોટ મહાનગરપાલિકાના ૨૫ સફાઈ કર્મચારીઓ, જુદી-જુદી શાળાના વિદ્યાર્થીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો આ સ્વછતા રેલીમાં જોડાયા હતા.

# કોર્પોરેશન દ્વારા ‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત સાંસ્કૃતિક ઉત્સવ ઉજવાયો

## ‘‘સ્વચ્છતા હી સેવા’’ના લોગો સાથે સેલ્ફી પોઈન્ટની વ્યવસ્થા

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રજી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઈજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે.



સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન ‘‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૪’’ પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે સવારે ૧૦:૩૦ કલાકે અભયભાઈ ભારદ્વાજ કોમ્યુનીટી હોલ ખાતે સાંસ્કૃતિક ઉત્સવ (કલ્ચરલ ફેસ્ટ) કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ સાંસ્કૃતિક ઉત્સવ (કલ્ચરલ ફેસ્ટ) કાર્યક્રમમાં સફાઈ કામદાર પ્રકાશ પરમાર તથા અનીલ વાઘેલા દ્વારા ગાયન રજુ કરવામાં આવેલ

તેમજ સફાઈ કામદાર દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. સ્વચ્છતા અંગે જન જાગૃતિ અર્થે શેરી નાટક પણ યોજવામાં આવેલ તથા સ્વચ્છતા હી સેવાના લોગો સાથે સેલ્ફી પોઈન્ટ બનાવી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા પહેલ કરવામાં આવેલ.

ઉપરોકત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સેનિટેશન સમિતિ ચેરમેન નિલેશભાઈ જલુ, નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ.આર.પટેલ, વોર્ડ નં.૯ના કોર્પોરેટર પુષ્કરભાઈ પટેલ તથા દક્ષાબેન વસાણી હાજર રહેલ.

એક 'ભૂલે' તંત્ર આખાના ધંધે લગાડ્યા

# રૈયાધારથી ઝડપાયેલી દારૂની ભઠ્ઠી યુનિવર્સિટી કેમ્પસના 'ખાતે' માંડી દેવાતા રાજ્યભરમાં પડઘો

## શિક્ષણના ધામમાં દારૂની ભઠ્ઠી ધમધમી રહ્યાના અહેવાલને પગલે ડીસીપી ઝોન-૨ બંગરવાનો સ્પષ્ટતારૂપી' ખુલાસો'

**અબતક, રાજકોટ**

એક સામાન્ય ભૂલની અસર કેટલી મોટી પડી શકે છે તેનું મોટું ઉદાહરણ રાજકોટ શહેરમાં સામે આવ્યું છે. પીસીબી બ્રાન્ચે ગત રાત્રીના એકસાથે શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ત્રણ દારૂની ભઠ્ઠી ઝડપી લીધી હતી અને ત્રણ બુટલેગરોની ધરપકડ કરી હતી. દરમિયાન દેશી દારૂના દરોડામાં ઝડપાયેલા બુટલેગરો વિરુદ્ધ થોરાળા અને યુનિવર્સીટી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુન્હાનો રેકોર્ડ ઓનલાઈન અપલોડ કરતી વેળાએ યુનિવર્સીટી પોલીસના કર્મચારીએ રૈયાધારથી ઝડપાયેલી ભઠ્ઠીને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કેમ્પસમાં દર્શાવી દેતા ભારે વિવાદ સર્જાયો હતો. મામલામાં રાજ્ય સરકારના આરોગ્યમંત્રી અને પ્રવક્તા ઋષિકેશ પટેલે પણ નિવેદન આપી દીધું હતું. જે બાદ તાત્કાલિક પોલીસે આ મામલે સ્પષ્ટતા કરતા મામલો થાળે પડ્યો હતો.

અમદાવાદ, સુરતની જેમ રાજકોટમાં પ્રિવેંશન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (પીસીબી) શાખાને મજબૂત બનાવવામાં આવી છે. જે બાદ પીસીબી દ્વારા દારૂ - જુગાર સહીતની બદ્દીને ડામવા સતત દરોડાનો દોર શરૂ કરવામાં આવ્યો છે. દરમિયાન ગઈકાલે પીસીબીના ઇન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ જે હુણની ટીમે અલગ અલગ ત્રણ દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પાડ્યો હતો.



આવાસ યોજના કવાર્ટરની પાછળના રહેણાંક મકાનમાંથી દેશી દારૂની ભઠ્ઠી, ૨૨ લિટર દેશી દારૂ સાથે હરેશ પ્રવીણ સાડમીયાની અટકાયત કરી હતી. ત્રીજો દરોડો થોરાળા પોલીસ મથક હેઠળ

પીસીબીએ યુનિવર્સીટી પોલીસ મથક હેઠળ આવતા રૈયાધાર મફતિયાપરામાં દશામાંના મંદિર વાળા રોડ પર ચારબાઈ માતાજીના મંદિર પાસે આવેલી એક ઓરડીમાં દરોડો પાડી દેશી દારૂની ભઠ્ઠી, ૩૨ લિટર દારૂ, ૨૦૦ લિટર આથો ઝડપી અંકિત ઉર્ફે ભોલો અશોક સોલંકીની ધરપકડ કરી હતી.

બીજો દરોડો પણ યુનિવર્સીટી પોલીસ મથક હેઠળ આવતા રૈયાધાર મફતિયાપરા ધરમનગર આવતા ચુનારાવાડ શેરી નંબર ૧માં આવેલી ઓરડીમાંથી દેશી દારૂની ભઠ્ઠી, ૨૧૫ લિટર દારૂ સાથે ગુલાબ આમદ કાતીયા, મનસુખ ઉર્ફે મુનો સુખા ઝાલાની અટકાયત કરી હતી. જ્યારે મનીસા ઉર્ફે મુનિ વિનોદ સોલંકીને ફરાર જાહેર કરવામાં આવી હતી.

પીસીબીએ પાડેલા ત્રણેય દરોડા પૈકી બે દરોડા યુનિવર્સીટી પોલીસ મથક વિસ્તારમાં હતા. ત્યારે આ મામલે યુનિવર્સીટી પોલીસ મથકમાં અલગ અલગ બે ગુના નોંધવામાં આવ્યા હતા. જે પૈકી રૈયાધાર મફતિયાપરામાં દશામાંના મંદિરવાળા રોડ પર આવેલી ઓરડીમાથી ઝડપાયેલી ભઠ્ઠીની એફઆઈઆર ઓનલાઈન અપલોડ કરતી વેળાએ યુનિવર્સીટી પોલીસ મથકના કર્મચારીઓએ દરોડાનું સ્થળ રૈયાધારની જગ્યાએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસ દર્શાવી દીધું હતું. જે બાદ વિવાદ ઉભો થયો હતો. પોલીસ કર્મચારીની ભૂલને પગલે શિક્ષણના ધામમાં ધમધમતી દારૂની ભઠ્ઠીના અહેવાલો વાયુવેગે આગળ વધ્યા હતા. અંતે આ મામલે રાજ્ય સરકારના પ્રવકતા ઋષિકેશ પટેલે પણ નિવેદન આપવું પડ્યું હતું. જે બાદ સમગ્ર મામલે રાજકોટ શહેર પોલીસે ભૂલ અંગે સ્પષ્ટતા કરવાની ફરજ પડી હતી.

### દરોડાનું સ્થળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બતાવી દેનાર કર્મચારી વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવાશે : ડીસીપી જગદીશ બંગરવા



સમગ્ર મામલે ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, પીસીબી દ્વારા જે દરોડો પાડવામાં આવ્યો હતો તેની એફઆઈઆર ઓનલાઈન અપલોડ કરતી વેળાએ યુનિવર્સીટી પોલીસના પીએસઓએ દરોડાના સ્થળમાં ભૂલથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી લખી નાખતા ગેરસમજણ ઉભી થઈ હતી. આ મામલે પોલીસ કર્મચારીની ભૂલ અંગેની તપાસ એસીપી પશ્ચિમને સોંપવામાં આવી છે અને ભૂલ કરનાર કર્મચારી વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેવું પણ ડીસીપીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, એકવાર એફઆઈઆર ઓનલાઈન અપલોડ કરી દીધા બાદ તેમાં કોઈ સુધારો કરી શકાતો નથી જેથી આ મામલે નામદાર કોર્ટને પણ ભૂલ અંગે રિપોર્ટ કરવામાં આવશે.

# સ્થાપત્ય ગ્રીન સિટી બિલ્ડીંગ એસો.ના પ્રમુખ છેતરપિંડી કેસમાં જામીન મૂકત

## ફલેટ ઓનર્સના બેંક ખાતામાંથી રૂ.૧.૭૭ કરોડ ઉપાડી શેર બજામાં રોકાણ કર્યું

**અબતક,રાજકોટ**

કાંગશીયાળી ગામમા આવેલ સ્થાપત્ય ગ્રીન સીટી નામની બિલ્ડીંગના ઉપપ્રમુખે નોંધાવેલ છેતરપિંડીના કેસમાં આરોપીના કોર્ટ દ્વારા જામીન મંજુર કરવામા આવ્યા છે. આ કેસની હકીકત મુજબ સ્થાપત્ય ગ્રીન સીટી નામની બિલ્ડીંગમા આવેલ છ વિંગોના ફ્લેટ ધારકોને વિશ્વાસમા રાખી જીગ્નેશ્તાઈ ધનજીભાઈ વઘાશીયા મુખ્ય પ્રમુખ તથા ફરીયાદી કેતનભાઈ રમજીભાઈ અદોદરીયાની ઉપપ્રમુખ તરિકે નીમણુક કરી હતી. આ મેંટેનન્સના ખર્ચ પેટેના ફ્લેટ ધારકોએ સોસાયટીના બેંક એકાઉન્ટમા બિલ્ડર મારફતે રૂપિયા જમા કરાવેલ હોય જે રૂપિયા ફરીયાદી તથા પોતાની સયુક્ત સહીથી ઉપાડી શકતા હોય જેથી આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપી સોસાયટીના મેંટેનન્સ ખર્ચના અલગ અલગ બહાના બતાવી સોસાયટીના બેંક ખાતાની ચેકબૂકમા ફરીની સહી લઈ પોતાની સહી કરી ચેક સોસાયટીના બેંક ખાતામાં નખાવી ફરીયાદી તથા સાહેદોની જાણ બહાર બારોબાર સોસાયટીના મેંટેનન્સ ખર્ચ પેટે જમા રહેલ કુલ રકમ રૂ.૧.૭૭ કરોડ ઉપાડી લઈ રૂપિયાનુ શેર બજારમા રોકાણ કરી રૂપિયા ગુમાવી દઈ ફરીયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત તથા છેતપિંડિ કરી ગુન્હો કરેલ હતો. જેથી આરોપી જીગ્નેક્ભાઈ ધનજીભાઈ વઘાશીયાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે પોતાના એડવોકેટ મારફત જામીન અરજી કરેલ હતી. જે અરજી ચાલવા પર આવતા આરોપીના એડવોકેટેની દલિલો તેમજ હાઈકોર્ટ તથા સુપ્રીમકોર્ટના ચુકાદાઓ રજુ કરતા ગોંડલના સેશન્સ જજ દ્વારા આરોપી જીગ્નેશભાઈ ધનજીભાઈ વઘાશીયાને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.આ કેસમા આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગીરીશ જે. વારગીયા, સુરેશ જે. વારગીયા, જુનીયર કિશોર એન. વાઘેલા અને જયેશ કે. ગોહેલ રોકાયા હતા.

# માસીયાઈ ઉપર હુમલો કરનાર ભાઈ નિર્દોષ

## છરી વડે ખૂની હુમલો કરી ૨૦ હજારની લૂંટ ચલાવી 'તી

**અબતક,રાજકોટ**

શહેરમાં માસીયાઈ ભાઈ પર છરી વડે ખુની હુમલો કરી વીસ હજારની લુંટ કરવાના કેસમાં આરોપીને સેસન્સ કોર્ટ દ્વારા શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકયો

આ કેસની હકીકત મુજબ ફરિયાદી રમેશભાઈ કરશનભાઈને તેના માસિયાઈ ભાઈ આરોપી રસીક ત્રિભોવન ગોહિલની ભાભી સાથે સબંધ હોવાની શંકા રાખી તા. ૨૫-૦૯-૨૦૧૧ના રોજ વહેલી સવારના ચાર વાગ્યાના અરસામાં ફરિયાદી રમેશભાઈ રામાપીર ચોકડી પાસે આવેલ દેવજીવન હોટલ પાસે રોડ પર ચાલીને પોતાના રૈયાધારમા આવેલ ઘરે જતા હતા ત્યારે આરોપી રસીક ત્રિભોવન ગોહેલ સામો મળ્યો હતો અને રમેશભાઈને અત્યારે કઈ બાજુથી આવશો તેમ કહી રમેશભાઈને શરીરે પેટના ભાગે તથા પડખાના ભાગે છરીના આડેધડ ઘા ઝીકી દીધા હતા. અને ઈજાગ્રસ્ત રમેશભાઈના ખીસ્સામા રહેલ રોકડા રૂ.૨૦, હજારની લુંટ ચલાવી હતી. જે અંગે રમેશભાઈએ માસિયાઈ ભાઈ રસિક ગોહેલ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે રસીક ત્રિભોવન ગોહિલની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા કોર્ટમા ચાર્જશીટ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ સેસન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપી રસિક ત્રિભોવન ગોહિલના બચાવ પક્ષે રોકકાયેલા એડવોકેટ દલીલ કરવામાં આવી હતી કે ડોકટર સમક્ષની હિસ્ટ્રીમા ફરિયાદીએ આરોપી સગો માસીયાઈ ભાઈ થતો હોય અગાઉથી ઓળખતા હોય છતા નામ જાહેર કરેલ ન હતું તેમજ લુંટની કોઈ હકીકત જણાવેલ ન હતી. બનાવ સ્થળે લોહીના ડાઘ મળી આવેલ ન હતા બનાવ સમયે અંધારૂ હતું અને લાઈટની કોઈ વ્યવસ્થા હોય તેવું રેકર્ડ પર આવતુ ન હતું. ફરિયાદી અને સાહેદોની જુબાની માની શકાય તેમ ન હતુ. પંચો ફરિયાદ પક્ષના કેસને ટેકો આપતા નથી. સુપ્રિમ કોર્ટ તેમજ હાઈકોર્ટના ચુકાદાઓને ટાંકવામાં આવેલા અને બચાવ પક્ષના એડવોકેટની દલીલ ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી રસીક ત્રિભોવન ગોહિલને નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.


આ કેસમાં આરોપી રસીક ત્રિભોવન ગોહિલ વતી એડવોકેટ તરીકે રઘુવીર બસીયા રોકાયા હતા.

# આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન જરૂરીઃ આચાર્ય લોકેશજી

## આચાર્ય લોકેશજીએ સંપર્ક ભારતી યુ.કે. દ્વારા સનાતની પ્રોફેશનલ્સ સેમીનારમાં સંબોધન કર્યુ

**અબતક, રાજકોટ**

અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક આચાર્ય ડો. લોકેશજીએ દિલ્હી એનસીઆરમાં સંપર્ક ભારતી દ્વારા આયોજિત સનાતની પ્રોફેશનલ સેમિનારને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતના યુવાનોનું પ્રગતિ અને વિકાસમાં તે જ સ્થાન છે જે રીતે કરોડરજ્જુનું શરીરમાં છે. વિશ્વના દરેક ખૂણામાં ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત વ્યાવસાયિકો દરેક ક્ષેત્રમાં યોગદાન આપી રહ્યા છે. તેમનું વિશ્વના આર્થિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, તબીબી, વિજ્ઞાન વગેરે તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન છે.





કાર્યક્રમને મહંત બાલકનાથ, જર્મનીથી આવેલા કાર્યક્રમ સંયોજક વિકાસ કુમાર, ડો. મુથુસ્વામી ગુરુજી અને ડો. કર્નલ તેજ તુક્કુજીએ સંબોધિત કર્યા હતા. આયોજકોએ આચાય લોકેશજીનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ગુરુગ્રામમાં અહિંસા વિશ્વ ભારતી દ્વારા સ્થાપિત વર્લ્ડ પીસ સેન્ટરનું ટૂંક સમયમાં ઉદઘાટન થવા જઈ રહ્યું છે.જ્યાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે યોગ અને ધ્યાનના વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવશે. આધ્યાત્મિક વિકાસ અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન બનાવવું જરૂરી છે, યુવાનો આ ક્ષેત્રમાં ઘણું યોગદાન આપી શકે છે.

# શાપર નજીક પારડીની પરિણીતાએ કૂવો પૂર્યો

## સાસરિયાના ત્રાસથી કુળ વધુએ પગલું ભર્યું

અબતક રાજકોટ

રાજકોટના પારડીમાં પિતાના ઘરે રિસામણે આવેલી યુવતીએ કૂવામાં જંપલાવી આપઘાત કરવા પ્રયત્ન કર્યો હતો.પતિ સાથે ફોનમાં બોલા ચાલી થયાં બાદ પતીએ છૂટાછેડા આપી દેવાનું કહેતા યુવતીને માઠું લાગી આવતા પગલું ભર્યું હતું.

બનાવ અંગે પોલીસે યુવતીને ત્રાસ આપનાર તેના સાસરિયાં સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ પારડીના રહેવાસી નરેશભાઈના ઘરે ૧૦ દિવસથી આવેલી તેની પુત્રી મયૂરી ધર્મેશ ખુમાણે (ઉ.વ.૨૬) શાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે બાબરાના પીપળિયા ગામે રહેતા તેના પતિ ધર્મેશ નાથા ખુમાણ, સાસુ ભાનુ ખુમાણ, સસરા નાથા ખુમાણ, દિયર મહેશ ખુમાણ અને હડિયાદ ગામે રહેતી નણંદ દયાના નામ આપ્યા હતા. મયૂરીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન ૭ મહિના પહેલા ધર્મેશ ખુમાણ સાથે થયા હતા.

બાદ લગ્નના બે મહિના સાસરિયાઓએ સારી રીતે રાખી અને પછી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સાસુ ભાનુબેન ઘરકામ બાબતે મેણાં ટોણાં મારતા હતા. પતિને આ અંગે કહેતા પતિ ધર્મેશ લાજવાના બદલે ગાજ્યો અને પત્નીને મારકૂટ કરી હતી અને સાથે તેની નણંદ ફોન કરી ચડામણી કરતી હતી. દિયરને કબાટમાં કપડાં રાખવાની ના કહેતા તેણે ઝઘડો કર્યો હતો આવી રીતે પતિ સહિતના સાસરિયાંના ત્રાસથી કંટાળી મયૂરી ૨૮ ઓગસ્ટના પિયર પારડી આવી ગઈ હતી.

ગત તા.૧૪ના ધર્મેશે તેના સાસુને ફોન કરીને કહ્યું હતું કે, 'હવે મારે તમારી દીકરી જોઈતી નથી, છૂટાછેડા લેવા છે', ધર્મેશ જ્યારે ફોનમાં આ વાત કરી રહ્યો હતો ત્યારે મયૂરી તેની માતા પાસે જ ઊભી હતી અને પતિએ છૂટાછેડા આપવાની વાત કરતાં તે સમસમી ગઈ હતી. પતિની વાતનું માઠું લાગી આવતાં મયૂરી ઘરમાંથી દોડી હતી અને ઘરની બાજુમાં આવેલા કૂવામાં પડતું મુક્યું હતું. નજર સામે જ પુત્રીએ કૂવો પૂરતા તેની માતાએ બૂમાબૂમ કરતાં મયૂરીના પિતાએ દોડી જઈ કૂવામાં ઝંપલાવી પુત્રીને બચાવી લીધી હતી.

કૂવામાં ઝંપલાવી આપઘાતની કોશિશ કરનાર મયૂરીને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસે મયૂરીની ફરિયાદ પરથી તેને ત્રાસ આપનાર તેના પતિ સહિતના સાસરિયાં સામે ગુનો નોંધી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

# સોનોગ્રાફી રિપોર્ટ ખોટો સાબિત થતા ડોકટરને ૧ કરોડ ચૂકવા નોટિસ

## બાળક દરેક પ્રકારે વીકસિત હોવાના રિપોર્ટ છતાં બાળક અપંગ જન્મ્યું

**અબતક, રાજકોટ**

શહેરની મહિલાએ ગર્ભમા રહેલ બાળકનો શારીરિક અને માનસિક વિકાસની સ્થિતિ જાણવા ખ્યાત નામ ડોકટરે સોનોગ્રાફી રિપોર્ટ કરી બાળક સંપૂર્ણ પણે સ્વસ્થ હોવાનો લેખિતમાં રિપોર્ટ આપ્યા બાદ મહિલાને બાળકને જન્મ આપતાં બાળક ખોટ ખાપણ વાળું જન્મ લેતા માતાએ ડોક્ટર સામે રૂ. ૧ કરોડ આપવા નોટિસ ફટકારી છે.



બનાવ અંગે જાણવા મળ્યું હતુંકે શહેરના ધ્રુવીબેન પ્રશાંતભાઈ નોંધણવદરાએ પોતાના ગર્ભમા રહેલ બાળકની શારીરિક અને માનસિક સ્થિતિ જાણવા રાજકોટના ખ્યાતનામ ડોકટર પ્રતીક કગથરા પાસે તા. ૨૪/૬/૨૩થી ૧૫/૧૨/૨૩સુધીના તમામ સોનોગ્રાફી રિપોર્ટ કરાવ્યા હતા જેમાં ડોકટરે બાળક સંપૂર્ણ સ્વસ્થ હોવાનો લેખિતમાં રિપોર્ટ આપ્યો હતો બાદ તા. ૧૫/૧૨/૨૩ના રોજ મહિલાએ બાળકને જન્મ આપતા બાળક ખોટ ખાંપણ વાળું જન્મ લેતા ડોકટરના તમામ રિપોર્ટ ખોટા સાબિત થયાં હતા બાદ માતાએ પૂર્વ સાંસદ સદસ્ય વકીલ રમાબેન માવાણી દ્વારા ડોકટર કગથરાને બાળકીના પાલન પોસણ માટે રૂ. ૧કરોડ ચૂકવી આપવા કાયદાકીય નોટિસ આપવામાં આવી છે. ડોકટર દ્વાર લીગલ નોટિસનો અમલ નહિ કરવામાં આવે તો તેમની સામે દીવાની, ફોજદારી અને ગ્રાહક સુરક્ષા ધારા તળે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું.

## ધોરાજીના વાડોદર ગામે સંતાનના વિયોગમાં પરિણીતાનો આપઘાત

**અબતક,રાજકોટ**

ધોરાજી તાલુકાના વાડોદર ગામે પરિણીતાએ ઝેરી દવા પી લેતા જુનાગઢ સરકારી હોસ્પિટલમાં સારવારમાં મોત નિપજ્યું છે. સંતાન સુખ પ્રાપ્ત ન થતાં તેણીએ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ જણાવવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર, ધોરાજી તાલુકાના વાડોદર ગામની સીમમાં રામજીભાઈની વાડીમાં રહેતા અને મૂળ એમપીના વતની કાજલબેન સંજયભાઈ અનાસ (ઉં.વ.૨૦) નામના પરિણીતાએ ગત તા. ૧૦ ના રોજ વાડીમાં ઝેરી દવા પી લેતા તેણીનું જુનાગઢ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પરિવારે પોલીસને જણાવ્યા મુજબ, લગ્નને દોઢેક વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા હતા, પરંતુ લગ્ન જીવન દરમિયાન સંતાન પ્રાપ્તિ ન થતાં, પરિણીતામાં ચિંતા ગરકાવ હોય જેથી પગલું ભર્યું હોવાની પરિવારે સંભાવના વ્યક્ત કરી છે. બનાવ અંગે પાટણવાવ પોલીસને જાણ થતા જમાદાર કુલદીપભાઈ સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# બેટ દ્વારકાના દરિયાકાંઠેથી રૂ. ૯૩.૩૦ લાખનો બિનવારસી ચરસ મળી આવ્યો

## દ્વારકા એસઓજીએ કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન ૧.૮૬૬ કિલો અફઘાની ચરસનો જથ્થો શોધી કાઢ્યો

**અબતક, રાજકોટ**

બેટ દ્વારકાના દરિયાકિનારે બિનવારસી અફઘાની ચરસ મળ્યું છે. બેટ દ્વારકાના દરિયા કિનારેથી બિનવારસુ ચરસ પેકેટ મળી આવ્યા છે. જેમાં એસ.ઓ.જી દેવભૂમિ દ્વારકા દ્વારા કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન બેટ દ્વારકાના પૂર્વ કાંઠા તરફ દરિયા કિનારેથી બિનવારસી અફઘાની ચરસના બે પેકેટ મળી આવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

કુલ વજન ૧.૮૬૬ અને કિંમત રૂપિયા ૯૩,૩૦,૦૦૦ નો મુદ્દામાલ મળી આવેલ છે. જેમાં વધુ તપાસ દેવભૂમિ જિલ્લાના એસપી નિતેશ પાંડે સુચના અનુસાર હાથ ધરાઈ છે. દ્વારકાના દરિયા કિનારાના વિસ્તારોમાં અગાઉ ચરસ મળવાના કિસ્સાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડાએ પોલીસની ટીમો દ્વારા દરિયા કિનારા વિસ્તારોના સ્ટેસ્ટિક પોઈન્ટ નક્કી કરીને પેટ્રોલિંગની કામગીરી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મીઠાપુર વિસ્તારના મોજપ ગામના દરિયા કિનારાના વિસ્તારોમાં મીઠાપુર પોલીસ સ્ટાફ અને એસઆરડીની ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મોજપના દરિયા કિનારેથી ચરસના ૨૧ પેકેટ મળી આવ્યા હતા.અગાઉ દરિયા કિનારેથી બીનવારસી ૨૩.૬૮ કિલો ચરસ મળી આવતા પોલીસે આશરે ૧૨ કરોડનું ચરસ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ચરસની તસ્કરીને લઈને જિલ્લા પોલીસ વડા દ્વારા દરિયા કિનારા સહિતના વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસ દ્વારા દ્વારકાના તાબાના વાંચ્છુ અને ગોરિંજા ગામના દરિયા કિનારાના વિસ્તારોમાંથી ૬૪ પેકેટ ચરસ ઝડપી પાડવામાં આવ્યું હતું. જેમાં આશરે ૩૦ કરોડ કિંમતનું ચરસ પોલીસે જપ્ત કર્યું હતું. જ્યારે દ્વારકાના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી આશરે ૫૭ કરોડની કિંમતનું બિનવારસી ચરસના ૧૧૫ પેકેટ મળી આવ્યા હતા.

### રણુજાના મેળેથી પરત ફરતા

# મેટોડા પાસે બાઈક સ્લીપ થતાં કિશોરનું મોત

## કાકા સાથે બાઈકની પાછળ બેસીને આવતો હતો ત્યારે રસ્તામાં અકસ્માત સર્જાયો : ચાલક ઘાયલ

**અબતક,રાજકોટ**

શહેરમાં રખડતા ઢોરના ત્રાસને કારણે માર્ગ અકસ્માતના બનાવો વધ્યા છે,ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે, રણુજાના મેળેથી પરત ફરતી વેળાએ મેટોડા ગામના પાટીયા પાસે બાઈક સ્લીપ થતાં સગીરનું મોત થયું. કાકા સાથે મેળેથી પરત ફરતી વેળાએ રાત્રીના ઢોર આડું ઉતરતા બાઈક પર કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો,જેમાં બાઈકની પાછળ બેઠેલા સગીરને વધુ ઈજા પહોંચતા ત્રણ દિવસની સારવાર બાદ દમ તોડી દેતા ભરવાડ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે. પ્રાપ્ત વિગત અનુસાર, શહેરના સ્ટર્લીંગ હોસ્પિટલની પાછળ રહેતા ધીરુભાઈ ભીખાભાઈ ઝાપડાના પુત્ર ૧૬ વર્ષીય પુત્ર અજયનું ગત તા. ૧૪ના રણુજાના મેળેથી પરત ફરતી વેળાએ મેટોડા ગામના પાટીયા પાસે બાઈક સ્લીપ થતાં તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવા આવ્યો હતો, જ્યાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સગીર તેના કાકા રામભાઈ હરિભાઈ મુંધવા સાથે બાઈક પર પાછળ બેઠો હતો ત્યારે, મેટોડા ગામના પાટીયા નજીક ઢોર આડું ઉતરતા બાઈક સ્લીપ થઈ જતા બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, અકસ્માતમાં સગીરને વધુ ઈજા પહોંચી હોવાથી તેણે ત્રણ દિવસની સારવારને અંતે હોસ્પિટલમાં દમ તોડી દીધો. બનાવને પગલે મેટોડા પોલીસને જાણ કરવામાં આવતા હરેશભાઈ ખાચર સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી હતી. મૃતક સગીર ધોરણ ૯ માં અભ્યાસ કરતો હતો અને તે બે ભાઈમાં મોટો હતો. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# મોટી કુંકાવાવઃલેણદાર ફાયનાન્સ કંપનીના ત્રાસથી યુવાનનો આપઘાતનો પ્રયાસ

**અબતક રાજકોટ**

અમરેલીના મોટીકુંકાવાવ ગામે રહેતા યુવકે અલગ અલગ બેંક અને ફાયનાન્સ કંપની પાસેથી લોન લીધા બાદ હપ્તા ચડી જતા તેના ટેન્શનમા યુવાને કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.બનાવ અંગે વડિયા પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ મોટી કુંકાવાવ ગામે રહેતા ઈમરાનભાઈ ઈબ્રાહીમભાઈ મુલતાની ઉવ ૩૫ વાળાએ સ્યુસાઈડ નોટ લખી ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકે નોટમાં લખ્યું હતુંકે પોતે સર્વગ્રામ,આધાર હાઉસિંગ, કિસ્ત ફાઈનાન્સ, એચ.ડી. એફ.સી. બેંક અને શ્રી રામ ફાયનાન્સ જેવી અલગ અલગ ફાયનાન્સ કંપની પાસેથી લોન લીધી હતી બાદમા કફોડી પરિસ્થિતિના હિસાબે લોનના હપ્તા નહિ ભરી શકતા યુવકે ઝેરી દવા પીધી હતી યુવકે બેભાન હાલતમાં પ્રથમ સારવાર માટે અમરેલી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સીવીલ પોલીસ ચોકીના સ્ટાફે વડિયા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે આવી યુવકનું નિવેદન નોંધી અલગ અલગ ફાયનાન્સ કંપની સામે તપાસ હાથ ધરી છે. વધુમા જાણવા મળ્યું હતુંકે યુવકને મોટી કુંકાવાવ ગામે રૂ પિંજવાનો વ્યવસાય ધરાવે છે અને સંતાનમાં ૨ દીકરા છે. યુવક બે ભાઈ એક બેનમા ત્રીજો નંબર છે.બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

ગુજરાત સરકાર

સ્વચ્છતા હી સેવા ૨૦૨૪

૧૭ સપ્ટેમ્બર-૩૧ ઓક્ટોબર ૨૦૨૪

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

# ગુજરાતભરમાં યોજાશે **સેવા, સ્વચ્છતા** અને **પર્યાવરણ** રક્ષણના ત્રણ અભિયાન



## સ્વચ્છતા હી સેવા અભિયાન

૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**૧૦મુ સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪**

સફાઈ-સ્વચ્છતાની શ્રેષ્ઠતા માટે
જિલ્લા-તાલુકા-ગ્રામ્ય કક્ષાએ
**₹૩૪.૮૦ કરોડ**ના **૨૨૨ પુરસ્કારો** અપાશે

**સમૃદ્ધ સમાજનો આધાર, સ્વચ્છતા એકમાત્ર નિર્ધાર**



## સેવા સેતુ કાર્યક્રમ

તા. ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ મળી રહે,**
**તે માટે તમામ ગામો-શહેરોમાં કાર્યક્રમો**

**સેવા સેતુ કાર્યક્રમમાં** વિવિધ વિભાગોની
**૫૫ સેવાઓ** પૂરી પાડવામાં આવશે

**જનતા-સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ**



વડાપ્રધાનશ્રીનો સંકલ્પ
"एक पेड़ माँ के नाम"
જન–જન સુધી પહોંચશે

**માનનીય મુખ્યમંત્રી**
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ઉપસ્થિતિમાં
ગાંધીનગર ખાતેથી
ખાસ ઝુંબેશનો
પ્રારંભ

